દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 22 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ સુદ- ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 January 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૨૬ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ ધર્મતેજ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ધર્મેન્દ્રને પદ્મવિભૂષણ, ઉદય કોટકને પદ્મભૂષણ

## અલકા યાજ્ઞિક, અરવિંદ વૈદ્ય, ધાર્મિકલાલ પંડ્યા, સતીશ શાહ, મીર હાજીભાઈ કાસમભાઈ, નીલેશ માંડલેવાલા, રતિલાલ બોરીસાગરનું પદ્મ પુરસ્કારથી સન્માન


સ્વ. ધર્મેન્દ્ર - પદ્મવિભૂષણ


અલકા યાજ્ઞિક - પદ્મભૂષણ


ઉદય કોટક - પદ્મભૂષણ


સ્વ. સતીશ શાહ - પદ્મશ્રી


રોહિત શર્મા - પદ્મશ્રી


અરવિંદ વૈદ્ય - પદ્મશ્રી

નવી દિલ્હી : કેન્દ્રના ગૃહ મંત્રાલયે પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ જાહેર કરેલા પદ્મઅવૉર્ડ વિજેતાઓના નામમાં અભિનેતા ધર્મેન્દ્ર સહિત પાંચ હસ્તીને પદ્મવિભૂષણ, ગાયિકા અલકા યાજ્ઞિક, બૅન્કર ઉદય કોટક, આર્ટ માટે પીયૂષ પાણ્ડેય સહિત ૧૩ જણને પદ્મભૂષણ. ગુજરાતના અરવિંદ વૈદ્ય, ધાર્મિકલાલ ચુનીલાલ પંડ્યા, મીર હાજીભાઈ કાસમભાઈ, નીલેશ વિનોદચંદ્ર માંડલેવાલા, રતિલાલ બોરીસાગર, અભિનેતા સતીશ શાહ, ક્રિકેટર રોહિત શર્મા સહિત ૧૧૩ને પદ્મશ્રીનો સમાવેશ થાય છે.


સરકારે ૨૦૨૬ના વર્ષના ૧૩૧ પદ્મ અવૉર્ડની જાહેરાત કરી હતી. આમાં પાંચ પદ્મવિભૂષણ, ૧૩ પદ્મભૂષણ અને ૧૧૩ પદ્મશ્રીનો સમાવેશ થાય છે. કેરળના મુખ્ય પ્રધાન વી. એસ. અચ્યુતાનંદન અને એક્ટર ધર્મેન્દ્ર (મરણોત્તર) પદ્મવિભૂષણ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ કેટેગરીમાં કે. ટી. થોમસ (જાહેર બાબત), એન. રાજમ (કળા) અને પી. નારાયણનને પણ આ સમ્માન મળ્યું હતું.

એડ ગુરુ પીયૂષ પાંડે, ઝારખંડ મુક્તિ મોરચાના સંસ્થાપક શિબુ સોરેન (મરણોત્તર), ભાજપના નેતા વી. કે. મલ્હોત્રા (મરણોત્તર), મહારાષ્ટ્રના ઉદય કોટકને પદ્મ ભૂષણ અપાયા હતા. ટેનિસના દંતકથારૂપ ખેલાડી વિજય અમૃતરાજને પણ પદ્મ ભૂષણ અવૉર્ડ આપવામાં આવ્યો હતો. ક્રિકેટર રોહિત શર્મા, હૉકી ખેલાડી સવિતા પુનિયાને પદ્મશ્રી આપવાની જાહેરાત કરાઈ હતી.

જેએનયુના વાઈસ ચાન્સેલર એમ. જગદીશ કુમાર અને પ્રસાર ભારતીના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર શશીશેખર વેમ્પાતીને પદ્મશ્રી અવૉર્ડ મળ્યા હતા. ગુજરાતના અરવિંદ વૈદ્ય (કળા), મીર હાજીભાઈ કાસમભાઈ અને નીલેશ વિનોદચંદ્ર માંડલેવાલા અને રતિલાલ બોરીસાગર તથા મહારાષ્ટ્રના અશોક ખડે, જનાર્દન બાપુરાવ બોથે, જુઝેર વસી, માધવન રંગનાથન, સતીશ શાહ (મરણોત્તર) અને સત્યનારાયણ નુવાલને પદ્મશ્રી અવૉર્ડ આપવામાં આવ્યા હતા.

પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ ૪૫ અવૉર્ડ વિજેતાના નામની જાહેરાત કરાઈ હતી, એમાં ત્રણ ગુજરાતી જૂનાગઢના મીર હાજી કાસમ (હાજી રમકડું ઢોલકવાદક, કળા), વડોદરાના ધાર્મિકલાલ પંડ્યા (માણભટ્ટ પરંપરા, કળા) અને સુરતના નીલેશ માંડલેવાલા (અંગદાન ક્ષેત્ર, સામાજિક કાર્ય)નો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના મોહન નાગર, અર્મિદા ફર્નાન્ડીઝ, રઘુવીર

(જુઓ પાનું ૨) ▶▶


રતિલાલ બોરીસાગર - પદ્મશ્રી


મીર હાજીભાઈ કાસમભાઈ - પદ્મશ્રી

## દુનિયામાં અસ્થિરતા છતાં ભારત સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઃ રાષ્ટ્રપતિ

નવી દિલ્હીઃ ૭૭મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ દેશને સંબોધન કર્યું હતું. પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવતા તેમણે કહ્યું હતું કે આ ઉજવણી દેશવાસીઓમાં રાષ્ટ્રીય એકતા અને ગૌરવની ભાવનાને મજબૂત બનાવે છે. રાષ્ટ્રપતિ મુર્મૂએ કહ્યું હતું કે આ વર્ષે પ્રજાસત્તાક દિવસની સાથે વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ પણ ઉજવવામાં આવી રહી છે. પ્રજાસત્તાક દિવસનો આ પવિત્ર દિવસ આપણને દેશના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યને પ્રતિબિંબિત કરવાની અને સમજવાની તક આપે છે. સમય સાથે આપણા દેશની સ્થિતિ બદલાઈ ગઈ છે. ભારત સ્વતંત્ર થયું અને આપણે પોતે જ આપણા દેશનું ભવિષ્ય નક્કી કરનારા બન્યા.

અનેક ખંડોમાં વધી રહેલા ભૂ-રાજકીય તણાવ વચ્ચે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રવિવારે કહ્યું હતું કે ભારત વિશ્વમાં શાંતિનો સંદેશ ફેલાવી રહ્યું છે જે માનવતાના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે ખૂબ જરૂરી છે. તેમણે ઓપરેશન સિંદૂર અને મહિલા સશક્તીકરણ સહિતના વિવિધ મુદ્દાઓ પર વાત કરી અને વંદે માતરમ્ અને દેશની વધતી જતી અર્થવ્યવસ્થાના વિષયો પર પણ વાત કરી હતી. રાષ્ટ્રપતિ મુર્મૂએ સાર્વભૌમિક સદભાવ પ્રત્યે પ્રાચીન સભ્યતાની પ્રતિબદ્ધતાને

(જુઓ પાનું ૨) ▶▶

### ‘મતદાન કરતી વખતે સમજદારીનો ઉપયોગ કરો’

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રવિવારે નવી દિલ્હીમાં આયોજિત ૧૬મા રાષ્ટ્રીય મતદાતા દિવસ સમારોહને સંબોધિત કર્યો હતો. દરમિયાન રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે આપણી લોકશાહીની તાકાત ફક્ત મતદારોની વિશાળ સંખ્યામાં જ નથી પરંતુ લોકશાહી ભાવનાના ઊંડાણમાં પણ રહેલી છે. એટલે સુધી કે સૌથી વૃદ્ધ મતદારો, દિવ્યાંગ મતદાતા અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકો પણ તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરે છે.

તેમણે જાગૃત મતદારો અને ચૂંટણી પંચના નેતૃત્વમાં ચૂંટણી પ્રક્રિયામાં સામેલ તમામ લોકોની પ્રશંસા કરી હતી જેમણે તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરવાના આવા પ્રેરણાદાયી ઉદાહરણો સ્થાપિત કર્યા હતા. રાષ્ટ્રપતિ મુર્મૂએ કહ્યું હતું કે જનભાગીદારી લોકશાહીની ભાવનાને પાયાના સ્તરે વ્યવહારમાં પરિવર્તિત કરે છે. ચૂંટણી પંચે કોઈ પણ મતદાતા પાછળ ન રહે તે સુનિશ્ચિત કરવા માટે અનેક પ્રયાસો કર્યા છે. મતદાતા જાગૃતિ વધારવા માટે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષની થીમ

(જુઓ પાનું ૨) ▶▶

### મુંબઈ સમાચાર

મુંબઈ સમાચારની ઑફિસ તા. ૨૬.૦૧.૨૦૨૬, સોમવારે પ્રજાસત્તાક દિન નિમિત્તે સંપૂર્ણ બંધ રહેવાની હોવાથી તા. ૨૭.૦૧.૨૦૨૬નું અખબાર પ્રસિદ્ધ નહિ થાય, તેની વાચકો અને અન્ય લોકોએ નોંધ લેવી.

–વ્યવસ્થાપક

## ભારતમાં ફેબ્રુઆરીનું સૂર્યગ્રહણ નહિ દેખાય

નવી દિલ્હીઃ સૂર્યગ્રહણને ખગોળીય અને ધાર્મિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. વર્ષ ૨૦૨૬નું પહેલું સૂર્યગ્રહણ ૧૭ ફેબ્રુઆરીને મંગળવારના રોજ દેખાશે. આ ગ્રહણ વલયાકાર સૂર્યગ્રહણ હશે. જેને સામાન્ય રીતે ‘રિંગ ઓફ ફાયર’ તરીકે ઓળખવામાં આવે છે. આ વલયાકાર સૂર્યગ્રહણ ભારતમાં જોવા મળશે નહીં. એટલે કે દેશના લોકો આ વખતે રિંગ ઓફ ફાયરનો પ્રત્યક્ષ નજારો જોઇ

(જુઓ પાનું ૨) ▶▶

## પરેડમાં સંસ્કૃતિ, શક્તિ અને ટૅકનોલૉજીનો જોવા મળશે સંગમ

નવી દિલ્હીઃ આજે ભારત પોતાનો ૭૭મો પ્રજાસત્તાક દિવસ ઉજવી રહ્યો છે. રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રજાસત્તાક દિવસની પરેડમાં અન્ય ઘણા અનોખા કાર્યક્રમો પણ યોજાશે. ભારત પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં તેની વિકાસ યાત્રા, સાંસ્કૃતિક વિવિધતા અને લશ્કરી શક્તિનું પ્રદર્શન કરશે, જેમાં નવા બનેલા યુનિટ્સ અને ઓપરેશન સિંદૂર દરમિયાન તૈનાત કરવામાં આવેલા શસ્ત્રોનું પણ પ્રદર્શન કરવામાં આવશે. યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન રાષ્ટ્રીય રાજધાનીમાં આયોજિત કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો હશે.

કર્તવ્ય પથ પર આયોજિત કાર્યક્રમની મુખ્ય થીમ ‘વંદે માતરમ’ ના ૧૫૦ વર્ષ હશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આ સમારોહનું નેતૃત્વ કરશે જે ૧૦:૩૦ વાગ્યે શરૂ થશે અને લગભગ ૯૦ મિનિટ સુધી ચાલશે. તેની શરૂઆતમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકની મુલાકાત લેશે, જ્યાં તેઓ શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરાશે. મુર્મૂ અને મુખ્ય મહેમાનો ‘પરંપરાગત બગ્ગી’માં સમારોહ સ્થળ પર પહોંચશે. લગભગ ૧૦૦ સાંસ્કૃતિક કલાકો ‘વિવિધતા મેં એકતા’ થીમ પર પરેડમાં સામેલ થશે.

૧૨૯ હેલિકૉપ્ટરના યુનિટના ચાર એમઆઈ-૧૭ ૧વી હેલિકૉપ્ટર ધ્વજ ફોર્મેશનમાં ફૂલોનો વરસાદ કરશે. ત્યારબાદ પરેડની શરૂઆત રાષ્ટ્રપતિ મુર્મૂ દ્વારા સલામી લેવાથી થશે. પરેડને પરેડ કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ ભવનીશ કુમાર, જનરલ ઓફિસર કમાન્ડિંગ, દિલ્હી એરિયા, સેકન્ડ જનરેશન ઓફિસર લીડ કરશે.

(જુઓ પાનું ૨) ▶▶



**સુરક્ષા :** પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ નવી દિલ્હીના ઈન્ડિયા ગેટની નજીક કર્તવ્ય પથમાં તહેનાત સુરક્ષા ચોકિયાતો (પીટીઆઈ)

## ૯૮૨ સુરક્ષાકર્મીને શૌર્ય અને સેવા ચંદ્રક એનાયત

નવી દિલ્હીઃ આજે ૭૭મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે દેશના ૯૮૨ સુરક્ષાકર્મીઓને શૌર્ય અને વિશિષ્ટ સેવા ચંદ્રકથી સન્માનિત કરવામાં આવશે. ભારત સરકારે ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પોલીસ, ફાયર બ્રિગેડ, હોમગાર્ડ, સિવિલ ડિફેન્સ અને સુધારાત્મક સેવાઓના કુલ ૯૮૨ કર્મચારીઓને શૌર્ય અને સેવા ચંદ્રક એનાયત કરવાની જાહેરાત કરી છે.

આ વર્ષે ૧૨૫ શૌર્ય ચંદ્રક એનાયત કરવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ ૪૫ પદક જમ્મુ-કાશ્મીર પ્રદેશમાં બહાદુરીનું પ્રદર્શન કરનારા જવાનોને મળ્યા છે. ઉપરાંત ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત વિસ્તારોના ૩૫ સુરક્ષાકર્મીઓ, ઉત્તર-પૂર્વના પાંચ સુરક્ષાકર્મીઓ અને અન્ય પ્રદેશોના ૪૦ સુરક્ષાકર્મીઓને પણ તેમની બહાદુરી માટે શૌર્ય ચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા છે.

કુલ ૧૨૫ શૌર્ય ચંદ્રક(જીએમ)માંથી ૧૨૧ પોલીસ કર્મચારીઓ અને ચાર ફાયર સર્વિસ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા છે. પ્રતિષ્ઠિત સેવા માટેના ૧૦૧ રાષ્ટ્રપતિ ચંદ્રક(પીએસએમ)માંથી ૮૯ પોલીસ, પાંચ ફાયર સર્વિસ, ત્રણ સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ તથા ચાર સુધારાત્મક સેવા કર્મચારીઓને એનાયત કરવામાં આવ્યા છે.

તેમ જ ૭૫૬ મેરીટોરીયસ સર્વિસ મેડલ(એમએસએમ)માંથી મોટાભાગના પોલીસ સેવાને આપવામાં આવ્યા છે. કુલ

(જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતના એક ગામના બધા લોકો ૧૫ વર્ષથી સાથે જમે છેઃ મોદી

### ‘મન કી બાત’: વડા પ્રધાને મહેસાણાના ગામનો કર્યો ઉલ્લેખ, ચાંદણકીના સામૂહિક રસોડાની કરી પ્રશંસા

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ‘મન કી બાત’ના ૧૩૦માં એપિસોડમાં મહેસાણાના બહુચરાજીના ચાંદણકી ગામના સામૂહિક રસોડાની પરંપરાની પ્રશંસા કરી હતી. આ ગામમાં છેલ્લાં ૧૫ વર્ષથી તમામ લોકો માટે એક સાથે રસોઈ બનાવવામાં આવે છે અને બધા ભેગા મળીને જમે છે. તેમણે સમજાવ્યું કે આ એક એવું ગામ છે જ્યાં કોઈ પોતાના ઘરે ભોજન બનાવતું નથી. તેના બદલે દરેકનું ભોજન ગામના સામૂહિક રસોડામાં તૈયાર કરવામાં આવે છે અને દરેક સાથે જમે છે.

રાષ્ટ્રને સંબોધતા વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે ભારતના દરેક ભાગમાં આપણને કંઈક અનોખું અને અદ્‌ભુત જોવા મળે છે. તે આપણી સાચી શક્તિ અને આપણા સમાજનો સાચો સાર છે. તે આપણી એકતા, સહકાર અને પરંપરાઓ વિશે સત્ય ઉજાગર કરે છે. પીએમ મોદીએ કહ્યું હતું કે ચાંદણકી ગામમાં ખાસ કરીને વૃદ્ધો પોતાના ઘરમાં રસોઈ બનાવતા નથી. તે વિચિત્ર લાગે છે, પરંતુ તેનું કારણ ગામનું સામૂહિક રસોડું છે. આ રસોડામાં આખા ગામ માટે ભોજન તૈયાર કરવામાં આવે છે અને લોકો સાથે બેસીને જમે છે. આ ફક્ત ખાવાની જગ્યા નથી, પરંતુ લોકોને જોડવાનો અને સમુદાયની ભાવનાને મજબૂત કરવાનો એક માર્ગ છે. તેમણે કહ્યું કે આ પરંપરા છેલ્લાં ૧૫ વર્ષથી ચાલી રહી છે. અહીં બધા લોકો સાથે મળીને ભોજન બનાવે છે અને સાથે મળીને જમે છે. વડા પ્રધાન નરેન્દ્ર

(જુઓ પાનું ૨) ▶▶

## હૈદરાબાદની ઈમારતમાં આગ : પાંચનાં મોત

### મકાનમાં આગ લાગતા બે બાળક અને એક વૃદ્ધા સહિત પાંચ જણના ગૂંગળામણ થતા મરણ થયાં હતાં

હૈદરાબાદ : હૈદરાબાદના નામપલ્લીના ફર્નિચર દુકાન ધરાવતા ચાર માળના મકાનમાં આગ લાગતા બે બાળક અને એક વૃદ્ધા સહિત પાંચ જણના ગૂંગળામણ થતા મરણ થયાં હતાં, એવી માહિતી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓએ કહ્યું હતું કે શનિવારે મકાનમાં ભીષણ આગ લાગી હતી અને ભોંયતળિયે ફસાયેલા પાંચ જણને બચાવવા કામગીરી શરૂ કરવામાં આવી હતી.

પોલીસના સિનિયર અધિકારીએ કહ્યું હતું કે અમને માહિતી મળી હતી કે પાંચ જણ લાપતા છે. રવિવારે મકાનનાં ભોંયરામાં અમને બે બાળક અને એક વૃદ્ધા સહિત પાંચ જણના મૃતદેહો મળ્યા છે.

બીજા બે પુરુષ તેમની ત્રીસીમાં છે. આ બે મૃતકો હૈદરાબાદના હતા અને મકાનમાં કામ કરતા હતા. બે બાળક અને વૃદ્ધાને બચાવવા બે કામદારોને ભોંયરામાં મોકલવામાં આવ્યા હતા. જોકે જ્વાળા એટલી મોટી હતી કે આ બે પાછા આવી જ શક્યા નહીં. બે બાળકો સાત અને અગિયાર વર્ષનાં હતાં અને સુરક્ષા ચોકિયાતના સંતાન હતા.

ચોકીદારનું કુટુંબ ભોંયરામાં રહેતું હતું. ચોકીયાત નાલગોન્ડા જિલ્લાનો હતો. મૃતકમાં ૬૦ વર્ષની વૃદ્ધા કર્ણાટકની હતી અને ઝાડું વાળવાનું કામ કરતી હતી. (એજન્સી)■

## બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની હત્યા

ઢાકાઃ બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યાનો સિલસિલો ચાલુ છે. નારસિંગડીમાં ૨૩ વર્ષીય હિન્દુ યુવકને જીવતો સળગાવી દેવામાં આવ્યો હોવાના સનસનીખેજ સમાચાર સામે આવ્યા છે. આ હતભાગીની ઓળખ ચંચલ ચંદ્ર ભૌમિક તરીકે કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ચંચલ ચંદ્ર ભૌમિક ગેરેજમાં કામ કરતો હતો. તે સૂતો હતો ત્યારે તેને ભરનિદ્રામાં જ સળગાવી દેવામાં આવ્યો હતો. આ ઘટના બાંગ્લાદેશમાં લઘુમતીઓ ખાસ કરીને હિન્દુઓ પર વધતા હુમલાઓની સાક્ષી પૂરે છે. આ ઘટના બાંગ્લાદેશની રાજધાની ઢાકાથી ૫૦ કિમી દૂર સ્થિત નારસિંગડીમાં

(જુઓ પાનું ૨) ▶▶

## હિમાચલના ૮૩૫ રસ્તા ભારે હિમવર્ષાને લીધે બંધ

શિમલા : ભારે હિમવર્ષાને પગલે રવિવારે હિમાચલ પ્રદેશમાં ત્રણ નેશનલ હાઈવે સહિત ૮૩૫ રોડ બંધ થઈ ગયા હતા. દરમિયાન હવામાન ખાતાએ આગાહી કરી હતી કે તાજા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને લીધે સોમવારે રાજ્યની ઊંચી ટેકરીમાં ભારે હિમવર્ષા થશે. સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર લાહોલ અને સ્પીતિ જિલ્લામાં નેશનલ હાઈવે ૩ (લેહ-મનાલી) અને નેશનલ હાઈવે ૫૦૫ (કાઝા-ગ્રેમ્ફુ) સહિત ૨૮૨ રોડમાં વ્યવહાર બંધ થઈ ગયો હતો.

શિમલામાં ૨૩૪ રોડ, મંડીમાં ૧૧૦, ચંબામાં ૭૮, (સૈજ-લુહરી-ઓટ) કુલુમાં એનએચ ૩૦૫ સહિત ૬૫ રોડ, સિરમોરમાં ૪૧, કિન્નોરમાં ૧૮, કંગરામાં ચાર અને ઉનામાં ત્રણ રોડ બંધ થયા હતા. રાજ્યમાં ૧,૯૪૨ ટ્રાન્સફોર્મર ખોરવાઈ ગયા હતા. (એજન્સી)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બાંગ્લાદેશ ટી-૨૦ વર્લ્ડ કપમાં ના રમે તેનાથી શો ફરક પડે?

**ભારતમાં** આવતા મહિનાથી શરૂ થતા ટી-૨૦ વર્લ્ડ કપમાં રમવા મુદ્દે ત્રાગાં કરી રહેલા બાંગ્લાદેશને અંતે આઉટ કરી દેવાયું અને તેના સ્થાને સ્કોટલેન્ડને રમાડવાનો નિર્ણય ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ લઈ લીધો. ભારતમાં પોતાના ક્રિકેટરોના જીવને જોખમ છે એવો ફાલતુ દાવો કરીને બાંગ્લાદેશની મેચો શ્રીલંકામાં રમાડવા માટે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ લાંબા સમયથી ત્રાગાં કરતું હતું પણ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ તેની વાત કાને નહોતી ધરી. અકળાયેલા બાંગ્લાદેશે પોતાની ક્રિકેટ ટીમને ભારત મોકલવાની ઘસીને ના પાડી દીધી હતી અને ભારતનું નાક દબાવવા કોશિશ કરી હતી પણ ભારતે મચક ના આપી તેથી મામલો ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)માં ગયેલો.

બાંગ્લાદેશે દલીલ કરી હતી કે ભારતમાં તેના ખેલાડીઓની સલામતી સામે જોખમ છે પણ આઈસીસીએ ભારતમાં સિક્યુરિટી અંગે જે રિપોર્ટ આપ્યો તેમાં આ વાતને બકવાસ ગણાવી છે. બાંગ્લાદેશના ખેલાડીઓ પર હુમલાના સંભવિત ખતરાને નકારી કાઢીને આઈસીસીએ સાફ શબ્દોમાં કહી દીધેલું કે, ટી ૨૦ વર્લ્ડકપમાં ભાગ લેવો હોય તો બાંગ્લાદેશે ભારતમાં જ મેચ રમવી પડશે અને બાંગ્લાદેશ ભારતમાં રમવા તૈયાર ના હોય તો તેને વર્લ્ડ કપમાંથી હટાવી દેવામાં આવશે.બાંગ્લાદેશ મમતે ચડેલું અને ટી ૨૦ વર્લ્ડકપમાંથી હટવા પણ તૈયાર નહોતું ને ભારતમાં રમવા પણ તૈયાર નહોતું તેથી છેવટે આઈસીસીમાં મતદાન કરવાનું પડ્યું. આ મતદાનમાં માત્ર પાકિસ્તાન બાંગ્લાદેશની પડખે રહ્યું જ્યારે બાકીના ૧૪ દેશ ભારતની સાથે રહેતાં બાંગ્લાદેશ હારી ગયું. હવે આઈસીસીએ બાંગ્લાદેશને સ્થાને સ્કોટલેન્ડને રમાડવાનું પણ નક્કી કરી નાખતાં બાંગ્લાદેશ સાવ લટકી ગયું છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ આઈસીસીને પોતાના નિર્ણય અંગે પુનર્વિચાર કરવાની અપીલ કરવાનું છે પણ એવો કોઈ પુનર્વિચાર થાય એવી કોઈ જ શક્યતા નથી. આઈસીસીએ સ્કોટલેન્ડનો ગ્રુપ સીમાં સમાવેશ કરી દીધો છે. ગ્રુપ સીમાં ઈંગ્લેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ, નેપાળ અને ઇટાલી એ બાકીની ચાર ટીમો છે. આ ટીમો સામે સ્કોટલેન્ડની મેચો ક્યારે રમાશે તેનો કાર્યક્રમ પણ નક્કી કરી દેવાયો છે તેથી બાંગ્લાદેશ હવે વાતને વાળવા ગમે તે કરે પણ મેળ પડવાનો નથી. આઈસીસીએ મેચ શિફ્ટ કરવાની અરજી સ્પષ્ટ રીતે નકારી કાઢી ત્યારે જ બાંગ્લાદેશે સમજી જવાની જરૂર હતી પણ વટે ચડેલા બાંગ્લાદેશના કારભારીઓ ના સમજ્યા તેમાં હવે સાવ રમ્યા વિનાના રહેશે.

આઈસીસીએ લીધેલું વલણ એકદમ યોગ્ય છે કેમ કે ભારતમાં ખરેખર કોઈને ખતરો નથી. ટી૨૦ વર્લ્ડકપમાં કુલ ૨૦ ટીમો ભાગ લેવાની છે અને દુનિયાની બાકીની ટીમોને ભારતમાં ખતરો લાગતો નથી ત્યારે બાંગ્લાદેશને ખતરો લાગે એ નાટક જ કહેવાય. વર્લ્ડ કપમાં ભાગ લેનારી ટીમોમાંથી માત્ર પાકિસ્તાનની ટીમ ભારતમાં રમવાની નથી પણ પાકિસ્તાનની વાત અલગ છે. પાકિસ્તાનની ટીમને ભારતમાં ખતરો છે એટલે ભારતમાં નથી રમાડતા એવું નથી પણ પાકિસ્તાન સામે ભારતમાં આક્રોશ છે તેથી પાકિસ્તાનીઓને ભારત સરકાર જ ભારતની ધરતી પર પગ મૂકવા નથી દેવા માગતી.

ભારતનો પાકિસ્તાન સામે વાંધો સૈદ્ધાંતિક છે. પાકિસ્તાન ભારતને આતંકવાદને પોષીને બરબાદ કરવા માગે છે તેથી ભારતને પાકિસ્તાન દીઠું ના ગમે તેમાં કશું ખોટું નથી. આ કારણે જ ભારત પાકિસ્તાનની ધરતી પર નથી રમતું ને પાકિસ્તાનને ભારતની ધરતી પર રમવાની મંજૂરી નથી આપતું. ટી ૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાન અને ભારતની લીગ મેચ કોલંબોમાં રમાવાની છે. સુપર એઈટમાં ભારત અને પાકિસ્તાનની ટક્કર થાય તો એ મેચ પણ શ્રીલંકામાં જ રમાશે અને સેમિ ફાઈનલ કે ફાઈલમાં ભારતની પાકિસ્તાન સામે ટક્કર થાય તો એ મેચ પણ ભારતની બહાર જ રમાવાની છે.

બાંગ્લાદેશને એમ હતું કે, પોતાને પણ પાકિસ્તાન જેવો ખાસ દરજ્જો મળે ને પોતાની મેચો પણ ભારતની બહાર ખસેડાય. બાંગ્લાદેશમાં ફેબ્રુઆરીમાં ચૂંટણી છે ને આ ચૂંટણીમાં ભારત વિરોધી પ્રચાર ચરમસીમા પર છે. બાંગ્લાદેશના કટ્ટરવાદીઓ પોતાને ભારતના જાની દુશ્મન સાબિત કરીને સત્તા મેળવવા માગે છે તેથી ભારતમાં રમવા નથી માગતા. સીધેસીધી આ વાત કહેવાય નહીં તેથી તેમણે ખેલાડીઓને ખતરો હોવાનું નાટક કર્યું. મજાની વાત એ છે કે, બાંગ્લાદેશના ક્રિકેટરોને પોતે ભારતમાં સલામત નથી એવું નહોતું લાગતું તેથી કેટલાક ક્રિકેટરોએ બગાવત પણ કરી નાખેલી.

સત્તા સામે શાણપણ નકામું હોય છે તેથી તેમની બગાવતનું કોઈ ફળ ના મળ્યું એ અલગ વાત છે પણ સામે ભારતે પણ મચક ના આપી. ભારતનું વલણ યોગ્ય જ છે. બાંગ્લાદેશ નાટકો કરીને ભારતની આબરૂનો ફજેતો કરવા મથે, ભારત સુરક્ષિત નથી એવું આખી દુનિયાને બતાવવા માગે એ ભારત સરકાર ના જ ચલાવે તેથી ભારતે બાંગ્લાદેશની વાતોને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખી. બાંગ્લાદેશની સરકારે મોટા ઉપાડે ભારતમાં ન રમવાની જાહેરાત કરી નાખેલી તેથી થૂંકેલું ચાટી શકાય તેમ નહોતું એટલે છેવટે બહાર થઈ ગયા.

બાંગ્લાદેશે એવો દાવો કર્યો છે કે, પોતાની ટીમ આઈસીસીમાં નહીં રમે તેથી વર્લ્ડકપનો ચાર્મ ઘટી જશે. આઈસીસી બાંગ્લાદેશના ૨૦ કરોડ ક્રિકેટ પ્રેમીઓને વર્લ્ડ કપથી દૂર કરીને ક્રિકેટની લોકપ્રિયતા ઘટાડવામાં ફાળો આપી રહી છે. બાંગ્લાદેશની વાત હાસ્યાસ્પદ છે. કૂતરું ગાડા નીચે ચાલતું હોય ને તેને લાગે કે પોતે ગાડાનો બોજ વહન કરીને ચાલી રહ્યું છે એવી આ માનસિકતા છે. બાંગ્લાદેશ ક્રિકેટ વિશ્વમાં ટૂણિયાટ દેશ છે અને એ રમે કે ના રમે, કોઈને કશો ફરક પડતો નથી. અત્યારે પાકિસ્તાન ક્રિકેટ ટીમની હાલત જોતાં તો પાકિસ્તાન ના રમે તો પણ કોઈ ફરક ના પડે તો બાંગ્લાદેશથી તો શો ફરક પડવાનો ? ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, ન્યુઝીલેન્ડ ના રમે તો વર્લ્ડ કપની રોમાંચકતા ઓછી થાય, બાકી બીજા દેશો હોય કે ના હોય ક્રિકેટ ચાહકોને કંઈ પડી નથી. આ દેશોનાં બજાર એવાં મોટાં નથી કે જેમાં મોટી કંપનીઓને રસ હોય તેથી આવકની રીતે પણ કશો ફરક ના પડે.

ભારતમાં રમવાનો ઈન્કાર બાંગ્લાદેશ માટે આત્મઘાતી પગલું સાબિત થવાનું છે. પાકિસ્તાન આ રીતે જ ભારતનો વિરોધ કરવામાં ને કરવામાં પતી ગયું. બાકી એક સમયે પાકિસ્તાનનો વિશ્વ ક્રિકટમાં દબદબો હતો ને ભારત-પાકિસ્તાનની ક્રિકેટ મેચ હોય ત્યારે વોર ચાલતી હોય એવો સ્ફોટક માહોલ થઈ જતો. પાકિસ્તાને ભારતમાં આતંકવાદ પોષીને ક્રિકેટ સંબંધો બગાડ્યા તેના કારણે બીજા દેશો પણ પાકિસ્તાનથી દૂર ભાગવા માંડ્યા ને પાકિસ્તાનના ક્રિકેટરો પણ પાકિસ્તાન છોડીને ઈંગ્લેન્ડ સહિતના દેશોમાં વસી ગયા તેમાં પાકિસ્તાનના ક્રિકેટનું ધનોતપનોત નીકળી ગયું. બાંગ્લાદેશ પણ એ જ રસ્તે જઈ રહ્યું છે એ જોતાં બે વર્ષ પછી બાંગલાદેશનું નામ પણ વિશ્વ ક્રિકેટના નકશામાંથી ભૂંસાઈ જાય તો નવાઈ નહીં લાગે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ,
સોમવાર, તા. ૨૬-૧-૨૦૨૬, ગણરાજ્યદિન,
ભીષ્માષ્ટમી, ખોડિયાર માં જયંતી

- ભારતીય દિનાંક ૬, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૮મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર અશ્વિની બપોરે ક. ૧૨-૩૨ સુધી, પછી ભરણી
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૧, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ઙ
- ભરતીઃ સાંજે ક. ૧૭-૩૭, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૭ (તા. ૨૭)
- ઓટઃ સવારે ક. ૧૧-૦૦, રાત્રે ક. ૨૩-૧૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી, ભીષ્માષ્ટમી, ખોડિયાર માં જયંતી, ગણરાજ્ય દિન, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૦-૧૬,
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, બ્રહ્માજીનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, કેતુ ગ્રહદેવતાનું પૂજન, સપ્તસતી પાઠ વાંચન, પૂજા, હવન, પરદેશનું પસ્તાનું, પ્રયાણ શુભ, વિદ્યારંભ, હજામત, નવા વાસણ, વાહન, યંત્રારંભ, દસ્તાવેજ, દુકાન-વેપાર, માલ લેવો, બી વાવવું, ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ ડામોડોળ સ્થિતિ બની રહે. ચંદ્ર-બુધ ચતુષ્કોણ જૂઠ્ઠું બોલવાની આદત, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ નુકસાનમાં ઊતરવું પડે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર
- ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર, માર્ગી બુધ-મકર (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત), માર્ગી શનિ, મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ,
મંગળવાર, તા. ૨૭-૧-૨૦૨૬, શ્રી હરિ જયંતી

- ભારતીય દિનાંક ૭,માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૯મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર ભરણી બપોરે ક. ૧૧-૦૮ સુધી, પછી કૃત્તિકા
- ચંદ્ર મેષમાં સાંજે ક. ૧૬-૪૪ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :ઙ
- ભરતીઃ રાત્રે ક. ૧૯-૦૪, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૧૪ (તા. ૨૮)
- ઓટઃ બપોરે ક. ૧૨-૦૬, મધ્યરાત્રિ પછી ક. ૦૦-૪૮ (તા. ૨૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ શુક્લ - નવમી. શ્રી હરિ જયંતી
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, સ્વામીનારાયણ મંદિરોમાં શ્રી હરિજયંતી ઉત્સવ, યમદેવતાનું પૂજન, આમલીનું વૃક્ષ વાવવું, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું.
- આચમનઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ પ્રમાણિક, ચંદ્ર-હર્ષલ યુતિ ચસ્કેલું મન
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ, ચંદ્ર-હર્ષલ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર, માર્ગી બુધ-મકર (બુધ અસ્ત), વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત), માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### ધર્મેન્દ્રને

તુકારામ ખેડકર અને ભીખલ્યા લડકયા ઢિંડાને પણ આ ગૌરવ મળ્યું છે. આ અવૉર્ડ વિજેતામાં ઘણા એવા નાયકોનો સમાવેશ થાય છે જેમણે ઉમદા કાર્ય કર્યું હોવા છતાં તેમની કદી કીર્તિ કે પ્રશંસા મળી નથી. આવો હીરો છે- ભૂતપૂર્વ બસ કન્ડકટર અંકે ગોવડા જેમણે વિશ્વની સૌથી મોટી અને વિનામૂલ્યે સેવા આપતી લાઈબ્રેરી વિકસાવી, બાળકોનાં નિષ્ણાત ડૉક્ટર જેમણે એશિયાની પહેલી માનવ દૂધની બૅન્ક ખોલી અને સંગીતના સાધન વગાડનાર ૯૦ વર્ષના પીઢનો સમાવેશ થાય છે.

અંકે ગોવડા એક સમયે બસ કન્ડકટર હતા જેમણે વિશ્વની સૌથી મોટી વિનામૂલ્યે સેવા આપતી લાઈબ્રેરી 'પુસ્તક માને' વિકસાવી હતી. તેમની પાસે વિરલ હસ્તલિખિત પ્રત સાથે ૨૦ ભાષાના ૨૦ લાખ પુસ્તકો છે. કર્ણાટકના મૈસુર જિલ્લાના હરાલહલી ગામમાં ૭૫ વર્ષના ગ્રંથપ્રેમીને પણ પદ્મશ્રી આપવામાં આવ્યો છે. તેમણે ભારતના વિદ્યાર્થી અને શિખાઉ લોકોને શક્તિ આપવા અજોડ પ્રયાસ કર્યો હતો. તેમની સાથે મુંબઈ સ્થિત બાળકોનાં નિષ્ણાત અર્મિદા ફર્નાન્ડીઝ પણ છે જેમણે એશિયાની પ્રથમ માનવ દૂધ બૅન્ક સ્થાપી છે. આને લીધે નવજાત શિશુનો બચવાનો દર વધ્યો હતો. આમાં મધ્ય પ્રદેશના બુંદેલી વૉર આર્ટ ટ્રેનર ભગવાનદાસ રાયકવારએ પણ સ્થાન મેળવ્યું છે. આમાં ૯૦ વર્ષના આદિવાસી તરપા વાદક ભીખળયા લડકયા ઢિંડાનો પણ સમાવેશ થાય છે. છેલ્લે સમાજસેવાની શ્રેણીમાં જમ્મુ અને કાશ્મીરના ચુનંદા સમાજસેવક બ્રજલાલ ભટ્ટનો સમાવેશ થાય છે. સૂત્રોએ કહ્યું હતું કે આ વખતના પદ્મક્ષી વિજેતાઓમાં સામાન્ય ભારતીયો જેમણે અસામાન્ય યોગદાન આપ્યું છે તેમને સ્થાન અપાયું છે. આ વિજેતાઓમાં દેશી વારસાને જાળવનાર અને સરહદી રાજ્યોમાં આદિવાસી ભાષાને પ્રોત્સાહન આપનાર, રાષ્ટ્રીય એકતાને ઉત્તેજન આપનારનો સમાવેશ થાય છે. આ નાયકોએ મૌન રહીને રોજિંદુ જીવન સુધાર્યું છે. આ યાદીમાં બુદરી તાતીનો સમાવેશ થાય છે જેમણે છત્તીસગઢના નક્સલવાદ અસરગ્રસ્ત એરિયામાં સ્કૂલો ખોલી હતી.

કેન્દ્ર સરકારે પદ્મ પુરસ્કાર ૨૦૨૬ની જાહેરાત કરી છે. જેમાં ગુજરાતનાં મીર હાજીભાઈ કાસમભાઈને પદ્મશ્રી થી સન્માનિત કરવાની જાહેરાત કરાઈ છે. આ સિવાય સાહિત્ય, શિક્ષણ, સમાજસેવા, આરોગ્ય, કળા અને જનકલ્યાણ સાથે જોડાયેલા લોકોના નામ સામેલ છે. બ્રજલાલ ભટ્ટ, બુધરી તાતી, ભગવાનદાસ, ધાર્મિકલાલ પંડ્યા, ડૉ. શ્યામ સુંદર, ચરણ હેમ્બ્રમને પણ પદ્મ પુરસ્કારથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાતીઓને પદ્મ સન્માન

જૂનાગઢઃ મીર હાજી કાસમ, (હાજી રમકડું, ઢોલક વાદક)ઃ આર્ટ

વડોદરાઃ ધાર્મિકલાલ પંડ્યા (માણભટ્ટ પરંપરા)ઃ આર્ટ

સુરતઃ નીલેશ માંડલેવાલા(અંગદાન ક્ષેત્ર): સામાજિક કાર્ય

મીર હાજીભાઈ કાસમભાઈઃ પદ્મશ્રી

મીર હાજીભાઈ કાસમભાઈને કળા ક્ષેત્રે તેમના યોગદાન માટે તેમને પદ્મશ્રીથી સન્માનિત કરાશે. તેમને લોકો 'હાજી રમકડું'ના નામથી પણ બોલાવે છે. ભજન, સંતવાણી, ગઝલ અને કવ્વાલીમાં તેઓ પોતાની આગવી છટાથી ઢોલક વગાડવા માટે જાણીતા છે. તેમણે ગાયો માટે ત્રણ હજારથી વધુ પ્રોગ્રામમાં ઢોલક વગાડ્યું છે. તેમણે એક હજારથી વધુ સ્ટેજ પ્રોગ્રામ પણ કર્યા છે.

નીલેશ વિનોદચંદ્ર માંડલેવાલાઃ પદ્મશ્રી

સુરતના નીલેશ વિનોદચંદ્ર માંડલેવાલાને સામાજિક કાર્ય માટે પદ્મ શ્રી એવોર્ડનું સન્માન આપવામાં આવ્યું છે. તેઓ ગુજરાતમાં અંગદાનની પ્રવૃત્તિના પ્રણેતા તરીકે ઓળખાય છે અને ડોનેટ લાઈફ સંસ્થાના સ્થાપક છે. ■

### ભારતમાં

શકશે નહીં. જોકે આ ખગોળીય ઘટના વિશ્વના અન્ય ઘણા ભાગોમાં સ્પષ્ટપણે જોવા મળશે. આ સૂર્યગ્રહણ દક્ષિણ અમેરિકા, આફ્રિકાના કેટલાક ભાગો, એટલાન્ટિક મહાસાગર અને આસપાસના વિસ્તારોમાં જોવા મળશે. વલયાકાર સૂર્યગ્રહણ દરમિયાન ચંદ્ર સૂર્યની સામે આવે તો છે, પરંતુ તેને સંપૂર્ણપણે ઢાંકી શકતો નથી. જેના લીધે સૂર્યની ધારની આસપાસ પ્રકાશની એક ચમકદાર ગોળાકાર રિંગ બને છે. જે જોવામાં ખૂબ જ અદ્ભુત લાગે છે.

નાસા અનુસાર જ્યારે ચંદ્ર તેની ભ્રમણકક્ષામાં પૃથ્વીથી પ્રમાણમાં દૂર હોય છે અને તે જ સમયે સૂર્યની સામે આવે છે, ત્યારે તે સૂર્યને સંપૂર્ણપણે ઢાંકી શકતો નથી. ■

### દુનિયામાં

મજબૂત બનાવતી વખતે શાંતિના ''દૂત'' તરીકે ભારતની સ્થિતિને રેખાંકિત કરી હતી.

તેમણે કહ્યું હતું કે ''આપણી પરંપરામાં આપણે સમગ્ર બ્રહ્માંડમાં શાંતિ રહે તે માટે પ્રાર્થના કરીએ છીએ. સમગ્ર વિશ્વમાં શાંતિ હોય તો જ માનવતાનું ભવિષ્ય સુરક્ષિત રહી શકે છે.

વિશ્વના ઘણા ભાગોમાં સંઘર્ષોથી ભરેલા વાતાવરણમાં ભારત શાંતિનો સંદેશ ફેલાવી રહ્યું છે''. તેમના ભાષણ દરમિયાન રાષ્ટ્રપતિએ ઓપરેશન સિંદૂરની તાજેતરની સફળતા પર પ્રકાશ પાડીને રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યેની દ્રઢ પ્રતિબદ્ધતા પર પણ ભાર મૂક્યો હતો. ગયા વર્ષે આપણા દેશે આતંકવાદીઓના માળખા પર હુમલો કરીને તેને તોડી પાડ્યા હતા.

ઘણા આતંકવાદીઓને માર્યા હતા. સશસ્ત્ર દળોની તાકાત પર પ્રતિબિંબ પાડતા રાષ્ટ્રપતિએ સિયાચીન બેઝ કેમ્પની વ્યક્તિગત મુલાકાતો અને સુખોઈ, રાફેલ અને સબમરીન આઈએનએસ વાઘશીરમાં ઉડાનોને યાદ કરી હતી. સેના, વાયુસેના અને નૌકાદળની તાકાતના આધારે લોકોને આપણી સંરક્ષણ-તૈયારીમાં સંપૂર્ણ વિશ્વાસ છે. ■

### બાંગલાદેશમાં

બની હતી. ચંચલના મૃત્યુ બાદ બાંગ્લાદેશમાં લઘુમતીઓની સુરક્ષાને લઇને ફરીથી પ્રશ્નાર્થ ઊભા થયા છે. આ યુવક નારસિંગડીના લક્ષ્મીપુર ગામનો રહેવાસી હતો અને ગેરેજમાં કામ કરતો હતો.

અહેવાલો મુજબ ચંચલ શુક્રવારે રાત્રે કામકાજ પૂર્ણ કર્યા પછી ગેરેજમાં સૂવા ગયો હતો. ત્યારબાદ કોઇ અજાણ્યા શખ્સે ગેરેજને આગ ચાંપી હતી. ગેરેજમાં પેટ્રોલ અને ઓઇલ સહિતના જ્વલનશીલ પદાર્થો હોવાથી પળભરમાં આગની જ્વાળાઓએ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધી હતું. યુવકનું ધુમાડાને કારણે ગૂંગળાઇ જવાથી ઊંઘમાં જ મોત નીપજ્યું હતું. તેના શરીર પર દાઝવાના નિશાન પણ જોવા મળ્યા હતા.

આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ હતી. આરોપી ગેરેજ પાસે લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. પોલીસ આરોપીની ઓળખ કરવાના પ્રયાસો કરી રહી છે. તેમજ ગહન તપાસ માટે નજીકના તમામ સીસીટીવી ફૂટેજ ખંગાળી રહી છે. ■

### ગુજરાતના એક ગામના

મોદીએ રવિવારે ૨૦૨૬ માટેના તેમના પ્રથમ 'મન કી બાત' સંબોધનમાં ભારતીય કુટુંબ વ્યવસ્થાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે સંયુક્ત આરબ અમિરાત (યુએઈ) દ્વારા ૨૦૨૬ને ''ફેમિલી યર'' તરીકે જાહેર કરવાના નિર્ણયની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે ભારતની પરંપરાગત કુટુંબ વ્યવસ્થા આપણી સંસ્કૃતિ અને પરંપરાઓનો એક અભિન્ન ભાગ છે, જેને સમગ્ર વિશ્વ રસ અને આદર સાથે જોઈ રહ્યું છે. ઘણા દેશો ભારતના કુટુંબ માળખામાંથી પ્રેરણા લે છે અને તેને સમાજ માટે એકતા શક્તિ તરીકે જુએ છે.

વડા પ્રધાને કહ્યું કે યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન તાજેતરમાં ભારતની મુલાકાતે આવ્યા હતા, જ્યાં આ પહેલ અંગે ચર્ચાઓ થઈ હતી. તેમને પોતાના ભાઈ ગણાવતા પીએમ મોદીએ કહ્યું કે આ પહેલ સામાજિક સંવાદિતા અને સમુદાય ભાવનાને મજબૂત બનાવવા માટે મહત્ત્વપૂર્ણ છે. શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાને તેમને માહિતી આપી કે યુએઈ ૨૦૨૬ને 'પરિવારના વર્ષ' તરીકે ઊજવી રહ્યું છે. આ પહેલનો હેતુ પરિવારોમાં પરસ્પર સમજણ, સહયોગ અને સામાજિક એકતાને પ્રોત્સાહન આપવાનો છે. પીએમ મોદીએ તેને સમયની જરૂરિયાત ગણાવતા કહ્યું કે ફક્ત મજબૂત પરિવારો જ મજબૂત સમાજનો પાયો નાખે છે. ■

### પરેડમાં

ત્યારબાદ સર્વોચ્ચ શૌર્ય પુરસ્કારોના વિજેતાઓ આવશે અને ટીમમાં પરમ વીર ચક્ર વિજેતાઓ - સુબેદાર મેજર (માનદ્ કેપ્ટન) યોગેન્દ્ર સિંહ યાદવ (નિવૃત્ત) અને સુબેદાર મેજર સંજય કુમારનો સમાવેશ થશે.

અશોક ચક્ર વિજેતા મેજર જનરલ સીએ પિથાવલિયા (નિવૃત્ત) અને કર્નલ ડી શ્રીરામ કુમાર પણ ટીમનો ભાગ હશે. યુરોપિયન યુનિયનની એક નાની લશ્કરી ટુકડી પણ પરેડમાં ભાગ લેશે. પ્રથમ વખત પરેડમાં ભારતીય સેનાના ફેઝ્ડ 'બેટલ એરે ફોર્મેટ'નું પ્રદર્શન કરવામાં આવશે, જેમાં એક એરિયલ હિસ્સો પણ સામેલ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, એરિયલ સપોર્ટ માટે સ્વદેશી ધ્રુવ એડવાન્સ્ડ લાઇટ હેલિકૉપ્ટર અને તેનું સશસ્ત્ર વર્ઝન રૂદ્ર પ્રહાર ફોર્મેશનમાં બેટલફીલ્ડ શેપિંગ બતાવશે. ત્યારબાદ ટી-૯૦ ભીષ્મ અને યુદ્ધ ટેન્ક અર્જુન, અપાચે એએચ-૬૪ઈ અને પ્રચંડ લાઇટ કોમ્બેટ હેલિકૉપ્ટર પણ જોવા મળશે. ઇન્ફન્ટ્રી કોમ્બેટ વ્હિકલ, નાગ મિસાઇલ સિસ્ટમ (ટ્રેક્ડ) એમકે-૨ પણ પરેડમાં સામેલ થશે.

મેની શરૂઆતમાં ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સૈન્ય દ્વારા તૈનાત મુખ્ય શસ્ત્ર પ્રણાલીઓની પ્રતિકૃતિઓ દર્શાવતી ત્રિ-સેવાઓની ઝાંખી એક મુખ્ય આકર્ષણ બનવાની અપેક્ષા છે. પરેડમાં ઓપરેશન સિંદૂરમાં ઉપયોગમાં લેવામાં આવેલી બ્રહ્મોસ મિસાઈલ, આકાશ મિસાઈલ સિસ્ટમ અને એસ-૪૦૦ને પણ પ્રદર્શિત કરાશે.

ભારતીય નૌકાદળના ટુકડીમાં ૧૪૪ યુવા સામેલ થશે જેનું નેતૃત્વ લેફ્ટનન્ટ કરણ નાગ્યાલ ટૂકડી કમાન્ડર તરીકે કરશે અને લેફ્ટનન્ટ પવન કુમાર ગાંધી, લેફ્ટનન્ટ પ્રીતિ કુમારી અને લેફ્ટનન્ટ વરુણ ડ્રેવરિયા પ્લાટૂન કમાન્ડર તરીકે કરશે. બાદમાં નેવીની ઝાંખી રજૂ કરાશે જે 'એક મજબૂત દેશ માટે મજબૂત નેવી' થીમ પર આધારિત છે. આ ઝાંખીમાં એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રાંત અને આઈએનએસ ઉદયગિરી સહિત ફ્રન્ટલાઇન સ્વદેશી પ્લેટફોર્મ દર્શાવવામાં આવ્યા છે.

અધિકારીઓએ કહ્યું હતું કે માર્ચિંગ ટુકડી સાથે બે રાફેલ જેટ, બે મિગ-૨૯, બે સુખોઈ-૩૦ અને એક જગુઆર એરક્રાફ્ટ 'સ્પિયરહેડ' ફોર્મેશનમાં રોમાંચક ફ્લાઈ-પાસ્ટ કરશે, જે ''સિંદૂર ફોર્મેશન''નું પ્રતીક છે. પરેડમાં કુલ ૩૦ ટેબ્લો પ્રદર્શિત કરાશે, જેમાં ૧૭ રાજ્યના અને કેન્દ્રશાસિત પ્રદેશો અને ૧૩ વિવિધ મંત્રાલય અને વિભાગોના છે. એરિયલ ફ્લાઈ-પાસ્ટમાં કુલ ૨૯ એરક્રાફ્ટ ભાગ લેશે, જેમાં ૧૬ ફાઇટર જેટ, ચાર ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ અને નવ હેલિકૉપ્ટરનો સમાવેશ થાય છે.

ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિવસ પરેડની દેશવાસીઓ આતૂરતા અને ઉત્સાહપૂર્વક રાહ જોઇ રહ્યા છે. આ વર્ષે વિવિધ ટુકડીઓ કર્તવ્ય પથ પર તેમની બહાદુરી અને શક્તિનું પ્રદર્શન કરવા માટે સજજ છે.આ વર્ષે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભારે ઉત્સાહ છે. કારણ કે ઓપરેશન સિંદૂરમાં નિર્ણાયક વિજય મેળવ્યા પછીની આ પ્રથમ પ્રજાસત્તાક દિવસ પરેડ છે. આ પરેડમાં સાધનો અને માર્ચિંગ ટુકડી સ્પષ્ટપણે દર્શાવશે કે ભારતમાં નિર્મિત નવી ટૅક્નોલૉજીવાળા ઉપકરણોને સેના અને ઓપરેશન્સમાં કેવી રીતે સામેલ કરવામાં આવ્યા હતા. તેમ જ સેનામાં થયેલા નવા સંગઠનાત્મક પરિવર્તનની ઝલક પણ જોવા મળશે.આ વર્ષે પરેડમાં ૮૮ કલાકના ઓપરેશન સિંદૂરની ઝલક જોવા મળશે.

પરેડમાં દેશની સેનાની તાકાતનું પ્રદર્શન જોવા મળશે. કર્તવ્ય પથ પર બેટલ ઍર ફોર્મેશન જોવા મળશે. એટલે કે જ્યારે સૈનિકો યુદ્ધમાં જાય કે કોઇ ઓફેન્સિવ ઓપરેશન પર જાય તે પહેલા કોમ્બેટ એલિમેન્ટ્સ અને કોમ્બેટ સપોર્ટ એલિમેન્ટ્સનું ગ્રૂપિંગ કઇ રીતે થાય છે. તેમ જ ઇન્ટેલિજન્સ, સર્વેલન્સ અને રેકી કઇ રીતે કરવામાં આવે છે, જેથી સમગ્ર વિસ્તારની પરિસ્થિતિ સ્પષ્ટ રીતે સમજી શકાય. ટૂંકમાં યુદ્ધ વખતે સેનાની તૈયારી અને પરિસ્થિતિ કેવી હોય છે તેની ઝાંખી જોવા મળશે.તેમ જ એર પાવર, લોન્ગ રેન્જ વેક્ટર, બ્રહ્મોસ જેવા હથિયારોનો ઉપયોગ અને યુદ્ધ દરમિયાન સેના કઇ રીતે પૂરી તૈયારીમાં રહે છે તે બધું જ પ્રદર્શિત કરવામાં આવશે. ■

### ૯૮૨ સુરક્ષાકર્મીને

૭૫૬માંથી ૬૬૪ ચંદ્રક પોલીસ સેવાને, ૩૪ ફાયર સર્વિસ, ૩૩ સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ સેવા અને ૨૫ સુધારાત્મક સેવાને એનાયત કરવામાં આવ્યા છે. આ પુરસ્કારો દેશની સુરક્ષા માટે અથાગ અને અવિરત સેવા કરનારા જવાનોના શૌર્યને શ્રદ્ધાંજલિ છે. ■

### મતદાન કરતી વખતે

ચૂંટણી પંચ દ્વારા પસંદ કરવામાં આવી છે, ''મેરા ભારત, મેરા વોટઃ ભારતીય લોકતંત્રના કેન્દ્રમાં નાગરિક,'' આપણી લોકશાહીની ભાવનાને પ્રતિબિંબિત કરે છે અને આપણી લોકશાહી વ્યવસ્થામાં મતદાનના અધિકારના મહત્ત્વ પર ભાર મૂકે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે મતદાન ફક્ત રાજકીય અભિવ્યક્તિ નથી. તે લોકશાહી ચૂંટણી પ્રક્રિયામાં નાગરિકોના વિશ્વાસનું પ્રતિબિંબ છે. તે નાગરિકો માટે તેમની આકાંક્ષાઓ વ્યક્ત કરવાનું એક માધ્યમ પણ છે. કોઈપણ ભેદભાવ વિના તમામ પુખ્ત નાગરિકોને મતદાનનો અધિકાર, રાજકીય અને સામાજિક ન્યાય અને સમાનતાના આપણા બંધારણીય આદર્શોને મૂર્તિમંત કરે છે. આપણા બંધારણમાં સમાવિષ્ટ ''એક વ્યક્તિ, એક મત'' પ્રણાલી આપણા બંધારણ નિર્માતાઓના સામાન્ય જનતાના જ્ઞાનમાં દ્રઢ વિશ્વાસનું પરિણામ હતી. આપણા દેશના મતદારોએ તેમના વિશ્વાસને સમર્થન આપ્યું છે અને ભારતીય લોકશાહીએ વિશ્વ મંચ પર એક અપવાદરૂપ ઉદાહરણ તરીકે આદર મેળવ્યો છે.

રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે મતદાનનો અધિકાર મહત્ત્વપૂર્ણ છે, પરંતુ તે પણ એટલું જ મહત્ત્વપૂર્ણ છે કે બધા પુખ્ત નાગરિકો તેમના બંધારણીય ફરજોને ધ્યાનમાં રાખીને તેમના મતાધિકારનો ઉપયોગ કરે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે બધા મતદારો, લાલચ, અજ્ઞાન, ખોટી માહિતી, દુષ્પ્રચાર અને પૂર્વગ્રહથી મુક્ત થઈને, તેમના અંતરાત્માની શક્તિ દ્વારા આપણી ચૂંટણી પ્રણાલીને મજબૂત બનાવશે. રાષ્ટ્રપતિ મુર્મૂએ દેશભરના તમામ યુવા મતદાતાઓને અભિનંદન આપ્યા જેમણે તેમના મતદાતા ઓળખ કાર્ડ મેળવ્યા છે. તેમણે કહ્યું કે આ કાર્ડ તેમને વિશ્વના સૌથી મોટા અને સૌથી જીવંત લોકશાહીમાં સક્રિયપણે ભાગ લેવાનો અમૂલ્ય અધિકાર આપે છે. આજના મતદારો ભારતના ભવિષ્યના શિલ્પી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે દેશના તમામ યુવા મતદારો જવાબદારીપૂર્વક મતદાનના અધિકારનો ઉપયોગ કરશે અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપશે. ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે છેલ્લાં ૭૫ વર્ષોમાં ભારતની ચૂંટણી યાત્રા તેના લોકશાહીની મજબૂતાઈ અને તમામને સાથે લઈને ચાલવાની ભાવનાનો એક નોંધપાત્ર પુરાવો રહી છે, જે બંધારણમાં સમાવિષ્ટ મૂલ્યોને જાળવી રાખે છે.

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વાવ-થરાદમાં જિલ્લા સેવા સદન અને જીઆઈડીસીનું ભૂમિપૂજન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નવ સર્જિત વાવ-થરાદ જિલ્લાના દુધવા ખાતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ૯૯.૨૩ એકર સરકારી જમીનમાં નિર્માણ થનારી ઔદ્યોગિક વસાહતનું તેમ જ જિલ્લા સેવા સદનનું ભૂમિપૂજન કર્યું હતું.

ભૂપેન્દ્ર પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, જી. આઈ.ડી.સી ના નિર્માણથી નવા જિલ્લાના વિકાસને વેગ મળવાની સાથે વોકલ ફોર લોકલનો વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો ધ્યેય પાર પડશે.

એટલું જ નહીં, આ સરહદી જિલ્લામાં યુવાનોને વધુ રોજગારી મળે તે દિશામાં આ આગવું કદમ હોવાનું તેમણે જણાવ્યું હતું.

નવો રચાયેલો વાવથરાદ જિલ્લાનો વિકાસ પણ અન્ય વિકસિત જિલ્લાઓ સમકક્ષ ઝડપભેર થાય તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધતાથી કાર્ય કરી રહી છે, તેમ પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે ખેતી ઉપરાંત ઉત્પાદનના મૂલ્યવર્ધન અંગે પણ વિચાર કરવામાં આવ્યો છે, વેલ્યુએડિશન માટે નાના મોટા ઉદ્યોગો સ્થપાઈ શકે અને વોકલ ફોર લોકલથી ગ્લોબલ ચરિતાર્થ થાય તે માટે આવનારા દિવસોમાં આ જી આઈ ડી સી એસ્ટેટ મહત્ત્વપૂર્ણ બનશે.

આ સાથે ભૂપેન્દ્ર પટેલે થરાદ ખાતે અંદાજે રૂપિયા ૭૦ કરોડના ખર્ચે ૩૯ એકરના વિસ્તારમાં નિર્માણ થનારા જિલ્લા સેવા સદનનું ભૂમિ પૂજન અને તકતી અનાવરણ સંપન્ન કર્યું હતું.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઇ ચૌધરી તથા રાજ્યકક્ષાના પ્રધાન સ્વરૂપજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

આ નવા જિલ્લા સેવા સદનમાં જિલ્લા કલેક્ટર કચેરી સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોની ૩૦ થી વધુ જિલ્લા સ્તરીય કચેરીઓ કાર્યરત કરવામાં આવશે. વાવ-થરાદ જિલ્લાના આ સેવા સદનનું નિર્માણ ગ્રીન બિલ્ડિંગના ધોરણે કરવામાં આવશે. તેમાં સોલાર રૂફ ટોપ, વરસાદી પાણીના સંચયની વ્યવસ્થા, વિશાળ મીટિંગ હોલ, અદ્યતન લિફ્ટ તથા બેઝમેન્ટ પાર્કિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. ■

# ડીજીઆઈઆઈએ બે નકલી બિલિંગ રેકેટનો પર્દાફાશ કર્યો; ૨૬૨ કરોડની છેતરપિંડી બદલ ત્રણની ધરપકડ

અમદાવાદઃ શહેરમાં રૂ. ૨૬૨ કરોડથી વધુની ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવાના બે અલગ અલગ નકલી બિલિંગ કેસમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ (ડીજીજીઆઈ) દ્વારા ત્રણ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. પ્રથમ કિસ્સામાં રૂ. ૧,૪૦૩ કરોડથી વધુની રકમ ટેક્સેબલ મૂલ્ય પર આશરે રૂ. ૨૫૨.૬ કરોડની છેતરપિંડીયુક્ત આઈટીસી મેળવવાનું મોટું બોગસ ઈન્વોઈસિંગ રેકેટ શોધી કાઢ્યું હતું. છેલ્લા બે મહિનામાં અમદાવાદ, જામનગર અને મુંબઈમાં અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં વાંધાજનક દસ્તાવેજો, ડિજિટલ રેકોર્ડ્સ અને મોબાઈલ ઉપકરણો મળી આવ્યાં હતાં. તપાસમાં જાણવા મળ્યું છે કે ડમી ડિરેક્ટર્સનો ઉપયોગ કરીને અનેક અસ્તિત્વ ન ધરાવતી અને બિન-કાર્યરત પ્રાઇવેટ લિમિટેડ કંપનીઓ બનાવવામાં આવી હતી. આ કંપનીઓમાં કરોડોનું બોગસ ટર્નઓવર દર્શાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પેઢીઓ માલ કે સેવાઓના વાસ્તવિક પુરવઠા વિના નકલી ઇન્વોઇસ ઇશ્યુ કરતી હતી, જેનો ઉપયોગ લોખંડ, સ્ટીલ, કેમિકલ્સ, સિમેન્ટ, કૃષિ અને બાંધકામ જેવાં ક્ષેત્રોમાં ટર્નઓવર વધારવા અને જીએસટી ચોરી કરવા માટે થતો હોવાનું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું કે આ સિન્ડિકેટ વ્યવહારોને કાયદેસર બતાવવા માટે આરટીજીએસ દ્વારા ઇન્વોઇસની રકમ ટ્રાન્સફર કરતી હતી, ત્યારબાદ તે નાણાં કમિશન કાપીને હવાલા ચેનલો દ્વારા રોકડમાં પરત કરવામાં આવતા હતા. જપ્ત કરાયેલા ડિજિટલ ઉપકરણોની ફોરેન્સિક તપાસ ચાલી રહી છે.

આ કેસ અગાઉના રૂ. ૮૦૦ કરોડના નકલી બિલિંગ કૌભાંડ કડી છે, જેમાં ડિસેમ્બર ૨૦૨૪ માં અમદાવાદના રહેવાસી રિતેશ શાહની ધરપકડ કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે નકલી બિલો મેળવનારાઓની વધુ તપાસ ચાલી રહી છે અને ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. ■

# અમદાવાદના એડલ્ટ ફિલ્મ કેસમાં ૨૧ વર્ષના લાંબા અંતરાલ બાદ પડદો, ૧૦૯ પ્રેક્ષકો નિર્દોષ જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૨૧ વર્ષ જૂના એડલ્ટ ફિલ્મ કેસમાં ૧૦૯ પ્રેક્ષકોને નિર્દોષ જાહેર કરાયા હતા.

૨ જાન્યુઆરી, ૨૦૦૫ના રોજ ઘાટલોડિયા પોલીસે બાતમીના આધારે એક લેઝર સિનેમા પર દરોડો પાડ્યો હતો. પોલીસને શંકા હતી કે ત્યાં અશ્લીલ ફિલ્મ બતાવવામાં આવી રહી છે. તે સમયે જે ફિલ્મ ચાલતી હતી તેનું નામ ઉમંગ હતું. જે એક એડલ્ટ ફિલ્મ હતી અને તેને સેન્સર બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવી નહોતી કે કોઈ જાતનું લાઇસન્સ પણ અપાયું નહોતું. દરોડા દરમિયાન થિયેટર માલિક અને પ્રોજેક્શનિસ્ટ સહિત ૧૦૯ પ્રેક્ષકોની બિનપરવાનગી પ્રદર્શન અને અશ્લીલ સામગ્રી જોવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. આ મામલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

જેમ જેમ વર્ષો વીતતા ગયા તેમ આરોપીઓએ કોર્ટમાં હાજર થવાનું બંધ કરી દીધું હતું. ઓક્ટોબર ૨૦૨૫ માં, મેજિસ્ટ્રેટ દ્વારા વારંવાર સમન્સ અને વોરંટ હોવા છતાં આરોપીઓની લાંબા સમય સુધી ગેરહાજરીને ધ્યાનમાં રાખીને તેમની ગેરહાજરીમાં ટ્રાયલ ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સાક્ષી તરીકે માત્ર બે પોલીસ કોન્સ્ટેબલની તપાસ કરવામાં આવી હતી અને કોઈ સ્વતંત્ર સાક્ષી રજૂ કરવામાં આવ્યા ન હતા. મુખ્ય સાક્ષી - પોલીસ સબ-ઇન્સ્પેક્ટર એન.આર. યાદવ, જેમના બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો, તેમનું ૨૦૧૦ માં અવસાન થયું હતું. કોર્ટે નોંધ્યું હતું કે સજા કરવા માટે પ્રોસિક્યુશનના પુરાવા અપૂરતા છે. જે બાદ કોર્ટે અવલોકન કર્યું કે, કોઈ સ્વતંત્ર સાક્ષીની તપાસ કરવામાં આવી નથી..આરોપી વ્યક્તિઓને માત્ર પોલીસ સાક્ષીઓની જુબાનીના આધારે દોષિત ઠેરવી શકાય નહીં.

તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરતી વખતે કોર્ટે કહ્યું હતું કે, વર્તમાન કેસ લગભગ ૨૧ વર્ષથી પડતર છે. ચુકાદો જાહેર કરવા માટે આરોપીઓને હાજર રાખવાની પ્રક્રિયાનું પાલન કરવું અર્થહીન છે. આ કેસમાં એવા કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી જે આરોપીઓનો ગુનો શંકાની પેલે પાર સાબિત કરી શકે. ■

# અમદાવાદ એરપોર્ટથી ૧૨ કરોડની કિંમતના ગાંજા સાથે ચારની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી રૂ. ૧૨ કરોડની કિંમતના ગાંજા સાથે ચાર પેડલરની ધરપકડ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. એરપોર્ટ પરની કસ્ટમ્સ અને સુરક્ષા એજન્સીઓને આ અંગે બાતમી મળી હતી, જેના આધારે અધિકારીઓએ ચાર જણને ઝડપી લીધા હતા અને વિશેષ તપાસ હાથ ધરવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ અંગેની પ્રાપ્ત માહિતી અનુસાર મલેશિયાથી આવેલી ફ્લાઈટમાં અજય પાંડે, સંદીપ, રોની અને મનપ્રીત નામના ચાર શખ્સ અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યા હતા. તેમની ગતિવિધિઓ શંકાસ્પદ જણાતા એજન્સીએ તેમને અટકાવ્યા હતા. સુરક્ષા એજન્સીઓએ તેમને તેમ જ સામાનને ચકાસતા તેમાથી લગભગ ૧૨ કિલો જેટલો હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. આ ગાંજો વિદેશી માર્કેટમાં ખૂબ ઊંચી કિંમત ધરાવે છે અને તે લગભગ રૂ. ૧૨ કરોડની કિંમતનો હોવાનું માનવામાં આવે છે.

સુરક્ષા એજન્સીઓએ ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પકડાયેલા ચાર પેડલર્સમાંથી એક વડોદરાનો અને બાકીના પંજાબના જલંધરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. આ ગાંજો ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ આપવાનો હતો. જોકે તેમનો માસ્ટરમાઈન્ડ કોણ છે, તે અંગે સુરક્ષા એજન્સી હવે વધુ તપાસ હાથ ધરશે. ■

# બેલારૂસમાં ફસાયેલી નવસારીની મહિલાનું પરિવાર સાથે મિલન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બેલારૂસમાં ફસાયેલી નવસારીની મહિલા પરત આવી ગઈ છે. વડોદરાના એજન્ટની કથિત છેતરપિંડીનો ભોગ બનેલી મીના જોશી નામની મહિલા સોશ્યલ મીડિયા અને સામાજિક સંગઠનોની મદદથી સુરક્ષિત રીતે ભારત પરત ફરી હતી. મહિલાને વડોદરાના એક એજન્ટે બેલારૂસમાં ફ્રૂટ પેકિંગનું કામ હોવાનું જણાવ્યું હતું અને મહિને સારી એવી આવકની ખાતરી આપી હતી. જેથી લાલચમાં આવી મીનાબહેન ૭થી ૮ લાખ રૂપિયાનું મોટું દેવું કરી વિદેશ ગયાં હતાં.

મીનાબહેનને ત્યાં પહોંચ્યા બાદ મુખ્ય શહેર મિન્સ્કથી ૪૦૦ કિ.મી. દૂર એક પછાત ગામડામાં તબેલામાં કામ કરવા માટે મજબૂર કરવામાં આવ્યા હોવાનું તેમ જ તેમને ખાવાપીવાની પણ મુશ્કેલીઓ હોવાનું બહાર આવ્યું હતું. જોકે મુશ્કેલીઓ ઊભી થતા અને પોતે છેતરાયા છે, તે સમજાઈ જતા મહિલાએ પોતાની સ્થિતિનો વીડિયો શેર કર્યો હતો. આ વીડિયો વાઈરલ થતાની સાથે તંત્ર, સામાજિક સંગઠનો અને બ્રહ્મસમાજ સહિતના લોકો મદદે આવ્યાં હતાં. આ સાથે દબાણ વધતા જે એજન્ટે મોકલ્યા હતા, તેમણે જ તેમનાં પરત આવવાની વ્યવસ્થા કરી હતી. મહિલા પરત આવી ગયા હતા અને નવસારી ખાતે પરિવારને મળ્યા ત્યારે ભાવુક દૃશ્યો સર્જાયા હતા. આ સાથે મહિલાએ પોતે વિદેશ જવાનો જે ખર્ચ ભોગવ્યો તે એજન્ટને આપવા જણાવ્યું હતું અને જો ન આપે તો તેની સામે કાનૂની કાર્યવાહીની ચીમકી આપી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પ્રજાસત્તાક પર્વે ગુજરાત પોલીસના ૧૬ રક્ષકોને મેડલ એનાયત કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રજાસત્તાક દિવસ નિમિત્તે રાજ્યના ૨ પીએસઆઈને રાષ્ટ્રપતિ ચંદ્રક, ૧૪ પોલીસ કર્મીને પ્રશંસનીય સેવા મેડલ મળી કુલ ૧૬ રક્ષકને પ્રશંસનીય સેવા મેડલ એનાયત કરાશે. ગુજરાતના આઈપીએસ અધિકારીઓ નિપુર્ણા તોરવણે અને શૈલેષસિંહ રઘુવંશીને રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત કરવામાં આવશે.

રાજ્યના ૧૪ પોલીસ અધિકારીઓને પ્રશંસનીય સેવા મેડલ એનાયત કરાશે. જેમાં આઈજી પ્રવિણસિંહ માલ, આઈજી અશ્વીન ચૌહાણ, એસપી મયૂર ચાવડા, એસપી ધર્મેન્દ્ર દેસાઈ, એસીપી ઘનશ્યામસિંહ સરવૈયા, પીએસઆઈ વસંત પરમાર, પીએસઆઈ સંજય પાટીલ, હેડ કોંસ્ટેબલ શનાભાઈ પરમાર, એએસઆઈ સુનિલ દેસલે, એએસઆઈ ગિરિશ દેસાઈ, પીએસઆઈ ક્રિપાલસિંહ રાણા, એએસઆઈ લાલસિંહ વિહોલ, પીએસઆઈ વિષ્ણુભાઈ દેસાઈ, એએસઆઈ અરવિંદ તડવીનો સમાવેશ થાય છે. રાજ્યના પોલીસ વડા ડો.કે.એલ.એન રાવે મહામહિમ રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર પોલીસ અધિકારી અને જવાનોને અભિનંદન પાઠવ્યા હતાં.

આ સન્માન રાજ્યના વિવિધ ભાગોમાં કાયદો અને વ્યવસ્થા, આતંકવાદ વિરોધી કામગીરી, આપત્તિ રાહત અને સુધારાત્મક સેવાઓમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારા કર્મચારીઓને આપવામાં આવ્યા છે. પ્રશંસનીય સેવા મેડલ એવા કર્મચારીઓને આપવામાં આવે છે જેઓ સંસાધનોની મર્યાદાઓ અને મુશ્કેલ પરિસ્થિતિઓ છતાં ફરજ પ્રત્યે અસાધારણ સમર્પણ દર્શાવે છે. જ્યારે વીરતા ચંદ્રકો જીવ બચાવવા, ગુના અટકાવવા અથવા ગુનેગારોને પકડતી વખતે અસાધારણ હિંમત દર્શાવવા બદલ આપવામાં આવે છે.

મહામહિમ રાષ્ટ્રપતિ હોમગાર્ડઝ માનદસભ્યોના નામની વાત કરવામાં આવે તો, ક્રિષ્ના દિલીપભાઈ પટેલ, ગણેશ તુકારામ પાટીલ અને વિજયકુમાર શનાભાઈ પટેલનું ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિને લાંબી, પ્રશંસનીય અને વિશિષ્ટ સેવા માટે મહામહીમ રાષ્ટ્રપતિ ચંદ્રકથી સન્માન કરવામાં આવશે. તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. ■

# ધમકીઓ વચ્ચે અમદાવાદ સિટી સ્કૂલ મેનેજમેન્ટ એસોસિએશને શાળાઓ માટે નિર્દેશો જાહેર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં તાજેતરના દિવસોમાં અનેક શાળાઓને બોમ્બથી ઉડાડી દેવાના ધમકીભર્યા ઈમેલ્સ આવ્યા હતા. જેના કારણે સિટી સ્કૂલ મેનેજમેન્ટ એસોસિએશને શાળા વહીવટકર્તાઓ માટે વિગતવાર સુરક્ષા સલાહ આપી છે. સિટી સ્કૂલ મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા કહેવામાં આવ્યું હતું કે, આવી ધમકીઓ આવે તો તેને ગંભીરતાથી લેવી અને સત્ત્વરે સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવું. આ સાથે મેનેજમેન્ટે વિદ્યાર્થીઓ અને સ્ટાફની સલામતી સુનિશ્ચિત કરવા માટે વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરી હતી. મતદાર યાદીના ખાસ સઘન સુધારાને કારણે મોટાભાગની શાળાઓમાં હાલમાં લોકોની સંખ્યા વધી રહી છે, તેથી શંકાસ્પદ વ્યક્તિઓના પ્રવેશને રોકવા માટે શાળાઓને વધુ સાવધાની રાખવા કહેવામાં આવ્યું હતું. વહીવટકર્તાઓને સૂચના આપવામાં આવી હતી કે સુરક્ષા ગાર્ડને ગેટ સુરક્ષા સિવાય અન્ય કોઈ કામ સોંપવામાં ન આવે જેથી તેઓ મુલાકાતીઓ પર નજર રાખી શકાય અને શાળા પરિસરને સુરક્ષિત રાખી શકાય. જે પણ શાળાઓને બોમ્બની ધમકીનો મેઈલ આવે તો પહેલા તાત્કાલિક પોલીસ અથવા સરકારને જાણ કરવા માટે કહેવામાં આવ્યું હતું. આ સાથે શાળાઓને આવી સ્થિતિમાં ઈમર્જન્સી પ્લાન તૈયાર કરવા માટે અને તમામ સ્ટાફને પણ આ માહિતી આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. વધુ સૂચનાઓમાં પોલીસ, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અને નજીકની હોસ્પિટલો જેવી કટોકટી સેવાઓની અપડેટેડ સંપર્કની યાદી રાખવા માટે પણ આદેશ આપવામાં આવ્યો હતો. ■

# સુરતમાં સ્પોર્ટ્સ બાઈકે ચાર વર્ષના માસૂમને કચડ્યો, સારવાર પહેલા જ કરુણ મોત

અમદાવાદઃ સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલા સ્પોર્ટ્સ બાઈકચાલકે ઘર પાસે રમી રહેલા ૪ વર્ષીય માસૂમ બાળકને અડફેટે લઈ ૨૦ મીટર સુધી ઢસડતા બાળકનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. મૂળ બિહારના વતની અને હાલ પાંડેસરાના જય મહાદેવ નગરમાં રહેતા કૈલાશભાઈ બિંદ કડિયાકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગતરોજ સાંજે તેમનો સૌથી નાનો ૪ વર્ષીય પુત્ર આર્યાંશ ઘર પાસે રમી રહ્યો હતો. આ દરમિયાન એક સ્પોર્ટ્સ બાઈક પર સવાર ત્રણ યુવક પૂરપાટ ઝડપે ત્યાંથી પસાર થયા હતા. બાઈકચાલકે સ્પીડ પરનો કાબૂ ગુમાવ્યો અને આર્યાંશને ટક્કર મારી હતી. જેથી આર્યાંશ બાઈક સાથે આશરે ૨૦ મીટર સુધી રોડ પર ઢસડાતા શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બાળકને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો, પરંતુ હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ બાળકને તપાસી મૃત જાહેર કર્યું હતું. ઘટનાની જાણ થતા જ પાંડેસરા પોલીસ કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ પહોંચ્યો હતો. પોલીસે બાઈકચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. ■

# વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેના વડોદરા-વિરાર સેક્શન માટે નવું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશની રાજકીય રાજધાની દિલ્હી અને આર્થિક રાજધાની મુંબઈને જોડતા ૧,૩૮૦ કિમીથી વધુ લાંબા એક્સપ્રેસવેનાં કેટલાક ભાગ ખૂલ્લા મુકવામાં આવ્યા છે, પરંતુ ગુજરાતમાં આવેલા ત્રણ પેકેજનું નિર્માણ વર્ષોથી વિલંબિત છે. એવામાં વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેના બાકી રહેલા નિર્માણ કાર્ય માટે નવું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

જુજુવા અને ગંડેવા વચ્ચેના આઠ-લેન એક્સપ્રેસવેના પેકેજ-૮નાં બાકીના કામ માટે બિડ મંગાવવામાં આવી છે. જીએસટી સિવાય આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૧,૪૭૫.૬૮૬૮ કરોડ રૂપિયા છે. એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (ઈપીસી) મોડ હેઠળ આ નિર્માણકાર્ય હાથ ધરવામાં આવશે.

નોંધનીય છે કે કે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પેકેજ ૮ (જુજુવા-ગંડેવા), પેકેજ ૯ (કરવડ-જુજુવા), અને પેકેજ ૧૦ (તલસારી-કરવડ)નો કોન્ટ્રાક્ટ અગાઉ પુણે સ્થિત કંપની રોડવે સોલ્યુશન્સ ઇન્ડિયા ઇન્ફ્રા લિમિટેડને સોંપવામાં આવ્યો હતો. વર્ષો વીતવા છતાં કઈ કામ ન થયું હોવાનો તેમના પર આક્ષેપ હતો. ત્યાર બાદ કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવ્યો હતો. આ મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો.

દિલ્હી હાઈ કોર્ટે નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઇન્ડિયા અને કંપની વચ્ચેના વિવાદની સુનાવણી કરીને ૧૩ જાન્યુઆરીના રોજ આદેશ આપ્યો હતો. સુનાવણી દરમિયાન પુણેની કંપનીએ જમીન સંપાદન અધૂરું હોવાને કારણે કામમાં વિલંબ થયો હોવાની દલીલ કરી હતી. કોર્ટે અવલોકન કર્યું કે બાંધકામ માટે મોટાભાગની જરૂરી જમીન પહેલાથી જ ઉપલબ્ધ હતી અને કંપની ટાર્ગેટ મુજબ કામ કરી શકી ન હતી.

હાઈ કોર્ટે કહ્યું કે આ મહત્ત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં વિલંબને કારણે દેશને નુકસાન પહોંચ્યું છે અને નાગરિકોને અસુવિધા પડી છે. હાઈ કોર્ટે આ કામને પૂર્ણ કરવા માટે એનએચએઆઈને નવા કોન્ટ્રાક્ટરની નિમણૂક કરવાની મંજૂરી આપી હતી. નોંધનીય છે કે પેકેજ ૮ એ ૮૭ કિમી લાંબા ત્રણ પેકેજોનો એક ભાગ છે. હવે એનએચએઆઈ એ પેકેજ ૮ માટે નવું ટેન્ડર હેઠળ બહાર પાડ્યું છે. ટેન્ડર મુજબ કોન્ટ્રાક્ટરને ૧.૫ વર્ષની અંદર પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો રહેશે, ત્યારબાદ ૧૦ વર્ષની મેન્ટેનન્સની જવાબદારી સંભાળવાની રહેશે. આ ટેન્ડર માટે બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ ૯ માર્ચ, ૨૦૨૬ છે અને ટેકનિકલ બિડ ૧૦ માર્ચ, ૨૦૨૬ ના રોજ ખોલવામાં આવશે, તેમ અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું. ■

# અમદાવાદના અસલાલીમાંથી ૩ બાળક સહિત ૬ બાંગ્લાદેશી ઘૂસણખોર ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં બાંગ્લાદેશી ઘૂસણખોરોને પકડવા પોલીસ સતત સતર્ક રહેતી હોય છે ત્યારે ફરી અમદાવાદમાંથી બાંગ્લાદેશી નાગરિક પકડાયાની ઘટના જાણવા મળી હતી. સૂત્રોએ આપેલી માહિતી અનુસાર ૬ બાંગ્લાદેશી નાગરિકની પોલીસે ધરપકડ કરી હતી, જેમાં ૩ બાળક અને ૩ પુખ્તવયના લોકોનો સમાવેશ થાય છે. પોલીસે કરેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે તેઓ કોઈપણ જાતના પુરાવા વિના ભારતમાં રહેતા હતા. આ છ જણ અમદાવાદના અસલાલીના નાજ ગામની સીમમાં રહેતા હોવાનું પણ જાણવા મળ્યું હતું.

અસલાલી પોલીસની ટીમને પેટ્રોલિંગ દરમિયાન શંકા જતા તેમણે તપાસ શરૂ કરી હતી. જ્યારે પોલીસ દ્વારા ઝીણવટથી તપાસ કરવામાં આવી ત્યારે ત્યાંથી કાલોન સોલેમાન મોલ્લા, મોહમ્મદ અરાફત મોલ્લા અને રીબાખાતૂન મોલ્લા મળી આવ્યા હતા. તેમની સાથે ત્રણ નાનાં બાળકો પણ હતાં. પૂછપરછ દરમિયાન તેઓ બાંગ્લાદેશી હોવાનું જાણવા મળ્યું હતું.

આ અંગે મળેલી માહિતી અનુસાર આ છ લોકો અગાઉ ચંડોળા તળાવ પાસે રહેતા હતા અને મજૂરી કામ કરી જીવન ગુજારતા હતા. ચંડોળા તળાવ આસપાસ ડિમોલિશન કરવામાં આવતા તેઓ અહીં વસ્યા હતા. ■

# કચ્છના ખાવડા નજીકથી સીમા સુરક્ષા દળના જવાનોએ એક પાકિસ્તાની ઘૂસણખોરને ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ કચ્છની ખાવડા ખાતેની ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય ભૂમિસીમા ખાતેથી સરહદી સલામતી દળના ચોકિયાત જવાનોએ એક પાકિસ્તાની ઘૂસણખોરને ઝડપી પાડ્યો હતો.

આ અંગે મળી રહેલી સત્તાવાર માહિતી પ્રમાણે, સવારના નવ વાગ્યાના અરસામાં પેટ્રોલિંગ કરી રહેલા સીમા સુરક્ષા દળના જવાનોને પીલર નં.૧૦૭૬-૧૦૭૭ પાસે ઘૂસણખોરી કરી રહેલા એક આધેડ પાકિસ્તાનીને દબોચી લીધો હતો.

પ્રાથમિક તપાસમાં આ ઘૂસણખોર માનસિક રીતે અસ્વસ્થ અને મૂંગો હોવાનું બહાર આવ્યું હતું તેમજ આઈડી પ્રૂફ કે અન્ય સંદિગ્ધ વસ્તુ પણ મળી ન હતી.

અલબત્ત, ભૂતકાળમાં નાપાક ઇરાદે ભારતની સીમમાં ઘૂસી આવેલા ઘૂસણખોરો પકડાઈ ચૂક્યા હોઈ, હાલ સંવેદનશીલ વિસ્તારોમાં સંભવિત પાકિસ્તાની ઘૂસણખોર છુપાયા હોવાની આશંકાએ સર્ચ ઓપરેશન તેજ બનાવી દેવામાં આવ્યું છે.

આ પાકિસ્તાની શખ્સની મેડિકલ તપાસ પૂર્ણ કરી, તેને ભુજ ખાતેના જોઈન્ટ ઈન્ટ્રોગેશન સેન્ટર (જેઆઈસી)ને સોંપાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. ફાટેલાં કપડાં પહેરીને ભારતની સીમામાંથી મળી આવેલો આ ઘૂસણખોર કોઈ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયા સાથે સંડોવાયેલો છે કે ભારત આવવાના રૂટની રેકી કરી રહ્યો છે એ જાણવા હાલ રો, આર્મી ઇન્ટેલિજન્સ,સ્ટેટ ઇન્ટેલિજન્સ બ્યૂરો સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા તેની ઊલટ તપાસ શરૂ કરી દેવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વડોદરામાં આગના બે બનાવ, કારેલીબાગમાં ચાર ફોર-વ્હિલર અને બે બાઇક બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં બે આગના બનાવો પ્રકાશમાં આવ્યા હતા. આગની પહેલી ઘટના ગોરવા મધુનગર વિસ્તારમાં બની હતી, જ્યારે આગની બીજી ઘટના કારેલીબાગ વિસ્તારમાં બની હતી. બંને ઘટનામાં લાખોનું નુકસાન થયું છે, પરંતુ જાનહાનિ ટળી ગઈ હતી. વિગતે જોઈએ તો, ગોરવા મધુનગર વિસ્તારમાં કાર-બાઈકની બેટરીના ગોડાઉનમાં ભયંકર આગ લાગી હતી. ગોડાઉનમાં રાખેલા બેટરી સ્ટોરેજમાં અચાનક આગ લાગી હોવાથી અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. ૫ ફાયર સ્ટેશનનો ટીપી ૧૩ ફાયર સ્ટેશન અને બાદ વડીવાડી, વાસણા, જીઆઈડીસી, પાણીગેટ, ઈઆરસી ફાયર સ્ટેશનની ટીમ સહિત ત્રણ પાણીની ટાંકી દ્વારા આગને કાબૂમાં લેવામાં આવી હતી.

આગની બીજી ઘટના કારેલીબાગ વિસ્તારમાં બની હતી. કારેલીબાગ વિસ્તારમાં બહુચરાજી રોડ પર આવેલા ગેરેજમાં ભીષણ આગ લાગી હતી. આ આગના કારણે ગેરેજમાં રાખેલાં વાહનો બળીને ખાખ થતા લાખો રૂપિયાનું નુકસાન થયું હતું.

આગની ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર એન્ડ ઈમર્જન્સી વિભાગને કોલ કરવામાં આવ્યો હતો. જેથી ફાયર સ્ટેશનની પાંચ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ અને આગ પર કાબૂ મેળવી લીધો હતો. ■

# દિવા પરિવહન પુલના કામમાં વિલંબથી મુસાફરો તરફથી આંદોલનની ચીમકી

મુંબઈ: વિવિધ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીઓ પૂર્ણ થઈ ગઈ છે, દિવાના રેલ મુસાફરોએ ધમકી આપી છે કે જો લાંબા સમયથી પડતર દિવા રોડ ઓવર-બ્રિજ (આરઓબી) પ્રોજેક્ટ ટૂંક સમયમાં પૂર્ણ નહીં થાય તો તેઓ આંદોલન કરશે. મુસાફરોના જૂથોએ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન (ટીએમસી) અને સેન્ટ્રલ રેલ્વેને અલ્ટીમેટમ પત્રો જારી કર્યા છે કે કાં તો આરઓબી પૂર્ણ કરો અથવા વધુ વિલંબ ટાળવા અને રેલ્વે ક્રોસિંગ પર ભીડ ઓછી કરવા માટે સબવે બનાવો. દિવા આરઓબી માટે ૨૦૧૯ માં રેલવે ટ્રેક પર ગર્ડર બનાવવામાં આવ્યો હતો, પરંતુ જમીન સંપાદન વિવાદો અને નાગરિક અને રેલવે અધિકારીઓ વચ્ચે સંકલનના મુદ્દાઓને કારણે પ્રોજેક્ટ ત્યારથી અટકી ગયો છે. રેલવે મુસાફરોના સંગઠન, મુંબઈ રેલ પ્રવાસી સંઘના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે ૨૦૧૯ થી વારંવાર ખાતરીઓ, ફોલોઅપ્સ અને આંશિક બાંધકામ પ્રવૃત્તિ છતાં, પુલ અધૂરો છે.

મુસાફરોના સંગઠનોએ ચેતવણી આપી હતી કે જો તેમની રજૂઆતો પછી કોઈ નક્કર કાર્ય યોજના કે સમયરેખા બહાર નહીં આવે, તો તેઓ મુસાફરોની સલામતીના હિતમાં શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાની ફરજ પડશે.

રેલ પેસેન્જર એસોસિએશનો કહે છે કે પૂર્વ અને પશ્ચિમ તરફના ટ્રાફિક માટે અલગ સબવે બનાવવાથી ફાટક બંધ થવામાં તાત્કાલિક ઘટાડો થઈ શકે છે, ટ્રેનની નિયમિતતામાં સુધારો થઈ શકે છે, ભીડ ઓછી થઈ શકે છે અને અકસ્માતોનું જોખમ ઓછું થઈ શકે છે. તેમણે ઉમેર્યું હતું કે લાંબા સમય સુધી બંધ રહેવાથી રેલ કોરિડોર પર ટ્રાફિક જામ થાય છે, જે ધીમી અને ઝડપી લાઇન પર ઉપનગરીય અને લાંબા અંતરની ટ્રેનોને અસર કરે છે. મુસાફરો જૂથોના મતે દિવા લેવલ ક્રોસિંગ પરથી દરરોજ લગભગ ૮ થી ૯ લાખ વાહનો પસાર થાય છે.

# પ્રતીક્ષાનો અંતઃ આખરે બાન્દ્રાનો નવો સ્કાયવૉક બનીને તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બાન્દ્રા (પૂર્વ)કોર્ટ, બીકેસી, મ્હાડાને અને જિલ્લા કલેક્ટરની ઓફિસને જોડતા નવા સ્કાયવૉકનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે અને બહુ જલદી તે મુંબઈગરા માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ તાજેતરમાં આ સ્કાયવૉકનું ઈન્સ્પેકશન કર્યું હતું અને તેને ટૂંક સમયમાં જાહેર ઉપયોગ માટે શરૂ કરવામાં આવશે એવુ કહ્યું હતું.

બાન્દ્રા રેલવે સ્ટેશન (પૂર્વ)થી વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર કલાનગર જંકશન સુધીનો નવો સ્કાયવૉક ૬૮૦ મીટર લાંબો છે અને તેની સરેરાશ પહોળાઈ ૫.૪૦ મીટરની છે. વિવિધ સ્થળની રાહદારીઓ તેના પર પ્રવેશ કરી શકે તે માટે ચાર સીડીઓ બનાવી છે. તેમ જ બે જગ્યાએ એસ્કેલેટર પણ બેસાડવામાં આવ્યા છે. પ્રવાસીઓની સુરક્ષા માટે ૧૪ સીસીટીવી કેમેરા બેસાડવામાં આવ્યા છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ભારે ટ્રાફિક અને અનંત કાનેકર રોડ પર સતત રાહદારીઓની અવરજવરને કારણે બાંધકામ મોડી રાત બાદ મર્યાદિત સમયમાં કરવામાં આવતું હતું. યુટિલિટી લાઈન રિલોકેશન જેવા પડકારો હોવા છતાં પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થયો હતો, જે સિવિલ એન્જિનિયરિંગના દૃષ્ટિકોણથી પડકારજનક રહ્યું હતું.

પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું કે આ સ્કાયવૉક બાન્દ્રા રેલવે સ્ટેશન પૂર્વ, મ્હાડા ઓફિસ, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, બાન્દ્રા કોર્ટ અને બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સમાં આવેલી ઓફિસો વચ્ચે મુસાફરી કરતા રાહદારીઓ માટે ફાયદાકાર સાબિત થશે. રેલવે ફૂટ ઓવર બ્રિજ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર સલામત ક્રોસિંગ સાથે તેનું સીધું જોડાણ ઉપયોગી સાબિત થશે, જેનાથી અનંત કાનેકર રોડ પર ભીડ ઓછી થશે. નવા બનેલા સ્કાયવૉકને રેલવે વિભાગ તરફથી સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી માટે સર્ટિફિકેટ, સેફટી સર્ટિફિકેટ અને નો-ઓબ્જેકશન સર્ટિફિકેટ મળી ગયું છે.

જૂન ૨૦૦૮માં બાંધવામાં આવેલા અને બાન્દ્રા સ્ટેશનથી કલાનગર સુધી ૧.૩ કિલોમીટર સુધી ફેલાયેલો અગાઉનો બાન્દ્રા પૂર્વ સ્કાયવૉક - ૨૦૨૧માં બીકેસીને જોડતો ૭૧૪ મીટર લાંબા કલાનગર ફલાયઓવર આર્મા માટે રસ્તો બનાવવા માટે તોડી પાડવામાં આવ્યો હતો. આ ફલાયઓવર બીકેસી તરફ જતા વાહનચાલકો માટે કલાનગર સિગ્નલ પર ભીડ ઓછી કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો હતો.

# મલાડ સ્ટેશન પર કોલેજના પ્રોફેસરની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યાઃ આરોપી ઝડપાયો

## ટ્રેનમાંથી ઊતરવાને મુદ્દે વિવાદ થયા બાદ આરોપીએ કર્યો હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલાડ રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી ઊતરવાને મુદ્દે થયેલા વિવાદમાં કોલેજના ૩૨ વર્ષના પ્રોફેસરની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરવામાં આવતાં ખળભળાટ મચી ગયો હતો. સાંજના પિકઅવર્સમાં સ્ટેશન પર પ્રવાસીઓની નજર સમક્ષ પ્રોફેસર પર હુમલો કર્યા બાદ ફરાર થઇ ગયેલા આરોપીની રેલવે પોલીસે શોધ ચલાવી તેને ૨૪ કલાકમાં કુરાર વિલેજથી ઝડપી પાડ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ગવર્નમૅન્ટ રેલવે પોલીસે (જીઆરપી) ધરપકડ કરેલા આરોપીની ઓળખ ઓમકાર એકનાથ શિંદે (૨૭) તરીકે થઇ હોઇ તે મલાડ પૂર્વના કુરાર વિલેજમાં રહે છે અને ઘરેણાં પોલિશિંગનું કામ કરે છે. તેની વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. ધરપકડ બાદ આરોપીને કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને ૩૦ જાન્યુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર મલાડ પૂર્વના કુરાર વિલેજમાં રહેનારો આલોકકુમાર સિંહ (૩૨) વિલે પાર્લે વિસ્તારમાંની એન. એમ. કોલેજમાં મેથમેટિક્સ અને સ્ટેટિસ્ટિક્સનો પ્રોફેસર હતો. આલોકકુમારે શનિવારે સાંજે મલાડ પહોંચવા મઅંધેરી સ્ટેશન પરથી બોરીવલીની ટ્રેન પકડી હતી. ટ્રેન સાંજના ૫.૪૦ વાગ્યાની આસપાસ મલાડ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક પર આવી ત્યારે ઊતરવાને મુદ્દે તેનો આરોપી ઓમકાર શિંદે સાથે વિવાદ થયો હતો.

દરમિયાન વિવાદ ઉગ્ર બનતાં ઓમકારે તીક્ષ્ણ હથિયાર કાઢી આલોકકુમારના પેટમાં ઘા ઝીંકી દીધા હતા. હુમલો કર્યા બાદ આરોપી ગિરદીનો લાભ લઇ ત્યાંથી ફરાર થઇ ગયો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા આલોકકુમારને લોહીલુહાણ હાલતમાં કાંદિવલી હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો.

આ ઘટના બાદ બોરીવલી રેલવે પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે રેલવે સ્ટેશન તેમ જ આસપાસના વિસ્તારમાંના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં તેમાં આરોપી નજરે પડ્યો હતો. સીસીટીવી ફૂટેજને આધારે પોલીસે આરોપીની શોધખોળ આદરી હતી અને આખરે તેને ૧૨ કલાકમાં મલાડના કુરાર વિલેજથી ઝડપી પાડવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અમારી પાસે ટ્રેનના કોચમાં હાજર સાક્ષીદારો છે જેમણે ઘટનાને દિવસે આરોપીને જોયો હતો. અમે તેમના નિવેદન નોંધ્યાં છે, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

મૃતકના સંબંધીના જણાવ્યા મુજબ આલોકકુમારનાં લગ્ન બે વર્ષ અગાઉ થયાં હતાં અને તે પત્ની સાથે મલાડ પૂર્વમાં રહેતો હતો. તેના પિતા ભાજપના નેતા રાજનાથ સિંહને ત્યાં સુરક્ષા વિભાગમાં કાર્યરત છે અને તેના અંકલ પણ શિક્ષક છે. આલોકકુમાર ૨૦૨૪થી કોલેજમાં મેથમેટિક્સ અને સ્ટેટિસ્ટિક શીખવતો હતો, એમ તેમણે કહ્યું હતું.

# ઠાકરે જૂથ કેડીએમસીમાં વિપક્ષમાં બેસશે, પણ શિંદે સેના સાથે યુતિ નહીં

મુંબઈ: કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કડોંમપા)માં સરકાર બનાવવાની ગતિવિધિઓ વેગ પકડી રહી છે, ત્યારે શિવસેના (યુબીટી)એ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. ગઠબંધનમાં ચૂંટણી લડ્યા બાદ, મનસેએ શિંદે જૂથને ટેકો આપવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ ઠાકરે જૂથે નારાજગી વ્યક્ત કરી હતી. આ દરમિયાન, ઠાકરે જૂથના ચાર કોર્પોરેટરો તૂટી ગયા હોવાની ચર્ચા છે. આવી સ્થિતિમાં, ઠાકરે જૂથ શું ભૂમિકા ભજવશે તેના પર બધાનું ધ્યાન હતું. હવે ઠાકરે જૂથે આ અંગે પોતાનો નિર્ણય જાહેર કરી નાખ્યો છે કે તેઓ વિપક્ષમાં બેસશે.

કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં, શિવસેના ઠાકરે જૂથના ૧૧ ઉમેદવારો વિજયી થયા હતા. તેમાંથી ચાર કોર્પોરેટરો ગુમ છે. તેમાંથી બે શિંદે જૂથમાં અને બે મનસેમાં ગયા હોવાનું કહેવાય છે. મહાયુતિએ ઠાકરે જૂથને વિકાસ માટે પણ સાથે આવવા અપીલ કરી હતી. આ પછી, રવિવારે માતોશ્રી ખાતે ઠાકરે જૂથના કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનના કોર્પોરેટરોની બેઠક યોજાઈ હતી. આ બેઠક પછી, ઠાકરે જૂથના વિધાનસભ્ય વરુણ સરદેસાઈએ માહિતી આપતાં કહ્યું હતું કે 'અમે શાસક પક્ષમાં ગયા વિના મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સક્ષમ વિપક્ષની ભૂમિકા ભજવીશું.' તેઓ 'માતોશ્રી' ખાતે પાર્ટીના વડા ઉદ્ધવ ઠાકરે અને કડોંમપાના નવા ચૂંટાયેલા કોર્પોરેટરોની બેઠક બાદ મીડિયા સાથે વાત કરી રહ્યા હતા.

આ સમયે, સરદેસાઈએ મનસેના વિધાનસભ્ય રાજુ પાટીલની ભૂમિકા પર પણ સવાલ ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે 'સત્તામાં જોડાવા અંગેનો નિર્ણય લેતા પહેલા મનસેએ ઓછામાં ઓછું અમારી સાથે ચર્ચા કરવી જોઈતી હતી, પરંતુ તેમણે તેમ કર્યું નહીં.'

ઠાકરે જૂથના કેટલાક કોર્પોરેટરો સંપર્કમાં નથી તેવી ચર્ચા પર સરદેસાઈએ આક્રમક વલણ અપનાવ્યું છે. ''અમારા પ્રતીક પર ચૂંટાયેલા ૪ કોર્પોરેટરો હજુ સંપર્કમાં નથી, તેમણે હજુ સુધી નોંધણી કરાવી નથી. અમે તેમની સાથે ફરીથી ચર્ચા કરીશું, પરંતુ જો તેઓ પાછા નહીં ફરે તો તેમની સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું.

# ગઢચિરોલીના ૩૧ સહિત મહારાષ્ટ્રના ૭૫ પોલીસને શૌર્ય પદક

મુંબઈ: નક્સલવાદીઓ સામેની લડાઈમાં બહાદુરી દર્શાવવા બદલ ગઢચિરોલીના ૩૧ પોલીસ કર્મચારીઓને મેડલ એનાયત કરવામાં આવ્યા છે.

એક અધિકારીએ રવિવારે જણાવ્યું હતું કે પ્રજાસત્તાક દિવસના અવસરે મહારાષ્ટ્ર પોલીસના કુલ ૭૫ કર્મચારીઓને મેડલ એનાયત કરવામાં આવ્યા છે, જેમાં નક્સલવાદ સામેની લડાઈમાં બહાદુરી દર્શાવવા બદલ ગઢચિરોલીના ૩૧ કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે દેશભરના પોલીસ અને ફાયર, હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણ એકમોના ૯૮૨ કર્મચારીઓની યાદી જાહેર કરી છે જેમને પ્રજાસત્તાક દિવસ પહેલા પરંપરાગત પ્રથા તરીકે શૌર્ય અને સેવા ચંદ્રકો માટે પસંદ કરવામાં આવશે. આ યાદીમાં અધિકારીઓ અને કર્મચારીઓને આપવામાં આવેલા ૧૦૧ વિશિષ્ટ સેવા પદક (પીએસએમ) અને ૭૫૬ ઉત્તમ સેવા મેડલ (એમએસએમ)નો પણ સમાવેશ થાય છે.

ગઢચિરોલી પોલીસના ૩૧ કર્મચારીઓમાં નાઈક કોન્સ્ટેબલ બિતાજી વેલાડી અને કોન્સ્ટેબલ કરે ઇરપા આત્રમનો સમાવેશ થાય છે, જેમણે ડાબેરી ઉગ્રવાદ સામેની લડાઈમાં પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. કોન્સ્ટેબલ મોહન લચ્ચુ યુસેન્ડી (જીએમના ૧લા બાર), આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર અમોલ ફડતરે, આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર વાસુદેવ મડાવી, મધુકર નૈતમ, પોલીસ નાઈક સંતોષ નૈતમ અને વિશ્વનાથ સદમેક અન્ય વીરતા મેડલ વિજેતાઓમાં સામેલ છે, તેમણે ઉમેર્યું હતું.

અધિક પોલીસ કમિશનર મહેશ પાટિલ, ડીસીપી બાલકૃષ્ણ યાદવ, એસીપી સાયરસ બોમન ઈરાની અને વિઠ્ઠલ કુબડેને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરવામાં આવ્યો છે. મુંબઈ પોલીસના ડીસીપી યાદવ સીસીટીવી સર્વેલન્સ અને ડાયલ ૧૦૦/૧૧૨ પ્રોજેક્ટ્સના અમલીકરણમાં મુખ્ય વ્યક્તિ રહ્યા છે. તેઓ પોલીસની ક્વિક રિસ્પોન્સ ટીમ અને ફોર્સ વન કમાન્ડો યુનિટ માટે રેડિયો ટ્રંકિંગ સિસ્ટમ, ટેક્ટિકલ કોમ્યુનિકેશનના અમલીકરણ માટે પણ જવાબદાર હતા,એમ અધિકારીએ જણાવ્યું.

પોલીસ મહાનિરીક્ષક રાજીવ જૈન, સુધીર હિરેમઠ, આતંકવાદ વિરોધી ટુકડી (એટીએસ) ના ભાગ તરીકે કાર્યરત પોલીસ અધિક્ષક શીલા સૈલ, સિંધુદુર્ગ જિલ્લામાં તૈનાત પોલીસ અધિક્ષક મોહન દહિકર, ડીસીપી (સાયબર) પુરુષોત્તમ કરમ, એસીપી મહેશ તાવડે, નીલમ વાવલ, એડિશનલ એસપી કિરણ પાટિલ સહિત ૪૦ અધિકારીઓને ઉત્તમ સેવા બદલ સન્માનિત કરવામાં આવ્યા છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય મુજબ બહાદુરી ચંદ્રક એવી વ્યક્તિને આપવામાં આવે છે જે દુર્લભ નોંધપાત્ર બહાદુરીનું કાર્ય કરે, અને જીવન અને સંપત્તિ બચાવવામાં, અથવા ગુના અટકાવવામાં અથવા ગુનેગારોને પકડવામાં બહાદુરીના નોંધપાત્ર કાર્ય કરે, સંબંધિત અધિકારીની જવાબદારીઓ અને ફરજોને ધ્યાનમાં રાખીને જોખમનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

પીએસએમ સેવામાં મહત્વપૂર્ણ વિશિષ્ટ રેકોર્ડ માટે એનાયત કરવામાં આવે છે અને ઉત્તમ સેવા મેડલ સંસાધન અને ફરજ પ્રત્યેની નિષ્ઠા દ્વારા દર્શાવવામાં આવતી મૂલ્યવાન સેવા માટે એનાયત કરવામાં આવે છે.

# આરોપીનાં કપડાં પર લોહીના ડાઘ નહોતાઃ વકીલનો દાવો

મુંબઈ: મલાડ રેલવે સ્ટેશન પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી પ્રોફેસરની હત્યા કરવા બદલ ધરપકડ કરાયેલા આરોપી ઓમકાર શિંદેને રવિવારે બોરીવલીની કોર્ટમાં હાજર કરવામાં આવ્યો ત્યારે સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે ગુનામાં વપરાયેલું હથિયાર શોધવાનું બાકી છે. આરોપી અને મૃતક એક જ વિસ્તારમાં રહેતા હોઇ તેમની વચ્ચે અગાઉ કોઇ વિવાદ થયો હતો કે કેમ તેની તપાસ કરવાની હોવાથી આરોપીને સાત દિવસની પોલીસ કસ્ટડી આપવામાં આવે એવી માગણી તેમણે કરી હતી. દરમિયાન આરોપીના વકીલે દાવો કર્યો હતો કે મારા અસીલનાં કપડાં પર લોહીના ડાઘ નહોતા અને તે સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે. તો પછી આરોપી તેની હત્યા કેવી રીતે કરી શકે, એવી દલીલ તેના વકીલે કરી હતી. વકીલે જણાવ્યું હતું કે મૃતકને મારવાનો આરોપીનો કોઇ ઇરાદો નહોતો. ટ્રેનમાંથી ઊતરવાને મુદ્દે બંને વચ્ચે વિવાદ થયો હતો. મૃતક સાથે તેના મિત્રો હતા અને તેઓ આરોપીને મારવા માટે આવ્યા, એટલે આરોપી ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

# મુંબઈના મેયરનું સસ્પેન્સ વધ્યું કે રમત પલટાઈ ગઈ?

નાંદેડઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહની નાંદેડની આયોજિત મુલાકાત કેટલાક ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવી હતી. નવમા શીખ ગુરુ તેગ બહાદુરજીની ૩૫૦મી શહીદ જયંતિની ઉજવણી માટે આયોજિત 'હિંદ દી ચાદર' કાર્યક્રમ માટે શાહ નાંદેડ આવવાના હતા. જોકે છેલ્લી ઘડીએ મુલાકાત રદ થવાથી રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

અમિત શાહ નાંદેડની મુલાકાતે આવી રહ્યા હોવાથી વહીવટીતંત્રે વ્યાપક તૈયારીઓ કરી હતી. બીજી તરફ ભાજપના કાર્યકરોમાં પણ ઉત્સાહ હતો. જોકે શાહની મુલાકાત હવે અચાનક રદ કરવામાં આવી છે. આ પ્રવાસને માત્ર ધાર્મિક કાર્યક્રમ પૂરતો જ નહીં, પણ રાજકીય દૃષ્ટિકોણથી પણ જોવામાં આવ્યો હતો. આ મુલાકાત સમયે અમિત શાહ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે નાંદેડમાં મુંબઈના મેયરની ચૂંટણી અને મહાયુતિમાં સત્તાની વહેંચણીના મુદ્દા પર મહત્વપૂર્ણ ચર્ચા કરે તેવી શક્યતા હતી. જોકે, શાહ ગેરહાજર રહેશે, તેથી હવે બધાનું ધ્યાન ચર્ચા મુલતવી રાખવામાં આવશે કે મુંબઈમાં યોજાશે તેના પર છે.

# છેતરપિંડીનો દાવોઃ પલાશ મુચ્છલે અભિનેતાને ફટકારી નોટિસ, ₹ ૧૦ કરોડનો દાવો માંડયો

મુંબઈ: ૨૦૨૬ની શરૂઆતમાં સાંગલીના અભિનેતા અને પ્રોડ્યુસર વિદ્યાન માનેએ પલાશ મુચ્છલ પર છેતરપિંડી અને ચારિત્ર્યહનન જેવા ગંભીર આરોપો લગાવ્યા હતા. જોકે પલાશ મુછલે આ તમામ આરોપોને નકારી કાઢ્યા છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના રહેવાસી વિદ્યાન માનેએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, પલાશ મુછલે તેની ફિલ્મ નઝરિયામાં રોકાણ કરવાના નામે મારી પાસેથી કુલ ૪૦ લાખ રૂપિયા પડાવ્યા હતા. આ સિવાય ૧૨ લાખ રૂપિયાના નફાની અને ફિલ્મમાં રોલની લાલચ આપવામાં આવી હતી. વિદ્યાન માનેએ આક્ષેપ કર્યો છે કે, પલાશની માતાએ તેની પાસે વધુ ૧૦ લાખ રૂપિયાની માગણી કરી હતી અને તેણે કરેલું રોકાણ પાછું ન આપવાની ધમકી આપી હતી. ઉપરોક્ત ફરિયાદ સિવાય વિદ્યાન માનેએ મીડિયાને આપેલા એક ઇન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે ૨૩ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ લગ્નની તૈયારીઓ દરમિયાન પલાશ અન્ય મહિલા સાથે વાંધાજનક હાલતમાં ઝડપાયો હતો. જેના કારણે ભારતીય મહિલા ક્રિકેટરોએ તેને ઠપકો આપ્યો હતો અને તેના લગ્ન રદ થયા હતા. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પલાશ મુચ્છલે ઇન્સ્ટાગ્રામ દ્વારા વિદ્યાન માનેના આક્ષેપોનો જવાબ આપ્યો છે. પલાશ મુચ્છલે ઇન્સ્ટાગ્રામ પર જણાવ્યું કે, મારા વકીલ શ્રેયાંશ મિથારેએ સાંગલીના નિવાસી વિદ્યાન માનેએ મારી પ્રતિષ્ઠા અને ચરિત્રને જાણીજોઈને ખરાબ કરવાના ખરાબ આશયથી લગાવેલા ખોટા, અભદ્ર અને અત્યંત બદનક્ષીભર્યા આરોપો બદલ ૧૦ કરોડ રૂપિયાની માનહાનિની કાનૂની નોટિસ મોકલી છે. ઉલ્લેખનીય છે કે સ્મૃતિ મંદાના સાથે લગ્ન તૂટ્યા બાદ પલાશ મુચ્છલે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, તેમની પ્રાઇવસીનો આદર કરવામાં આવે. તેમના વિશે ખોટી વાતો ન ચલાવવામાં આવે. અન્યથા તેમની લીગલ ટીમ તેનો જવાબ આપશે.

## પારસી મરણ

અસ્પી બેહરામજી એન્જિનિયર તે મરહુમો મની તથા અસ્પી બેહરામજી એન્જિનિયરના દીકરા. તે નરીમાન એ. ઇરાનીના ફ્રેન્ડ.(ઉં. વ. ૭૫) રે. ઠે. મોતીવાલા મેન્શન, ૫મે માળે, ૬૬-બી ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૪૦૦૦૩૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૬-૧-૨૬ને બપોરે ૩.૪૫ કલાકે ગ્રાન્ટ રોડ કામા બાગ અગિયારીમાં.

આરમયતી પી. પંથકી તે પેટરાસ્પ પી. પંથકીના ધણીયાની. તે મરહુમો રોશન તથા બજી દાદી મિસ્ત્રીના દીકરી. તે શનાયાના ફૂઇ. તે રૂસી જાલ દારૂવાલા ને આરમયતી રૂસી દારૂવાલાના ભત્રીજી. તે ખુશરૂ, રૂઝબે તથા મરહુમ દારાયશના કઝીન બહેન. (ઉં.વ. ૫૧) રે. ઠે. ૬૬૪. રોશન મેનશન, રોડ નં.૧૩, પારસી કોલોની, દાદર, પૂર્વ, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૬-૧-૨૬ને બપોરે ૩.૪૫ કલાકે દાદર મધ્યે રૂસ્તમ ફરામ અગિયારીમાં.

## જૈન મરણ

### ઘોઘારી દશા શ્રીમાળી જૈન

ગઢડા (સ્વામીના) હાલ કાંદિવલી (પ.) સ્વ. કાશીબેન ચતુરદાસ શાહના દીકરા દિલીપભાઇના ધર્મપત્ની અ. સૌ. રમાબેન (ઉં. વ. ૭૫) તે યતિન, નિલેશના માતુશ્રી તથા નમિતા યતિન શાહ તથા નિલેશ ફાલ્ગુની શાહના સાસુ. તે સ્વ. ઇન્દુબેન વૃજલાલ બાબરીયા તથા વિમળાબેન ભૂપતરાય ગોડાના ભાભી તથા પિયર પક્ષે રોહીશાળા સ્વ. શાંતિલાલ ભૂરાભાઇ મહેતાના દીકરી તા. ૨૪-૧-૨૬ના અક્ષરધામ પામ્યા છે. તા. ૨૬-૧-૨૬ના સોમવારે સમય સાંજે ૪થી ૬, પ્રાર્થનાસભા રાખેલ છે. ઠે. સ્વામીનારાયણ મંદિર, અક્ષરધામ કોમ્પ્લેકસ, ૩જે માળે, મિલાપ પેટ્રોલ પંપ પાસે, એસ.વી. રોડ, મલાડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

જેસર નિવાસી હાલ બોરીવલી સ્વ. વાડીલાલ હરીલાલ દોશીના ધર્મપત્ની ઈંદીરાબેન, (ઉં. વ. ૮૦) તા. ૨૪/૦૧/૨૬ ના અરીહંતશરણ પામેલ છે. તે પ્રતિભા ભાવેશકુમાર (બુલબુલ) શાહ તથા પરેશ અને પિયુષના માતુશ્રી, શોભના તથા ભારતીના સાસુ. સ્વ. અમૃતલાલ, સ્વ. જયંતીલાલ, સ્વ. પ્રાણજીવનભાઈ, સ્વ. હિંમતભાઈ દોશીના ભાઈના પત્ની. પિયરપક્ષ સ્વ. લલીતાબેન ચુનીલાલ વોરા (પાલીતાણાવાળા) હાલ-ઘાટકોપરની દિકરી સ્વ. વિનુભાઈ તથા નરેન્દ્રભાઈ (નીરૂભાઈ) અને નિલેશભાઈના બેન એડ્રેસઃ એ-૫, બી-૧૦૮, યોગીધામ, યોગીનગર, બોરીવલી (વેસ્ટ), સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### દિગંબર મુમુક્ષુ જૈન

લીંબડી નિવાસી - હાલ મલાડ સ્વ. લાલચંદ બમલચંદ શેઠના સુપુત્ર બાળ બ્રહ્મચારી સુમંતલાલ લાલચંદ શેઠ (ઉં. વ. ૮૩) તેમનું તા. ૨૪-૦૧-૨૬ ના દેહ પરિવર્તન થયેલ છે. તે સ્વ. ભૂપેન્દ્રભાઈ, દિલીપભાઈ, મધુબાલા પ્રવિણચંદ્ર, ઇન્દિરાબેન ધીરજલાલ, વિણાબેન કીર્તિભાઈ, ચંદ્રિકાબેન છબીલદાસ, પ્રફુલ્લાબેન ભરતભાઈ, કલ્પનાબેન નરેન્દ્રભાઈનાં મોટાભાઈ, તે ભારતીબેન ભૂપેન્દ્રભાઈ તથા રેખાબેન દિલીપભાઈ શેઠના જેઠ. તે પેરિલા ભૂપેન્દ્રભાઈ, જિનલ રાજભાઈ, રીતલ કેતુલકુમાર, હિરલ ગુલશનકુમારના મોટા કાકા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. એ-૨,૭ ઈશ્વર ભુવન, રાણી સતી માર્ગ, મલાડ (ઈ) મુંબઈ- ૪૦૦૦૯૭.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

ભુજપુરના કેતન હરીલાલ દેઢિયા (ઉં. વ. ૪૮) તા. ૨૩.૦૧.૨૬ નાં અવસાન પામેલ છે. પાનબાઈ હંસરાજના પૌત્ર. નિર્મળા હરીલાલના સુપુત્ર. લીનાના ભાઈ. રતાડીયા ગણેશના, ગંગાબેન ગાંગજી માફ્રુના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : લીના ચેતન છેડા, ૬૦૧, પૃથ્વી સોસા., ડો. આર.પી. ક્રોસ રોડ ડોમ્બીવલી (ઈસ્ટ).

બાડાના અ.સૌ. પાનબાઈ વલ્લભજી ગડા (ઉં. વ. ૮૮) તા. ૨૪-૧-૨૬ ના રોજ અવસાન પામેલ છે. પાનબાઈ ભાણજી મુરગના પુત્રવધુ. વલ્લભજીના પત્ની. રોહિત, કેતનના માતુશ્રી. દેવકાબેન નાનજી ના પુત્રી. બાબુ, ચંચલબેન, નેણબાઈ, ઝવેરબેનના બેન. પ્રાર્થના : મંગળવાર, તા. ૨૭-૧-૨૬, સાંજે ૪ થી ૫.૩૦. સ્થળઃ યોગી સભાગૃહ, દાદર (ઈ).

પુનડીના પ્રેમજી વેલજી નંદુ (ઉં. વ. ૯૧) તા. ૨૩-૦૧-૨૬ના અવસાન પામેલ છે. કુંવરબેન વેલજી નાંગશીના પુત્ર. પુષ્પાબેનના પતિ. જયંત, જયેશ, નિલેશના પિતા. વાલજી, મંગલ, કોડાયના પ્રભાબેન નાનજી, લીલાવંતી શાંતિલાલના ભાઈ. કાંડાગરાના મુરીબેન વેલજીના જમાઈ. પ્રા. શ્રી. વ.સ્થા.જૈ.શ્રા.સં. શ્રી કરસન લઘુ નિસર હોલ, દાદર (વે), સમય ૪ થી ૫:૩૦.

## હિન્દુ મરણ

### હાલાઇ લોહાણા

જોડિયા જૂનાગઢ નિવાસી હાલ મુંબઇ સ્વ. હરીદાસ રાચના પુત્ર સ્વ. ધીરેન્દ્રભાઇના પત્ની ગં. સ્વ. ભારતીબેન (ઉં. વ. ૭૧) તા. ૨૪-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હિમાંશુ, રૂષભના માતુશ્રી. રૂપાલી, ખુશ્બુના સાસુ. ધૈર્ય, મીરાંશીના દાદી. ગં. સ્વ. આશાબેન જગદીશભાઇના દેરાણી. પિયર પક્ષે અનસુયાબેન મોહનલાલ મસરાણીના દીકરી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬-૧-૨૬ના, સોમવારના સાંજે ૫થી ૭. ઠે. જલારામ હોલ, એન. એસ. રોડ. નં.૬, હાટકેશ સોસાયટી, જોગર્સ પાર્કની બાજુમાં, જે.વી.પી.ડી. સ્કીમ, વિલેપાર્લે (વેસ્ટ).

### કચ્છી લોહાણા

સ્વ. સીતાબેન જમનાદાસ કેશરીયા ગામ કચ્છ સાભરાઇવાળાના મોટા પુત્ર સ્વ. લાલજીભાઇ (ઉં. વ.૭૩) તે જયશ્રીબેનના પતિ. તે અનીલ તથા રાકેશના પિતાશ્રી. તે દીપાબેન તથા સરીતાબેનના સસરા. તે સ્વ. હરીશભાઇ, મોહનભાઇ, સ્વ. કીર્તીભાઇ, સ્વ. જગદીશભાઇ તથા રમેશભાઇના મોટા ભાઇ. સ્વ. વેલજી શીવજી ગુગરીયા કચ્છ ગામ મુન્દ્રાવાળા હાલે મુલુંડવાળાના જમાઇ તા. ૨૩-૧-૨૬ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૬-૧-૨૬ સોમવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, પહેલે માળે, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી લોહાણા

સ્વ. સીતાબહેન જમનાદાસ કેશરિયા કચ્છ ગામ સાભરાઇ હાલ મુલુંડ ચેકનાકાવાળાનાં મોટાપુત્ર સ્વ. ઠા. લાલજીભાઇ જમનાદાસ કેશરિયા (ઉં. વ. ૭૩) તે ગં. સ્વ. જયશ્રીબેનના પતિ. તે અનીલ તથા રાકેશના પિતાશ્રી. તે દીપાબેન તથા સરિતાબેનનાં સસરાજી. તે સ્વ. હરીશભાઇ. મોહનભાઇ, સ્વ. કિર્તિભાઇ, સ્વ. જગદીશભાઇ તથા રમેશભાઇના મોટાભાઇ. તે સ્વ. વેલજી શીવજી ગુગરીયા કચ્છ ગામ મુન્દ્રા હાલ મુલુંડવાળાના જમાઇ તા. ૨૩-૧-૨૬ના શ્રીરામશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૬-૧-૨૬ સોમવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, ૧લે માળે, રામરત્ન ત્રિવેદી રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

### ઘોઘારી લોહાણા

ત્રંબોડા નિવાસી હાલ મુંબઈ સ્વ. સુરેશ હરખજી જસાણી (ઉં. વ. ૭૫) તે સ્વ. હરખજી વીરજી જસાણી અને સ્વ. જમનાબેન હરખજી જસાણીનાં સુપુત્ર તે સ્વ. રંજનબેનનાં પતિ તે જયશ્રી દિલીપ, રમેશ, પ્રકાશનાં મોટાભાઈ તે સૌ. ફાલ્ગુની ધર્મેશ પરીખ અને સૌ. દિશા ઉજ્વલ માનેનાં પિતાશ્રી તે સ્વ. વસંતજી રાછ નાં જમાઈ તા. ૨૪/૦૧/૨૬નાં શનીવારે શ્રીજી ચરણ પામેલ છે તેમની પ્રાર્થનાસભા તા.૨૬/૦૧/૨૬ નાં સોમવાર નાં રોજ ૦૪.૦૦ થી ૦૬.૦૦ સાંજે રાખેલ છે.સ્થળ : કેવલબાગ, કિલાચંદ રોડ, શંકરગલ્લી ની સામે, કાંદિવલી પશ્ચિમ.

### હાલાઈ લોહાણા

મેંદરડા (હાલ કાંદીવલી), રમણીકલાલ (ઉં. વ. ૮૬) તે સ્વ.સંતોકબેન રૂગનાથ દેવાણીના પુત્ર. રમીલાબેનના પતિ. અમિત-મિલોની, ભારતી જયેશ કુમાર, દિપ્તી મનોજ કુમારના પિતાશ્રી. જશના દાદા. સ્વ. પ્રભુદાસ, સ્વ. શાંતિલાલ, સ્વ. દિનેશ, સ્વઃ મંગળા બેન, સ્વ. ચંપાબેન, સ્વ. નિર્મળા બેન, સ્વ. ચંદ્રિકા બેન, પ્રવીણાબેનના ભાઈ, સ્વ. મણીબેન રામજી વિઠ્ઠલાણીના જમાઈ, તા. ૨૪-૦૧-૨૬ ના શ્રીજી ચરણ પામેલ છે, બંને પક્ષની પ્રાર્થના સભા ૨૬-૦૧-૨૬ સોમવાર ના સાંજે ૫ થી ૭ દૈવી ઇટરનીટી બેન્કવેટ હોલ, ચોથે માળે, એમ.કે ભાટિયા સ્કૂલની સામે, સાંઈબાબા નગર, બોરીવલી(વે) ના રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### સોરઠીયા બ્રહ્મક્ષત્રિય

મૂળ ગામ શીલ માંગરોળ હાલ નવસારી રમેશચંદ્ર જુઠાલાલ સેતા (ઉં. વ. ૭૭) તા.૨૦/૦૧/૨૬ના રોજ નવસારી મુકામે શ્રીજી ચરણ પામેલ છે. તે કલાવતીના પતિ. સ્વ. ડાહીબેન જુઠાલાલ સેતાના પુત્ર. તે સ્વ. રજનીકાંત જુઠાલાલ સેતા (મુંબઈ), સ્વ. પુષ્પાબેન કિશોરચંદ્ર ધંધા (મુંબઈ), સ્વ. વનિતાબેન વલ્લભદાસ જગડ (બારડોલી)ના ભાઈ. ડિમ્પલ મેહુલકુમાર નિર્મલ, અનિતા સુકેતુકુમાર જોગી, અલકા શશીકાંત છાટબાર અને ભાવેશના પિતાશ્રી, અંજલીના સસરા. સ્વ. દુર્લભજી તુલસીદાસ પડિયા (મલાડ)ના જમાઈ. પ્રાર્થના સભા તા. ૨૬/૦૧/૨૦૨૬ ના સાંજે ૪:૦૦ થી ૬.૦૦ સ્થળઃ હાલાઈ લોહાણા વાડી, ૨જે માળે, શંકર મંદિર ની બાજુમાં, કાંદીવલી વેસ્ટ.

### ઘોઘારી લોહાણા

ગરમલી નિવાસી હાલ દહિસર સ્વ. છગનભાઇ કોટડીયાના ધર્મપત્ની ગં.સ્વ. લલિતાબેન (ઉં. વ. ૯૦) તે, બાવચંદભાઇ હિંમતભાઈ, વિનુભાઈ,રમેશભાઈ તથા રસિકભાઈના માતુશ્રી. સ્વ. જયાબેન, શારદાબેન, દિવ્યાબેન, હર્ષાબેન તથા સંગીતાબેનના સાસુ. વિપુલ, ધર્મેશ, નયન, કલ્પેશ, ચિરાગ, મીત, મિહિર, હિનાના દાદી, તે પિયરપક્ષે સ્વ. રણછોડભાઈ હીરાભાઈ સરૈયા આંબરડીના દીકરી. તે ૨૫/૧/૨૬ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની બંનેપક્ષની પ્રાર્થનાસભા ૨૬/૧/૨૬ ના રોજ ૫ થી ૭ કલાકે બોનાવેંચર કલબ હોલ, રંગનાથ કાસકર રોડ,પીટરવડી, દહિસર વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### મોઢ વણિક

જૂનાગઢના હાલ મુંબઈ નિવાસી સ્વર્ગીય દિનેશભાઈ પારેખના પત્ની અરુણાબેન પારેખ (ઉં. વ. ૮૬) તા-૨૦-૧-૨૬ મંગળવારના શ્રીજી ચરણ પામ્યા છે. તે જતીનભાઈ, નિમેષભાઈ અને કિરણભાઈના માતુશ્રી તથા પારુલ બેન, દેવિકાબેન અને પૂજાબેનના સાસુ. સ્વ. ધનલક્ષ્મીબેન ડાયાલાલ શાહના પુત્રી. સ્વ. ભરતભાઈ, અતુલભાઇ અને સ્વ. હિતેશભાઈના બહેન. લૌકિક પ્રથા બંધ છે.

### હાલાઈ લોહાણા

લલિત ચંદ્રકાંત ઠકરાર (ઉં. વ. ૫૫) હાલ કાંદીવલી તે સ્વ. ઇન્દિરાબેન તથા સ્વ. ચંદ્રકાન્ત કેશવલાલ ઠકરારના મોટા પુત્ર. તે અ.સૌ. પ્રીતિ યોગેશકુમાર પોપટ તથા આનંદ અને સમીરના મોટાભાઈ તે અ.સૌ. રૂપાલી તથા અ.સૌ. જ્યોતિના જેઠ તે સ્વ. મથુરાદાસ તથા સુધીરભાઈના ભત્રીજા. તે કરણ, કિન્નરી, ત્રીશાના મોટા પપ્પા. રવિવાર, તા. ૨૫/૦૧/૨૬ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

## મનન

# માનસિક પાપ

હેમંત વાળા
feedback@bombaysamachar.com



શાસ્ત્રોમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે 'મનસા - વાચા - કર્મણા'ના સિદ્ધાંત અનુસાર પાપ મન, વચન અને કર્મ, એ ત્રણ માધ્યમથી થઈ શકે. માનસિક પાપ એટલે મન દ્વારા કરાતાં પાપની સૂચિમાં કોઈ દૂષિત વિચાર, અસત્ય કથન, કાલ્પનિક વ્યભિચાર, કોઈની માટે મનમાં સ્થાપિત થયેલ દ્વેષ, સૂક્ષ્મ હિંસા, અહંકાર, ક્રોધ-ગ્રસ્ત થઈ અન્યને હાનિ કે દુઃખ પહોંચાડવાની ભાવના જેવી બાબતોનો સમાવેશ થાય. આ કોઈ શારીરિક ક્રિયા નથી પરંતુ મનની અંદર ઉદ્ભવતી દુષ્ટ ભાવના છે. વચન દ્વારા કરાતું પાપ એટલે અસત્ય તથા કટુવાણી ઉપરાંત વાણીના માધ્યમથી જે કંઈ કુકર્મ કરવામાં આવે તે બધી જ બાબતો. અહીં કોઈનું અપમાન હોઈ શકે, કપટ કે પ્રપંચ હોઈ શકે, સ્વાર્થ સાધવાનો પ્રયત્ન હોઈ શકે, અયોગ્ય અને ખોટું અર્થઘટન હોઈ શકે કે અજ્ઞાન અને અવિદ્યાનો પ્રસાર હોઈ શકે. કર્મ એટલે કે કાર્ય આધારિત પાપ જે શરીર દ્વારા આચરવામાં આવે. આ પાપ વધુ ઉગ્રતાથી પ્રતીત થાય. કર્મ કે શરીર આધારિત પાપમાં હિંસા જેવી શારીરિક ક્રિયાનો સમાવેશ થાય. પાપ એટલે જ પતનની શરૂઆત, પરંતુ એમ કહેવામાં આવે છે કે માનસિક પાપથી વ્યક્તિનું મન, બુદ્ધિ, ચિત્ત અને સંસ્કારના સ્તરે અધઃપતન થતું હોય છે.

શાસ્ત્રમાં માનસિક પાપના પણ મુખ્યત્વે ત્રણ પ્રકાર માનવામાં આવ્યા છે; કામ, ક્રોધ અને મોહ. કામમાં અશુદ્ધ કામના, અયોગ્ય લાલસા કે લાલચ, અનૈતિક વાસના, અવાસ્તવિક મહેચ્છા તથા અન્યના હિતને હડપ કરી લેવાની કે તેનું શોષણ કરવાની ઈચ્છા જેવી બાબતોનો સમાવેશ થાય. ક્રોધ એટલે ઈચ્છિત પરિણામ કે ઇચ્છિત પરિસ્થિતિ સ્થાપિત ન થતા ઉદ્ભવતો હિંસક ભાવ, દ્વેષ કે બદલો લેવાની ઈચ્છા તથા વિવેક તેમજ સંયમથી વિપરીત સ્થિતિ કહી શકાય. મોહ એટલે રાગ આધારિત સ્થાપિત થતો પક્ષપાત. અહીં કહેવાતો પ્રેમ અનિચ્છનીય માત્રા સુધી, અયોગ્ય હેતુસર, વ્યક્તિગત કામના સિદ્ધ કરવા માટે, વાસ્તવિકતાની જાણકારી હોવા છતાં, વધી જાય. આ પ્રેમ જ મોહનું સ્વરૂપ ધારણ કરી દે. જ્યાં 'હું' અને 'મારું'નો પ્રભાવ હોય ત્યાં મોહની સાથે અહંકાર સંકળાય. શાસ્ત્રો અનુસાર આ માનસિક પાપના મૂળમાં ત્રણ બાબતો હોય છે, આત્માના પ્રકાશને આવરણથી ઢાંકી દેતી અવિદ્યા, ભૂતકાળમાં સ્થાપિત થયેલ દુષ્ટ સંસ્કાર તથા ઇન્દ્રિયો પ્રત્યે ચિત્તની ચપળતા.

માનસિક પાપની પ્રક્રિયા વિશે ઉલ્લેખ કરતા ગીતામાં એક અદ્ભુત વાત કહેવામાં આવી છે. અહીં જણાવાયું છે કે 'જ્યારે મનુષ્ય વિષયો - ઇચ્છાઓ પર તીવ્રતાથી ધ્યાન કેન્દ્રિત કરે ત્યારે તે વિષયમાં આસક્તિ થાય. આસક્તિમાંથી કામના જાગે અને કામમાંથી ક્રોધ, ક્રોધથી મોહ, મોહથી સ્મૃતિભ્રમ, સ્મૃતિભ્રમથી બુદ્ધિનો નાશ થાય. જ્યારે બુદ્ધિનો નાશ થાય ત્યારે વ્યક્તિનું પતન થાય'. અહીં વિષયોનાં ચિંતનને માનસિક પાપનું મૂળ જણાવ્યું છે તેમ કહી શકાય, અર્થાત, માનસિક પાપની શરૂઆત મનના અયોગ્ય વિચારોથી થાય. સંયમ અને મનોનિગ્રહથી તેનું નિયંત્રણ શક્ય છે, આ માટે ભક્તિ - યોગ - સાધના - જ્ઞાનપ્રાપ્તિ જેવા સાધનો ઉપયોગી થઈ શકે અને આ સમગ્ર પ્રક્રિયાથી મન નિર્વિકલ્પ બને ત્યારે આત્મજ્ઞાન એટલે કે મોક્ષનો માર્ગ પ્રશસ્ત થાય. ઇન્દ્રિયોને સંયમમાં રાખી, મનને નિયંત્રિત કરી, વિવેક આધારિત વ્યવહાર કરવાથી માનસિક પાપ અટકી શકે. સંપૂર્ણ જ્ઞાન અને સભાનતા સાથે પ્રત્યે વિચાર, પ્રત્યેક ભાવ અને પ્રત્યેક કર્મ ઈશ્વરને સમર્પિત કરવાથી પણ માનસિક પાપથી મુક્તિ મળી શકે. યોગસૂત્ર પ્રમાણે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ જેવા યમનું પાલન, માનસિક પાપ નિવારણનું પ્રથમ ડગલું બની શકે. એમ પણ કહી શકાય કે માનસિક પાપનું મૂળ 'અજ્ઞાન' છે.

એકંદરે એમ કહી શકાય કે માનસિક પાપમાં કોઈ વ્યક્તિ માટે દુર્ભાવના, દ્વેષ, રોષ, ઈર્ષા, લાલચ, બદલો કે અહંકારનો ભાવ, અન્યને નુકસાન પહોંચાડવાની કે અપમાનિત કરવાની ઈચ્છા જેવી બાબતોનો સમાવેશ થતો હોય છે. ભલે બાહ્ય સ્વરૂપે આ ક્રિયા પ્રગટ ન થાય તો પણ તેની નકારાત્મક અસર તો રહેવાની. એમ કહી શકાય કે માનસિક પાપ દ્વારા, વાણી તથા શારીરિક પાપ માટેનું બીજ વવાય. માનસિક પાપની સરખામણીમાં સૂક્ષ્મ પાપ ચેતનાના અત્યંત નાજુક સ્તરે થતી પાશવી ઘટના છે. ક્યારેક તો અહીં સીધી ઈચ્છા પણ ન હોય, છતાં પણ અજ્ઞાન, અહંકાર, અસાવધાનતા, અયોગ્ય ઉદાસીનતા, અસંવેદનશીલતા કે વૈચારિક નિયંત્રણના અભાવને કારણે સૂક્ષ્મ પાપ થતું હોય છે. ક્યારેક કુદ્રષ્ટિની ગણતરી પણ સૂક્ષ્મ પાપમાં થઈ શકે.

માનસિક પાપ મનના સ્તરે રહે અને તેની સાથે ક્યાં ઈચ્છા જોડાયેલી હોય જ્યારે સૂક્ષ્મ પાપ અહંકારના સ્તરે રહે અને ક્યારેક તો તેના અસ્તિત્વની જાણ પણ ન હોય. માનસિક પાપ સ્પષ્ટ રીતે જાણી શકાય જ્યારે સૂક્ષ્મ પાપ અદ્રશ્ય અને ગુહ્ય રહે. સૂક્ષ્મ પાપનું કારણ અતિ નાજુક સ્તરનું અશુદ્ધ તથા અસંયમિત ચેતન છે, જેમાં અહંકાર, અજ્ઞાન અથવા સૂક્ષ્મ સ્વાર્થ હજી શેષ રહે છે. અહીં વ્યક્તિ બાહ્ય રીતે શુદ્ધ લાગે, પરંતુ અંદર હજી 'હું', 'મારું', 'મારા દ્વારા'નો અહંકાર કાર્યરત હોય.

શાસ્ત્રોમાં સ્પષ્ટપણે કહેવાયું છે કે મન પતનનું કારણ પણ બની શકે અને ઉદ્ધારનો આધાર પણ બની શકે. અશુદ્ધ મન દ્વારા જે પ્રક્રિયા થાય તે માનસિક પાપમાં પરિણમે જ્યારે શુદ્ધ મન માનવીને ઉચ્ચ સ્તરે લઈ જઈ શકે. શારીરિક સ્તરે કરેલું કામ તો જોઈ શકાય પરંતુ માનસિક કરેલું પાપ ભાગ્યે જ અન્યના ધ્યાનમાં આવે.

શારીરિક પાપની તો સમાજ સજા પણ આપે પરંતુ માનસિક પાપ દરેક પ્રકારની સજાથી મુક્ત રહે, અને તેથી માનસિક પાપનો વ્યાપ અકલ્પનીય માત્ર સુધી વિસ્તરેલો હોય અને તેની સૂક્ષ્મ પ્રખરતા પણ વધુ હોય. ■

# ફક્ત અન્ન જ આહાર નથી, ઇન્દ્રિયો જે વિષયો ભોગવે છે તે પણ આહાર છે

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



આજે કોઈ શ્રોતાએ એવું પૂછ્યું છે કે એકાદશી કરવાથી ભગવાન મળે? એકાદશીના વ્રતથી થોડી શુદ્ધિ જરૂર થાય.

आहारशुद्धे सत्वशुद्धि
सत्वशुद्धे घ्रुवा स्मृतिः।

શ્રુતિ છાંદોગ્ય કહે છે. એકાદશીનો મહિમા તો છે જ. અને તમે કરી શકો તો જરૂર કરો. હું કરું છું તેથી કહું છું. ક્યારેક ભૂલી પણ જાઉં છું તો કહી દઉં છું કે ભૂલી ગયો. સવારે ક્યારેક અન્નનો નાસ્તો કરી લઉં છું તો કહી દઉં છું કે ભૂલી ગયો. એકાદશીથી શુદ્ધિ થશે. બહુ ભૂખ્યો માણસ પાપ કરે છે. બહુ ભૂખ્યો ભૂલ કરવા લાગે છે, આક્રોશમાં આવી જાય છે. અક્કડ થઇ જાય છે, ઉગ્ર થઇ જાય છે. સમજીને વ્રતના રૂપમાં ભૂખ્યો રહે તે વિનમ્ર થઇ જાય છે.

बुभुक्षित : किं न करोतिं पापं-ક્ષ્ઙ એ દ્રષ્ટિથી લો તો જે બહુ ભૂખ્યા રહે છે, તે ઉગ્ર થઈ જાય છે પણ સમજદારી સહે વ્રતના રૂપમાં, તો કેમે કરીને પણ કરો તો વિનમ્રતા આવે છે. ભૂખ્યાપણું માણસને વિનમ્ર બનાવે છે. ઉપનિષદોએ કહ્યું કે सत्वशुद्धे धुवा स्मृति :- આહારની વાત જે આવી છે, છાંદોગ્ય શ્રુતિમાં ત્યાં શંકરાચાર્ય મહારાજનું પણ ભાષ્ય છે, રામાનુજ ભગવાનનું પણ ભાષ્ય છે. બંને હું વાંચી ગયો છું.

અમારે અહીં જે જે આચાર્યો થઈ ગયા, તેઓએ ત્રણ પર ભાષ્ય લખવું પડતું હતું ગીતા, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર. આ ત્રણે પર ભાષ્ય ન લખે, ત્યાં સુધી એને આચાર્યની પદવી નહોતી મળતી. આદિ શંકરાચાર્યે, રામાનુજ ભગવાને, નિમ્બર્કાચાર્યે, શ્રીમદ્ મહાપ્રભુજી વલ્લભે, જેણે બારીમાંથી હરિને જોયા, એ પ્રમાણે દર્શન લખ્યું. પોતાના ઢંગથી લખ્યાં.

મારા સ્મરણમાં જે આવી રહ્યું છે તે કહું. શંકરાચાર્ય મહારાજે જે કારિકા લખી છે, છાંદોગ્ય પર,તેમાં આહારનો અર્થ અન્ન જ ફક્ત નથી કર્યો. ભોજન કરો છો, તે જ માત્ર આહાર નથી, ભગવાન શંકરાચાર્ય કહે છે. ઇન્દ્રિયોના બધા વિષયો એનો આહાર છે. નેત્ર કંઈ પણ જુએ છે, જાણે નેત્ર એને ખાઈ રહ્યા છે. તમારા કાનમાં કોઈપણ શબ્દ જઈ રહ્યા છે, તે કાનથી તમે શબ્દો ખાઈ રહ્યાં છો. શબ્દ તમારા કાનનો આહાર છે. તમે બોલી રહ્યા છો, એ વાણીનો ભોગ છે. જે ચીજ ખાતાં જાઓ, એ ઓછી થતી જાય છે. તમે કોઈને સ્પર્શ કરો છો, એ આહાર તમારો ભોગ છે. તમે ગંધ લ્યો છો તે તમારો આહાર છે. એને શંકરાચાર્ય આહાર કહે છે. એ ઇન્દ્રિયોના જે વિષયો, તમારી ભક્ષણવૃત્તિ છે,એમાં શુદ્ધિ રાખો કે શું જોવું, શું ન જોવું. એકાદશીના દિવસે શું ખાવું, શું ન ખાવું? એ આંખોનો આહાર થઈ ગયો. શું સાંભળવું, શું ન સાંભળવું એ વિવેકથી નિર્ણય કરો, એ તમારો શુદ્ધ આહાર થઈ ગયો.

એકાદશી કરો, સાંભળો જ નહીં, જુઓ જ નહીં, નિર્વિકલ્પ થઈ જાઓ, નિરાહારી થઈ જાઓ, એ શુદ્ધ આહાર થઈ ગયો.પણ માનો કે આ નહીં થયું, તો કમસેકમ એ બધું જોવાની દિશા બદલો, તમારી સ્મૃતિ ધ્રુવા બની જાય. અચલ બની જશે. અર્જુનને જે સ્મૃતિ ખોવાઈ ગઈ હતી, ભુલાઈ ગઈ હતી, એ આવી ગઈ. તમને આવું નહીં થાય. તમારી એ નિત્ય સ્મૃતિ બની જશે, હું કોણ છું, હું બ્રહ્મ છું, આદિ સ્મૃતિ બની રહેશે.

હાથનો આહાર સ્પર્શ છે, પણ કોને સ્પર્શ કરવો, કોને નહીં કરવો, એનો વિવેક રાખો. અપવિત્ર વસ્તુને અમે નહીં અડકીએ, ભગવાન શંકરાચાર્યે આહારને આ દ્રષ્ટિમાં રાખ્યો. ચાલો રામાનુજ પાસે-દક્ષિણ આચાર્યોનો મૂલક છે, દક્ષિણે બહુ આચાર્યો આપ્યા. મેં શંકરાચાર્યની ભૂમિમાં તો કથા કરી. શ્રીમદ્ મહાપ્રભુજીનો જન્મ જ્યાં થયો, આમ તો એ છે સાઉથના,પણ જન્મ ચંપારણ્યમાં થયો હતો, ત્યાં પણ કથા થઈ છે. નિમ્બાર્ક મહારાજની જન્મસ્થળીમાં નહીં સંભળાવી છે. રામાનુજ અહીંથી બહુ નજીક છે. રામાનુજાચાર્યની જન્મભૂમિ દૂર તો નથી- દક્ષિણના ગામના નામ યાદ રહેતા નથી. वण्डाअन्डे એ જે જ્યાં ભૂમિ છે, જ્યાં હો, ત્યાં કથા કરવાની છે, ભગવાન રામાનુજની જન્મભૂમિમાં.

અહીંથી ભાષા આવડતી નથી खडाण्डे खडाण्डा બે જણાં બોલતા હોય ત્યારે આપણને બહુ આનંદ આવે. કહેવાનો મારો મતલબ, મેરે ભાઈ-બહેન, રામાનુજ ભગવાનનું દર્શન છે કે છાંદોગ્ય ઉપનિષદમાં આહારને આહાર કહ્યો છે પણ શરત છે.

આહાર એટલે તમે જે ખાઈ રહ્યા છો, પછી રામાનુજે, જેટલો શંકરાચાર્યે વિસ્તાર કર્યો એટલો નથી કર્યો પણ એમણે ત્રણ વાત સરસ દર્શાવી, એમણે કહ્યું કે આહાર કરવો એટલે ખાઓ, તમે જે કહી રહ્યા છો, એની જાતિ શુદ્ધ હોવી જોઈએ. તમારી ધ્રુવાસ્મૃતિ ત્યારે બનશે અને એ જ ધ્રુવાસ્મૃતિ તમને બંધનથી મુક્ત કરશે, ચિંતાથી મુક્ત કરશે, શાંતિથી સ્થિતોસ્મિ કરી દેશે. એ ત્યારે થશે, જ્યારે તમારી ભોજનની જાતિ શુદ્ધ હશે. માંસ, ભક્ષ્યા ભક્ષ્ય આહાર ન હો અને શાસ્ત્રે જેની મના કરી છે, એ ન ખાઓ, ન ખાઓ. ઠાકોરજીને જેનો ભોગ લગાવી શકો, એવી વસ્તુ ખાઓ.

બીજી વાત એનો આશ્રય શુદ્ધ હો, એ ચીજ જ્યાં રાખી હોય,એ શુદ્ધ હો. એવા પાત્રમાં ન રાખી હોય,એવી જગ્યાએ ન રાખી હો. વસ્તુ શુદ્ધ છે, પણ આશ્રય શુદ્ધ નથી, તો ભગવાન માટે એ ભોગ્ય નહીં બની શકે. બ્રહ્મજ્ઞાની ખાય છે થોડું, ખાય છે તો અમારી જેમ, પણ બ્રહ્મજ્ઞાની મોઢામાં આહુતિ નાખે છે, ભીતર બ્રહ્મ બેઠો છે, એને આહુતિ આપે છે. બ્રહ્મજ્ઞાની ખાશે નહીં તો મરશે. ખાવું એને પણ પડશે, પણ આહુતિની જેમ ખાય છે.

इदम् अग्जये न मम् - દરેક કોળિયે એ હરિને યાદ કરે છે. ભોજનની જાતિ શુદ્ધ હો, એનો આશ્રય શુદ્ધ હો. ફ્રીજમાં તમે ભગવાનને અર્પણ કરવાની વસ્તુ રાખી હોય, ત્યાં બાજુમાં ઈંડા ન હો. આશ્રય અશુદ્ધ થઈ જશે.


ધ્રુવસ્મૃતિ માટે આ બધું નિભાવવાનું મુશ્કેલ છે. કદી ક્યાંય ચૂકી જવાય, યા વ્રત તૂટી જાય, તો ચિંતા નહીં કરતા. એ સમયે વધુ હરિનામ જપી લેજો. હું તો કહું છું, પહેલાં કહ્યું છે, આપ જાણો છો. સવારે જાગતાં પહેલાં, જાગતાં જ એક વાર હનુમાનચાલીસા કરી લ્યો તો રોજ એકાદશી, મારો અગ્યારમો રુદ્ર છે. તમારી ઇન્દ્રિયો ઠીક જગા પર ચાલે, તો એ એકાદશી છે. તમે વાણીને રોકીને, મૌન રહીને તમે હરિસ્મરણમાં જ રહો, એ એકાદશી છે.

- સંકલન : જયદેવ માંકડ

# મારા જીવનનો પ્રથમ ઉદ્દેશ ભગવાન શિવના દર્શન છે, ગૃહસ્થાશ્રમ બીજો વિકલ્પ

## શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com



ચંપારણ્ય રાજા ભદ્રાયુ અને રાણી કીર્તિમાલીનીની ધર્મમાં દૃઢતા અને શરણાગતોનું પાલન કરવાની કેટલી ક્ષમતા છે તે જાણવા ભગવાન શિવે એક લીલા રચી. માતા પાર્વતી અને ભગવાન શિવે એ બ્રાહ્મણ અને બ્રાહ્મણીરૂપે પ્રગટ થયાં અને એક માયાવી વાઘનું નિર્માણ કરી રાજા ભદ્રાયુ સામે આવી પહોંચ્યા. વાઘે બ્રાહ્મણીને બળપૂર્વક ઘસડતો ઘસડતો ત્યાંથી દૂર નીકળી ગયો. રાજા ભદ્રાયુ કંઈ કરી ન શક્યા. બ્રાહ્મણે રડતાં રડતાં કહ્યું, 'હે રાજન! દુઃખીઓની રક્ષા કરનારું તમારું એ વિશાળ ધનુષ્ય ક્યાં ગયું? તમારી સામે મારી પત્નીને વાઘ ભક્ષણ કરવા ઘસડી ગયો તમે કંઈ ન કરી શક્યા.' રાજા ભદ્રાયુએ માફી માગી અને કહ્યું હું આપને આધિન છે, બોલો આપ શું ચાહો છો.' બ્રાહ્મણ બોલ્યા, હે રાજન! મારી પત્નીને વાઘ ભક્ષણ કરી ગયો મારી પત્ની જતી રહી, મેં ક્યારેય કામભોગનો ઉપયોગ કર્યો નથી. એટલે કામભોગને માટે તમે તમારી આ રાણી મને આપી દો. રાજા ભદ્રાયુએ તેમને સમજાવતાં કહ્યું, 'પારકી સ્ત્રીનો સ્પર્શ પુણ્યને નાશ કરનાર અને સ્વર્ગનો દરવાજો બંધ કરનાર કાર્ય છે. આ પાપકર્મ કોઈપણ ધોઈ શકતું નથી. શું તમારે આ આયખું બરબાદ કરવું છે?' બ્રાહ્મણના વેશમાં ભગવાન શિવે કહ્યું, 'હે રાજન, હું મારી તપસ્યા અને દૈવીક શક્તિથી બ્રહ્મહત્યા અને મદિરાપાન જેવાં પાપનો પણ નાશ કરી શકીશ, પછી પરસ્ત્રી-સંગમની તો વાત જ ક્યાં રહી. આપ તમારી ભાર્યા મને આપી દો અન્યથા તમે પોતે નિશ્ચિત જ નરકમાં જશો અને બ્રહ્મહત્યાનું પાપ તો ખરું જ!' આટલું સાંભળતાં જ રાજા ભદ્રાયુએ કીર્તિમાલીનીને બ્રાહ્મણને સોંપી આગ પ્રજ્વલિત કરી. અગ્નિની પરિક્રમા કરી એકાગ્રચિત્તે ભગવાન શિવનું ધ્યાન ધર્યું અને કહ્યું, 'હે દેવાધિદેવ મહાદેવ! હું મારા જીવનમાં એક પરાક્રમી રાજા તરીકે નિષ્ફળ થયો છું, મારી આંખ સામે બ્રાહ્મણ પત્નીને વાઘ પોતાનો કોળિયો બનાવી ગયો. હું તેને બચાવી ન શક્યો, બ્રાહ્મણ દેવતાની ઇચ્છાને માન આપી મારી પત્ની એમને સોંપી રહ્યો છું. પત્નીને બીજાને સોંપી આ દુનિયામાં રહેવા હું ઇચ્છતો નથી. મને અગ્નિ દેવતાની શરણે જવા અનુમતિ આપો.' આ રીતે અગ્નિમાં સમાવા તૈયાર થયેલા રાજા ભદ્રાયુને જોઈ ભગવાન શિવ ત્યાં પ્રગટ થયા અને વરદાન માગવા કહ્યું. રાજા ભદ્રાયુએ કહ્યું, 'હું ઈચ્છું છું કે હું મારી રાણી, મારા માતા-પિતા, પુત્ર સનય સહિત સૌને આપના અંતેવાસી સેવક બનાવી લો.' ત્યારબાદ કીર્તિમાલીનીએ તેના પિતા ચંદ્રાંગ અને માતા સીમિન્તને પણ અંતેવાસી સેવક બનાવી લેવાનું વરદાન માંગ્યું. ભગવાન શિવ અને માતા પાર્વતી 'તથાસ્તુ' કહી અંતર્ધાન થઈ ગયા. માનવ જીવન દરમિયાન રાજા ભદ્રાયુ અને કીર્તિમાલીનીએ ભગવાન શિવ અને માતા પાર્વતીની ભક્તિપૂર્વક પૂજા-અર્ચના કરી એક હજાર વર્ષ રાજ્ય કર્યું, ત્યારબાદ પોતાના પુત્રને રાજ્ય આપીને ભગવાન શિવના શિવગણ તરીકે પરમ પદને પ્રાપ્ત કરી શિવ ધામને પ્રાપ્ત કર્યું. આ પરમ પવિત્ર, પાપનાશક અને અત્યંત ગોપનીય ભગવાન શિવના વિચિત્ર ગુણાનુવાદને જે વિદ્વાનોને સંભળાવે છે અથવા સ્વયં પણ શુદ્ધચિત્ત થઈને વાંચે છે, ભણે છે તે આ લોકમાં ભોગ-ઐશ્વર્યને પ્રાપ્ત કરીને અંતે ભગવાન શિવને પ્રાપ્ત થાય છે.

***

અરણ્યકનાં જંગલોમાં ઋષિ મૃગંદુ અને તેની પત્ની સુતપા એક કુટિર બનાવી રહેતા હતા. ઋષિ મૃગંદુ પ્રખર શિવભક્ત હતા. તેમને શિવદર્શનની ઇચ્છાથી વિશેષ કંઈ નથી. તેઓ શિવદર્શનના એટલા ઇચ્છુક થઈ ગયા હતા કે તેમને શિવભક્તિ સિવાય કંઇ જ સૂઝતું નથી. સવાર-બપોર-સાંજ-રાત કયાં વીતી જતી એ તેમને ખબર નહોતી પડતી. પત્ની સુતપા એકાંકી જીવન વ્યતીત કરી રહી હતી. એક રાત્રે સુતપાને પતિ સહવાસની ઇચ્છા થઈ આવી પણ પતિ ત્યારે પણ શિવલિંગ સમક્ષ બેસી શિવ આરાધનામાં મગ્ન હતા. લગ્નને ઘણાં વરસો વીતી ગયા હોવા છતાં પતિ ઋષિ મૃગંદુએ પતિ ધર્મ નિભાવ્યો નહોતો. સમય વિતતો જતો હતો. એક તેજસ્વી અને શિવભક્ત પુત્રની ઇચ્છા ધરાવતી સુતપા મનથી દુઃખી થવા લાગી. એને ઘણી વખત વિચાર આવતો હતો કે આવા પ્રખર શિવભક્તને પરણીને પુત્રની કામના કદાચ કયારેય પૂરી નહીં થાય. મનમાં ને મનમાં એ દુઃખી થવા લાગી. એક રાત્રીએ સુતપા ઋષિ મૃગંદુ સમક્ષ આવી.

સુતપાઃ 'પતિ પરમેશ્વરાય નમોઃ નમઃ આંખ ખોલો સ્વામી'.

ઘણી વખત બોલાવ્યા બાદ પણ ઋષિ મૃગંદુએ પોતાની આરાધનામાંથી બહાર ન આવ્યાં. કંટાળીને સુતપાએ ઋષિ મૃગંદુનો હાથ પકડી ખેંચી નાખ્યો. ઝટકાથી હાથ ખેંચાતા ઋષિ મૃગંદુનું ધ્યાન સુતપા પર પડ્યું.

ઋષિ મૃગંદુઃ 'સુતપા તમે આ શું કરી રહ્યાં છો?'

સુતપાઃ 'સ્વામિ હું તમને ક્યારનીય બોલાવી રહી છું.'

ઋષિ મૃગંદુઃ 'સુતપા તમને ખબર છે હું ભગવાન શિવના દર્શન માટે આરાધના કરી રહ્યો છું. વચ્ચે વચ્ચે પડી રહેલા વિક્ષેપો યોગ્ય નથી. મારી આરાધના લંબાતી રહેશે.'

સુતપાઃ 'સ્વામિ મારી દુર્દશા તો જુઓ. મન-કર્મ-વચનથી ઋષિ સમાજ સમક્ષ તમે મારું વરણ કર્યું છે. લગ્ન બાદ હું એકાંકી અને એકલવાયું જીવન વિતાવી રહી છું. તમે ફક્ત શિવ આરાધનામાં જ વ્યસ્ત છો. જો તમારે બ્રહ્મચર્ય જીવન જ જીવવું હતું તો મારી સાથે લગ્ન શું કામ કર્યાં.'

ઋષિ મૃગંદુઃ 'સુતપા હું પહેલેથી જ લગ્ન ઇચ્છુક નહોતો. તમારી જીદ અને મારી પત્ની બનવાનું ઝુનૂને મને તમારી સાથે લગ્ન કરવા ફરજ પાડી. મારી પત્ની બનવાની તમારી પ્રબળ ઈચ્છા જોઈ તમારા પિતાએ મને તમારી સાથે લગ્ન કરવાનું કહ્યું. તમારા પિતા અને મારા ગુરુને દુઃખ ન થાય એ માટે મેં તમારી સાથે વિવાહ કર્યા, મારા જીવનનો પ્રથમ અને એકમાત્ર ઉદ્દેશ ભગવાન શિવના દર્શન છે અને ગૃહસ્થાશ્રમ તો ફક્ત વિકલ્પ છે.'

સુતપાઃ 'સ્વામિ મેં મારા પિતા સાથે તમને જોયાં તમારામાં એવા ગુણો જોયા કે તમારી સાથે ગૃહસ્થાશ્રમ નિભાવતા એક તેજસ્વી અને શિવભક્ત એવો પુત્ર પ્રાપ્ત કરી શકું, પણ તમે હંમેશાં મારી ઇચ્છાનો અનાદર કર્યો છે. શું એક દિવસ મારી ભાવના સમજી પતિ ધર્મ નિભાવશો?'

ઋષિ મૃગંદુઃ 'સુતપા મેં તને પહેલા જ કહ્યું કે , મારા જીવનનો પ્રથમ અને એકમાત્ર ઉદ્દેશ ભગવાન શિવના દર્શન છે અને ગૃહસ્થાશ્રમ બીજો વિકલ્પ છે. હવે મારી આરાધના પૂર્ણતાના આરે આવી પહોંચી છે. એકાદ મહિનામાં મારી આરાધના પૂર્ણ થઈ જશે. વિશ્વાસ રાખ તારી ઇચ્છા જરૂર પૂર્ણ થશે.'

ક્રોધિત સુતપા ત્યાંથી નીકળી ફરી પોતાની કુટિરમાં જતી રહે અને ઋષિ મૃગંદુ પોતાની આરાધનામાં વ્યસ્ત થઈ જાય છે.

***

કૈલાસ ખાતે માતા પાર્વતી ભગવાન શિવની નિત્ય પૂજામાં વ્યસ્ત હોય છે. નંદી સહિત શિવગણો માતા પાર્વતીને શિવ પૂજામાં મદદ કરતાં હોય છે. એ જ સમયે એક સ્ત્રીનો અવાજ આવે છે. 'હે શક્તિ સ્વરૂપા માતા પાર્વતી મારી પીડાનો અંત કરો, મારી અતૃપ્ત ઇચ્છાને શાંત કરો માતા, મારી રક્ષા કરો માતા, મારી પીડાનો અંત કરો માતા જગદંબા.'

માતા પાર્વતીઃ 'આ તો સુતપાનો સ્વર છે, સ્વામિ મારે તુરંત તેની રક્ષા હેતુ ત્યાં જવું પડશે. મને આજ્ઞા આપો.'

ભગવાન શિવને નમસ્કાર કરી માતા પાર્વતી ત્યાંથી અદૃશ્ય થાય છે.

***

પોતાની કુટિરમાં સુતપાને પોતાની આરાધના કરતી જોઈ માતા ત્યાં પહોંચે છે.

માતા પાર્વતીઃ 'શું થયું દીકરી સુતપા, આંખ ખોલો હું તારી સમક્ષ છું.'

સુતપાઃ 'મારા પતિ ઋષિ મૃગંદુએ સમસ્ત ઋષિ સમાજ સમક્ષ મારી વરણી કરી હતી, માતા ઘણાં વરસો વીતી ગયાં, મારી ઇચ્છા એક તેજસ્વી અને કલ્યાણકારી પુત્ર પ્રાપ્ત કરવાની છે પણ મારા પતિ મારી ભાવના સમજી શકતા નથી. આટલા વરસો વીતી ગયા હોવા છતાં તેઓ હજી બ્રહ્મચારી છે. માતા મને પુત્રરત્નની પ્રાપ્તિ થાય એવો માર્ગ દેખાડો.'

માતા પાર્વતીઃ 'પુત્રી તારે ઋષિ મૃગંદુની આરાધના સમાપ્ત થાય તેની પ્રતીક્ષા કરવી પડશે.'

સુતપાઃ 'માતા હવે પ્રતીક્ષા કરવી અસહ્ય થઈ રહી છે.'

માતા પાર્વતીઃ 'પુત્રી થોડા જ સમયમાં ઋષિ મૃગંદુની આરાધના સમાપ્ત થશે અને તું એક તેજસ્વી અને જગતનું કલ્યાણ કરનાર એવા પુત્રની માતા બનશે. પ્રતીક્ષાના સમયને અસહ્યથી સુગમ બનાવવાં તું પણ પતિ સાથે ભગવાન શિવની આરાધનામાં વ્યસ્ત થઈ જા. ભગવાન શિવ તારું કલ્યાણ કરશે, તારી મનોકામના પૂર્ણ થશે.'

(ક્રમશઃ) ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# પરમાનંદ



પરમ-આનંદ એ હેતુ નથી, પરિણામ છે. પરમાનંદ એ કલ્પના નથી, વાસ્તવિકતા છે. તે કોઈ બાહ્ય ઘટના નથી, આંતરિક પરિસ્થિતિ છે. પરમાનંદની સ્થિતિ પ્રાપ્ત કરવાની નથી, તે તો પ્રાપ્ત જ છે, માત્ર તેનાં પરનો પડદો દૂર કરવાનો છે. ચોક્કસ પ્રકારનાં પુરુષાર્થથી આ પડદો દૂર થતાં પરમાનંદ સ્થિતિ અનુભવી શકાય. ભક્ત કવિયત્રી ગંગા સતી જ્યારે એમ કહે કે 'હરખ ને શોકની જેને આવે નહીં હેડકી, આઠે પહોર આનંદ રે', ત્યારે આ આનંદની વાત થાય. ગંગા સતીએ અહીં બહુ સરળતાથી હરખ અને આનંદ વચ્ચેનો ભેદ સ્થાપિત કરી દીધો છે. હરખ એ શોકનું વિરોધી છે. હરખ એટલે ખુશી અને શોક એટલે ગ્લાનિ. આનંદ એટલે એવી સ્થિતિ કે જે 'આઠે પહોર' એટલે કે કાયમ માટે સ્થાપિત રહે, જ્યારે હરખ અને શોખની આવજા રહે. વિષયો સાથે ઇન્દ્રિયોના સંપર્કથી જે પ્રાપ્ત થાય તે હરખ અને આત્માની અનુભૂતિથી જે અનુભવાય તે આનંદ, પરમાનંદ. આત્મજ્ઞાની પ્રત્યેક પરિસ્થિતિમાં શુદ્ધ, પવિત્ર, નિર્મળ, સત્યનિષ્ઠ, નિષ્પક્ષ, નિર્વિકાર, સાક્ષી-સ્વરૂપ અને આનંદીત રહે.

સનાતની દર્શન અનુસાર આત્મા 'આનંદ' સ્વરૂપ છે, પરંતુ અજ્ઞાન કે અવિદ્યાને કારણે તેનાં પર આવરણ છવાઈ જાય છે, જેને કારણે તે પરમ સત્ય સ્વરૂપ આનંદની અનુભૂતિ નથી થઈ શકતી. જગત અસત્ય, મિથ્યા, અસ્થિર, નાશવંત, ભ્રામક, ત્રિગુણાત્મક તથા પ્રપંચ આધારિત હોવાથી તેની સાથેની સંલગ્નતા સ્થપાતા આત્મા આચ્છાદિત રહે છે. આને પરિણામે જન્મ-મરણ અને સુખ-દુઃખનું ચક્ર ચાલ્યાં કરે. સનાતની દર્શન અનુસાર સ્થાયી, શાશ્વત તેમજ પરમ આનંદ મેળવવા માટે આત્મજ્ઞાન - આત્માનુભૂતિ જ એકમાત્ર માર્ગ છે. અહીં પ્રકૃતિનાં કોઈપણ ગુણ કાર્યરત નથી હોતાં, આ એક નિર્વિકાર સ્થિતિ છે, જે સ્વયં-પ્રકાશિત અને સ્વયં-તૃપ્ત છે. આ પરમ આનંદ, પરમ સત્ય, પરમ ચિત્તનું 'સચ્ચિદાનંદ' સ્વરૂપ છે. સદગુરુના માર્ગદર્શન હેઠળ 'હું કોણ છું' તેની શોધ કરી, ભક્તિ દ્વારા ઈશ્વર સાથે પ્રેમ પૂર્ણ એકત્વ સ્થાપિત કરી, યોગ-ધ્યાન અને સાધના દ્વારા મનને નિયંત્રિત કરી પરમજ્ઞાનની ઉપલબ્ધિ મેળવી કે કર્મયોગ દ્વારા શુદ્ધતા અને પવિત્રતા પ્રાપ્ત કરી જે સ્થિતિને પામી શકાય તે જ પરમાનંદ છે. પરમાનંદ એટલે મોક્ષ, મુક્તિ, કૈવલ્યની સ્થિતિ જ્યાં જીવાત્મા બ્રહ્મના સ્વરૂપમાં લીન થઇ જાય છે અને જગતનાં સમગ્ર બંધન નાશ પામે.

શાસ્ત્રને સાંભળી તેનું મનન - ચિંતન કરી તેનો અર્થ સમજવો પડે. સાક્ષીભાવ, સ્થિતપ્રજ્ઞતા તથા ગુણાતીતપણું પામવાં પડે. ઉદ્વેગ, આક્રોશ, ક્રોધ, અરુચિ જેવા આવેગને નિયંત્રિત કરવાં પડે. સમગ્ર સૃષ્ટિને બ્રહ્મના વિસ્તાર તરીકે ઓળખવી પડે. જાતનું વાસ્તવિક સ્વરૂપ સમજવું પડે. જ્ઞાનેન્દ્રિયો તેમજ મનની બાહ્યગતિ અટકાવી અંતરમાં પ્રવાસ કરવો પડે. ગીતાનાં કથન અનુસાર જેમ નદીઓ સતત સમુદ્રમાં આવી પડે છે, છતાં સમુદ્ર પોતાનો કિનારો, પોતાની મર્યાદા, પોતાની સીમા, પોતાનું નિયંત્રણ ન છોડી અચલ રહે છે, તેમ આત્મસ્થ વ્યક્તિ મનમાં ઉઠતા પ્રત્યેક આવેગને વશ ન થઈ પોતાની મર્યાદા જાળવી રાખી, પોતાની પરમાનંદ સ્થિતિમાં કાયમ રહે છે. આ જ સંપૂર્ણ શાંતિ અને પરમ આનંદની સ્થિતિ છે.

કહેવાય છે કે 'બ્રહ્મવિધ બ્રહ્મૈવ ભવતિ', અર્થાત્ બ્રહ્મને જ્ઞાનથી ઓળખનાર મનુષ્ય પોતે જ બ્રહ્મરૂપ થઈ જાય.

આ પરમાનંદની સ્થિતિમાં, નદીનાં પ્રવાહની જેમ વિષયો તો આવતાં રહે, પણ મન સમુદ્ર જેવું સ્થિર અને શાંત રહે. ગીતાના કથન પ્રમાણે આ સ્થિતિમાં 'યોગી' અંતઃકરણમાં પ્રકાશની અનુભૂતિ થતાં અંતઃકરણનો આનંદ પામે છે અને સ્વયં બ્રહ્મરૂપ બની બ્રહ્મ-નિર્વાણ પદ પ્રાપ્ત કરે. તૈત્તિરીય ઉપનિષદ અનુસાર પણ પરબ્રહ્મ આનંદસ્વરૂપ છે અને એ બ્રહ્મ સ્વરૂપનો રસ મેળવ્યા પછી જ આત્મા પરમાનંદિત થાય છે. છાંદોગ્ય ઉપનિષદ અનુસાર જે અનંત છે તેમાં જ પરમ આનંદ છે. સીમિત વસ્તુઓમાં કદી સાચો આનંદ નથી - જે અપરિમિત બ્રહ્મ છે, તેની પ્રાપ્તિમાં જ સાચો, પૂર્ણ અને પરમ આનંદ છે. મર્યાદિત, સીમિત, નશ્વર, અસ્થાયી, અનિત્ય તથા ભ્રામક વસ્તુઓથી જે ખુશી અનુભવાય છે તે સદાય અસ્થિર હોય. છે. અનંત બ્રહ્મ સાથે એકતા પ્રાપ્ત કર્યાં પછી જે આનંદ મળે છે, એ જ પરમાનંદ. જ્યાં સુધી બહારના વિષયોમાં, વિષયોના રસમાં ખુશી શોધવામાં આવે ત્યાં સુધી પરમ સ્થિતિ પ્રાપ્ત ન થઈ શકે. જ્યારે આત્માનંદ - બ્રહ્માનંદ પ્રાપ્ત થાય ત્યારે, તે જ, સાચો પરમાનંદ. તૈત્તિરીય ઉપનિષદ અનુસાર પણ પરબ્રહ્મ આનંદસ્વરૂપ છે. આ આનંદ પ્રાપ્ત થયાં પછી અન્ય કોઈપણ પ્રકારની પ્રાપ્તિની કામના શેષ ન વધે. આ પૂર્ણતાની સ્થિતિ છે, અહીંથી નથી આગળની કોઈ સ્થિતિ કે નથી આગળનો કોઈ માર્ગ.

આનંદ બહાર નહીં પણ અંદર ગોતવાનો છે. ત્યાં સુધી પહોંચવા માટે ધ્યાન, જપ, પ્રાર્થના, યોગ, સાધના, ભક્તિ, નિષ્કામ કર્મ, જ્ઞાન, આધ્યાત્મ, સત્સંગ, શાસ્ત્ર-અધ્યયન, ગુરુ-શબદ જેવા માધ્યમ ઉપયોગી થાય. અંદર તરફની ગતિ સ્થાપિત થાય તે માટે બહારની પરિસ્થિતિ પ્રત્યેનું દુર્લક્ષ આવશ્યક છે. આ માટે અભ્યાસ અને વૈરાગ્ય જરૂરી છે. આ પ્રયત્નો પરમાનંદ સ્થિતિ તરફ દોરી જાય. આ આનંદ પ્રાપ્ત થયાં પછી તેનો કદીયે નાશ ન થાય. આ આનંદ શાશ્વત છે, અખંડ છે, અનંત છે, પરમ છે, બ્રહ્મસ્થ છે અને તે જ સત્ય છે.

આશ્ચર્યજનક વાત એ છે કે આ બધી બાબતો, આ સત્ય લગભગ બધાની જાણમાં છે, છતાં પણ તે દિશાનાં પ્રયત્નો જોવાં નથી મળતા. કારણ બહુ સ્પષ્ટ છે. અમુક બાબતો પર ધ્યાન જાય તે માટે અન્ય બાબતો પરથી ધ્યાન પાછું વાળવું પડે. નવી વસ્તુ ગ્રહણ કરવા માટે હાથમાં જે છે તે વસ્તુને નીચે મૂકવી પડે. સ્વભાવગત પ્રકૃતિ અને અનેક જન્મોનાં કુ-સંસ્કારને કારણે માનવી આમ નથી કરી શકતો. પ્રબળ પુરુષાર્થની આવશ્યકતા છે.

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombay samachar.com

# અધિષ્ઠાન



ગત અંકમાં ઇષ્ટ અને અનિષ્ટ ફળની ચર્ચા કરીને હવે ભગવાન કૃષ્ણ સફળતાના પાંચ સિદ્ધાંતોની વાત કરે છે.

ભગવદ્ ગીતાના અઢારમા અધ્યાય (૧૮.૧૪) માં ભગવાન શ્રીકૃષ્ણે સફળતા (કાર્યસિદ્ધિ)ના પાંચ કારણ બતાવ્યાં છે.

પ્રથમ છે અધિષ્ઠાન એટલે કે વ્યક્તિનું કાર્યસ્થાન કે પોતાનું શરીર. કોઈપણ કાર્ય પૂર્ણ કરવા યોગ્ય સ્થાન, આધાર કે શરીર જરૂરી છે. બીજો ભાગ છે કર્તા. એટલે કે વ્યક્તિ પોતે! કર્તાનો સંકલ્પ, ઉત્સાહ અને પ્રયત્ન વિના સફળતા શક્ય નથી. ત્રીજું સફળતાનું કારણ છે કરણ (ઇન્દ્રિયો અને સાધન)! કાર્ય પૂર્ણ કરવા ઇન્દ્રિયો, સાધન અને ઉપકરણ જરૂરી છે. ચોથું કારણ છે-ચેષ્ટા (પ્રયત્ન)! હા, કાર્યમાં સતત પ્રયત્ન, પરિશ્રમ અને લગન જરૂરી છે. અને અંતિમ કારણ બતાવતાં ગીતા કહે છે- દૈવ એટલે કે ભગવાનની અનુકંપા અથવા ભગવાને નિયત કરેલું વ્યક્તિનું પ્રારબ્ધ.

અહીં ગીતા સ્પષ્ટ કહે છે કે કોઈપણ સફળતા માટે માત્ર પ્રયત્ન પૂરતા નથી, પરંતુ અધિષ્ઠાન, સાધન, પ્રયત્ન અને સાથે ઈશ્વરીય અનુકંપા આ પાંચેયનું મિલન આવશ્યક છે.

આજે આપણે અધિષ્ઠાનને સમજીએ. અધિષ્ઠાન કે આધારભૂત માળખું સફળતાનું પ્રથમ પાયાનું પગથિયું છે. કોઈ ઇમારત ત્યારે જ ઊંચી અને સ્થિર બની શકે જ્યારે એની પાયાની જડ મજબૂત હોય, એ જ રીતે જીવન અને સફળતાની ઇમારત પણ ત્યારે જ સ્થિર ઊભી રહી શકે જ્યારે એની નીચે અધિષ્ઠાન મજબૂત અને સુદૃઢ હોય. અધિષ્ઠાન માત્ર ભૌતિક નહીં, પરંતુ માનસિક, આધ્યાત્મિક અને નૈતિક ધોરણે પણ જરૂરી છે. જે વ્યક્તિ પોતાનું આધાર ઊંડાણથી તૈયાર કરે છે, તેના માટે પરિસ્થિતિઓના તોફાન પણ હલચલ પેદા કરી શકતા નથી.

સફળતા માટે પાયાની જરૂરીયાતોનું સુદૃઢ હોવું અત્યંત જરૂરી છે. જીવનમાં કોઈપણ કાર્ય સિદ્ધ કરવા માટે સૌપ્રથમ આધાર તરીકે માનવીને સારું શરીર, સ્વસ્થ મન અને દૈનિક જીવન માટેની અનિવાર્ય સુવિધાઓ જોઈએ છે. આવાસ, ભોજન અને શરીર એ માણસ માટે તેવા મૂળભૂત આધાર છે કે જેના વિના તે પોતાની શક્તિઓને કાર્યક્ષેત્રમાં મૂકી શકતો નથી.

જ્યારે મનુષ્ય પાસે સુરક્ષિત આવાસ હોય, ત્યારે તેનું મન નિશ્ચિંત રહે છે. ચિંતા અને ભયથી મુક્ત થવાથી તેની કાર્યશક્તિ અને વિચારશક્તિ સકારાત્મક દિશામાં પ્રવર્તે છે. એ જ રીતે યોગ્ય અને પૌષ્ટિક ભોજન મળવાથી શરીરને તંદુરસ્તી મળે છે. ખાલી પેટ કે અસ્વસ્થ શરીર સાથે કોઈપણ વ્યક્તિ દીર્ઘકાળ સુધી શ્રેષ્ઠ કાર્ય કરી શકતો નથી. આરોગ્ય જ મુખ્ય સંપત્તિ છે અને એ માટે સારા આહારનો મહત્ત્વનો ફાળો છે.

શરીર સ્વસ્થ હોય ત્યારે જ મનમાં ઉત્સાહ અને પ્રયત્નની શક્તિ જન્મે છે. ગીતા કહે છે કે શરીર અધિષ્ઠાન છે એટલે કે કાર્યની સિદ્ધિ માટેનો આધાર. નબળું કે બીમાર શરીર માણસને થકાવે છે, મનોબળને ખાલી કરે છે અને કાર્યક્ષમતા ઓછી કરી દે છે, પરંતુ જો શરીર સ્ફૂર્તિથી ભરપૂર હોય તો મનોબળ વધે છે અને વ્યક્તિ અશક્ય લાગતી પરિસ્થિતિઓમાં પણ અડગ રહી શકે છે.

આથી આવાસ, ભોજન અને શરીરની સારસંભાળ એ સફળતા માટેની પહેલી કડી છે. કોઈપણ ઊંચી ઇમારત મજબૂત પાયા પર ઊભી રહે છે, તેવી જ રીતે જીવન અને કાર્યસિદ્ધિની ઇમારત આ પાયાની વસ્તુઓ પર આધારિત છે. આ મૂળભૂત જરૂરીયાતો પૂરી થતાં વ્યક્તિનું મન એકાગ્ર રહે છે, પરિશ્રમ સતત બની રહે છે અને લક્ષ્ય તરફ આગળ વધવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

ઇતિહાસ કહે છે કે એકલવ્ય અર્જુન કરતાં પણ અધિક શ્રેષ્ઠ ધનુર્ધર હતો, પરંતુ તેની પાસે કોઈ એવું અધિષ્ઠાન ન હતું જે તેને સતત કાર્યસિદ્ધિ માટે પ્રેરણા આપે. આ બાજુ અર્જુન બાળપણથી જ ગુરુ દ્રોણાચાર્યની શિક્ષા હેઠળ રહ્યા. ગુરુનું માર્ગદર્શન, નિયમિત સાધના અને શ્રીકૃષ્ણ જેવા સખાએ તેમના અધિષ્ઠાનને અદ્ભુત મજબૂતી આપી. અર્જુનનો આધાર માત્ર પોતાનો પરિશ્રમ નહોતો, પરંતુ ધર્મ પ્રતિ વિશ્વાસ, ગુરુની આજ્ઞાપાલન અને પ્રભુરૂપી અધિષ્ઠાન પરનો ભરોસો પણ હતો. આ અધિષ્ઠાનને કારણે જ અર્જુન કુરુક્ષેત્રના યુદ્ધમાં અપરાજિત ધનુર્ધર સાબિત થયા.

જેઓ આ અધિષ્ઠાનને કે પાયાને અવગણે છે તેઓ સફળતાની મંજિલે લાંબા સમય સુધી ટકી શકતા નથી, પણ જેનો પાયો મજબૂત છે તેઓ જીવનના દરેક ક્ષેત્રમાં દીર્ઘકાળ સુધી પ્રગતિ કરતા રહે છે. આથી કહી શકાય કે સફળતા માટેનું પહેલું સાધન કોઈ ઊંચા વિચાર કે વિશેષ યોજનાઓમાં નથી, પરંતુ માનવીના આવાસ, ભોજન અને શરીરની યોગ્ય વ્યવસ્થા જ તેનું સચોટ અને સ્થિર અધિષ્ઠાન છે.■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombay samachar.com

# ભયને ભગાડવાનો સરળ ઉપાય એટલે જ્ઞાન



**'હિંમત એટલે ભયનો પ્રતિકાર, ભય પર કાબૂ મેળવવો, કે ભયની ગેરહાજરી નહીં.'**

આ મતલબનું એક વાક્ય ક્યાંક લખેલું વાંચ્યું. ભય કોને હોય અને ભય કોનો હોય? દરેક મનુષ્યમાં કેટલાય ભય ઘર કરીને બેઠા હોય છે, અને દરેક મનુષ્યને અલગ અલગ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિના ભય હોય છે.

મજાની વાત જુઓ, નાનું બાળક, જે હજી કોઈ દુનિયાદારી સમજતું નથી, તેને પણ કોઈક અવ્યક્ત ભય તો હોય છે. તેની માતા તેનાથી દૂર જાય કે તરત તે બેબાકળું થઇ જાય છે, અજાણ્યા પાસે જતું નથી. આ જ નાનું બાળક અનેક ભયથી મુક્ત પણ હોય છે.

ઘરમાં અગ્નિ પેટાવેલો હોય તો બાળક તેનાથી ડરતું નથી, ફર્શ પર છરી પડી હોય તો એ વાગી જશે એવું વિચારવા જેટલી સમજ તેનામાં હોતી નથી. તેનો અર્થ શું થયો? કે ઘણીવાર અજ્ઞાની હોવું એ અભય હોવા જેવું છે! જ્યાં સુધી જ્ઞાત નથી કે અગ્નિ થી દાઝી જવાય, જે છરીથી વાગી જાય ત્યાં સુધી તેને ભય નથી. જેવું જ્ઞાન આવ્યું કે ભય આવવાનો શરૂ થઇ જાય!

**જૈન દર્શનમાં શાસ્ત્રકારોએ સાત પ્રકારના ભય બતાવ્યા છે.**

## ઇહલોક ભય

વર્તમાન જીવન સાથે સંબંધિત કોઈપણ પ્રકારનો ભય ઇહલોક એટલે કે દુન્યવી ભય કહેવાય છે. ઉદાહરણ તરીકે કોઈ પ્રિયજનથી અલગ થવાનો ભય કે દુર્ભાગ્યનો ભય, બાળકો કેવા બનશે, વૃદ્ધાવસ્થા કેવી રીતે પસાર થશે, વ્યવસાયમાં નુકસાનનો ભય, આવક ઘટવાનો, સૌંદર્ય હણાઈ જવાનો વગેરે દુન્યવી ભયનાં ઉદાહરણો છે.

જ્ઞાની વ્યક્તિ આ દુનિયાથી ડરતો નથી, કારણ કે તે પોતાના આત્માને જ દુનિયા માને છે, અને તેમાં પરનો પ્રવેશ થતો નથી.

## પરલોક ભય

મૃત્યુ પછીના જીવનનો ભય એ વર્તમાન જીવનમાં ભવિષ્યનો ભય છે. ઉદાહરણ તરીકે, હવે પછીના ભવમાં કઈ ગતિ મળશે? સ્વર્ગ મળશે કે નર્ક મળેશે તે ન જાણવાનો ભય, અથવા દુઃખ, વગેરે, મૃત્યુ પછીના જીવનના ભયના ઉદાહરણો છે.

જ્ઞાની વ્યક્તિને મૃત્યુ પછીના જીવનનો કોઈ ડર હોતો નથી, કારણ કે તે માને છે કે તેની સંપત્તિ તેના જ્ઞાન અને દર્શનના ગુણમાં રહેલી છે, જે આ દુનિયા અને પરલોકમાં હંમેશાં તેની સાથે રહેશે.

## મૃત્યુનો ભય

શરીરના વિનાશની ચિંતાને મૃત્યુનો ભય કહેવામાં આવે છે. સંસારમાં જેને મૃત્યુનો ભય ન હોય એવા મહાત્માઓ તો વિરલા જ હોય છે. અરે મનુષ્ય શું, પ્રાણીઓ પણ મૃત્યુના ભયથી અલિપ્ત નથી. નાગ પણ ફૂંફાડો મારે છે કારણકે તેને સામે ભય દેખાતો હોય છે. જ્ઞાની તો માને છે કે આત્મા મરતો નથી, હું આત્મા છું તેથી શરીર નહિ રહે ત્યારે પણ હું રહીશ.

## આકસ્મિક ભય

આકસ્મિક ભય એટલે અચાનક આવનારા કોઈ દુઃખ કે આપત્તિનો સતત ભય હોવો. માત્ર ન આવેલી આપદા, મુશ્કેલી, દુઃખ, પીડા કે નુકસાનની ફક્ત કલ્પના કરીને ઘણા ભયભીત થતા હોય છે. માતા આવો ભય પોતાનાં સંતાનો માટે રાખતી હોય છે. ઘરે મોડાં પડતાં બાળકોને કંઈ થઇ તો નહિ ગયું હોય? કોઈ આપત્તિ તો નહિ આવી હોય? સ્નેહને કારણે પણ આવો આકસ્મિક ભય પેદા થઇ શકે છે.

જ્ઞાનીજનો જે થયું નથી તેના વિશે અમંગળ કલ્પના કરીને વર્તમાનની કિંમતી ક્ષણોને વ્યર્થ જવા દેતા નથી.

## વેદના ભય

શારીરિક કે માનસિક બીમારીથી થતા દુખાવાનો ભય એ વેદના ભય છે. કોઈ આફત પહેલાં વિલાપ કરવો, સ્વસ્થ રહેવાની ઇચ્છા રાખવી, મારે ક્યારેય દુઃખ ન ભોગવવું પડે તેવું વારંવાર ચિંતન કરવું, તેના વિશે વારંવાર વિચારવું એ વેદનાનો ભય છે.

આ ભય જ્ઞાની વ્યક્તિને પરેશાન કરતો નથી, કારણ કે તેને એવી માન્યતા છે કે 'હું ફક્ત સર્વજ્ઞ જ્ઞાનનું વેદન કરી રહ્યો છું, રોગો અને વ્યાધિઓ આદિનું નહીં.'

## અગુપ્તિ ભય

રૂપિયા, પૈસા, મિલકત કે જમીન-જાગીર ગુમાવવાનો ભય અગુપ્તિ ભય કહેવાયો. 'મારું સ્થાન સુરક્ષિત નથી,' 'ઘર નબળું છે,' 'જો કોઈ મારી જગ્યાએ આવશે તો મારું શું થશે,' વગેરે જેવી લાગણીઓ અગુપ્તિ ભય માનવામાં આવે છે.

જ્ઞાની માને છે કે, આપણે આ ભવમાં પૂર્વ જન્મ કર્મ લઈને આવ્યા છીએ, તે સિવાય કશું આપણું નથી. તેથી ગુમાવવાનો ભય શેનો?

## અરક્ષા ભય

ગમે ત્યાં, કોઈપણ રીતે અસુરક્ષિત અનુભવવું એ અરક્ષા ભય છે. મારો કોઈ રક્ષક, મદદગાર, મિત્ર કે આશ્રય નથી, 'સંકટ સમયે હું કેવી રીતે સુરક્ષિત રહીશ?' 'જો કંઈક થશે તો મને કોણ બચાવશે?' વગેરે જેવી લાગણીઓ અસલામતીનો ડર છે.

જ્ઞાનીને આ ડર હોતો નથી, કારણ કે તે પોતાના નિજ સ્વરૂપને જ પોતાનો આશ્રય માને છે, અને તે હંમેશાં તેની સાથે રહે છે. જે આત્મા છે તેની રક્ષા જ્ઞાન-દર્શન-ચારિત્રની રત્નત્રયીથી થાય છે.

સમ્યગદષ્ટિ હોય એ આ સાત ભયથી મુક્ત હોય છે. જિન વચનોમાં અતૂટ શ્રદ્ધા રાખીને, તે ભયથી મુક્ત થાય છે અને નિર્ભય થઈને જીવન જીવે છે.■

આચમન

અનવર વલિયાણી
feedback@bombay samachar.com

# સુખેથી જીવવાનું રહસ્ય શું?



તાજેતરમાં એક સરસ લઘુકથા વાંચવા મળી. પોતાના આશ્રમમાં વરસો સુધી અભ્યાસ કરીને સંસારમાં જઈ રહેલા શિષ્યને ગુરુએ કહ્યું, 'એક વાત સદા યાદ રાખજે. સુખ અને દુઃખ બને માણસના મનમાં હોય છે. ભૂખ્યા માણસને સમયસર ભોજન મળે તો એ સુખી થાય છે, પરંતુ પોતાના માટેનું ભોજન કોઈ બીજાને મળે તો એ દુઃખી થાય છે. ઘણીવાર તો માણસ સુખ-દુઃખની વ્યાખ્યા વિશેય સ્પષ્ટ હોતો નથી. માટે તને ક્યારેક દુઃખની લાગણી થાય ત્યારે તારા કરતાં નીચી પાયરીના કોઈ માણસને જોજે. તું તારું દુઃખ ભૂલી જઈશ, કદી ઊંચે નહીં જોતો, નીચે જોજે.'

કેટલી મોટી વાત કરી છે આ સંતે! એવો જ એક પ્રસંગ શેખ સા'દીના જીવન સાથે સંકળાયેલો છે. એકવાર એમના પગના અંગૂઠાનો નખ જીવતો ઊખડી ગયો. ખૂબ પીડા થઈ. લોહી નીકળ્યું. શેખસાહેબ મસ્જિદમાં જઈને શિકાયત કરવા લાગ્યાઃ 'ઓ પરવરદિગાર, હું તો તારો નમ્ર બંદો છું. રોજ પાંચ વાર અચૂક નમાજ પઢું છું. રોજા રાખું છું. ગરીબોને મદદ કરું છું. છતાં મને જ તકલીફ કેમ?' હૈયાવરાળ નીકળી જતાં શેખ બહાર નીકળ્યા ત્યાં ગોઠણથી બંને પગ કપાઈ ગયેલા એવા એક માણસને પૈડાંવાળા લાકડાના પાટિયા પર ઘસડાતો જોયો. પેલો તો એની મોજમાં હતો.

તરત ભેજામાં બત્તી થઈ તરત દોડ્યા. અંદર જઈને અલ્લાહની માફી માગવા લાગ્યાઃ 'આ નાચીજને માફ કરી દો બંદાપરવર. મેં ખોટી ફરિયાદ કરી અંગૂઠાનો નખ ઊખડી ગયો તેમાં ઘણું બોલી નાખ્યું. પેલાને તો બે પગ પૂરા નથી તોય પોતાની મસ્તીમાં જીવ્યે જાય છે. હું બેકદર છું. હું સ્વાર્થી છું. તારી દયા અને દુઆને ઓળખી ન શક્યો.'

આજે માણસ ઘડિયાળને કાંટે સતત દોડ્યા કરે છે. મશીનની જેમ કામ કરે છે, પણ એના દિલને જંપ નથી. તે પોતાનાં દુઃખનાં ગાણાં ગાયાં કરે છે. સાવ નાનીનાની વાતે ઓછું લાવે છે. લોકલ ટ્રેનમાં બેસવા ન મળ્યું કે માંડે બબડવા. નવી ફિલ્મની ટિકિટ પહેલા રવિવારે ન મળે કે માંડે બબડવા. એ સમયે પેલા સંતને યાદ કરવા જેવો છેઃ પોતે લોકલ ટ્રેનમાં અંદર સુધી ઘૂસી જઈને પંખા નીચે ઊભો છે, પરંતુ બીજા ઘણા લોકો એવાય પ્લૅટફૉર્મ પર છે જે ટ્રેન પકડી નથી શક્યા. ફિલ્મની ટિકિટ ન મળી. કાંઈ નહીં, સારું થયું. આજની કાતિલ મોંઘવારીમાં સો - દોઢસો રૂપિયાની ટિકિટ લઈને ફિલ્મ જોવા જાઓ. ફિલ્મ સારી ન નીકળે તો વધુ જીવ બળેઃ અરર, પરસેવાના પૈસા પડી ગયા અને સમય વેડફાઈ ગયો. એના કરતાં ટિકિટ ન મળી હોત તો સારું થાત. વાત મનને સમજાવવાની છે, નીચું જોવાની છે. ઊંચું જોઈને ચાલનારો રસ્તામાં પડેલા પથ્થર કે ખાડાને જોઈ શકતો નથી. ઠેબું ખાય છે અથવા ખાડામાં પડે છે. નીચું જોઈને ચાલનારને એવો ભય રહેતો નથી.

વાસ્તવમાં ઊંચે જોનારને દુઃખની ભાવના જલદી પજવે છે. પાડોશીને ત્યાં મોટર આવે ત્યારે દુઃખી થયાને બદલે એમ વિચારો કે લાખો લોકો ટ્રેન-બસમાં આવ-જા કરે છે તો પાડોશીને ત્યાં મોટર આવવાથી મારે શા માટે દુઃખી થવું જોઈએ. ક્યારેક સાજે-માંદે અમનેય કામ લાગશે. કાં પછી કોઈ ગરીબને યાદ કરોઃ મારી પાસે તો સ્કૂટર છે. પેલો બાપડો રોજ લોકલ ટ્રેનમાં ટીચાતો આવ-જા કરે છે. કોઈને ત્યાં રિમોટ કન્ટ્રોલ લેટેસ્ટ કલર ટીવી આવ્યું, સરસ. તરત એવાનો વિચાર કરો જેને ત્યાં ટીવી તો શું રેડિયો કે ટેપરેકર્ડર સુધ્ધાં નથી. અહીં કોઈની સારી-નવી વસ્તુ જોઈને દુઃખી થવા કરતાં જેની પાસે એવી કોઈ વસ્તુ જ નથી તેને યાદ કરવાથી સુખની લાગણી થાય છે. બીજાનું દુઃખ યાદ કરવાથી આપણું દુઃખ ભુલાઈ જાય છે. સંતો ઓછામાં ઘણું કહી દેતા હોય છે. એ સાંભળવાની અને સાંભળીને સમજવાની જરૂર હોય છે. સમજીને આચારમાં ઉતારો તો દુઃખ જેવો શબ્દ જીવનની ડિક્શનરીમાં રહે નહીં. પોતાની એક કવિતામાં હરીન્દ્ર દવેની સુંદર પંક્તિ (થોડા જુદા સંદર્ભમાં) છેઃ કોઈનો પ્રેમ ક્યારેય ઓછો નથી હોતો, આપણી અપેક્ષા વધુ હોય છે...વાત સાચી છે. પીડા કે દુઃખની લાગણી ક્યારે થાય છે? અપેક્ષા વધુ હોય ત્યારે. એ સંદર્ભમાં સંતના શબ્દો સમજીએ તો દુઃખ રહે જ નહીં. કોઈને કંઈ નવું મળે તેનાથી આપણને શા માટે દુઃખ થવું જોઈએ. જોકે દુઃખ ક્યારેક ઈર્ષામાંથી જન્મે છે.

બે સગા ભાઈ હોય અને બેમાંથી એકની પ્રગતિ-સંપત્તિ-જાહોજલાલી વધે ત્યારે બીજાને અદેખાઈ આવે તો એ દુઃખી થવાનો, પણ અદેખાઈને બદલે એમ વિચારે કે આ પ્રગતિ-સંપત્તિ મારા ભાઈની છે. ભાઈ ક્યાં પારકો છે? તો આપોઆપ દુઃખની લાગણી ઓગળી જવાની. એ અર્થમાં પણ સંતની વાત સમજવા જેવી છે. શબ્દો થોડા બદલીને કહીએ તો કંઈક આમ કહી શકાય. તને દુઃખની લાગણી થાય ત્યારે તારાથી વધુ દુઃખી કોઈને જોજે. તારી પીડા ઘટી જશે. તકલીફનું મૂળ અહીં છે. આપણે પીડાની પળોમાં આપણાથી વધુ સુખી હોય એની તરફ જોઈએ છીએ. એટલે આપણું દુઃખ બેવડાઈ જાય છે. એનો છેડો ક્યાંય દેખાતો નથી. એટલે સુખેથી જીવવાનું રહસ્ય શું? નીચું જુઓ, અપેક્ષા ઘટાડો. અસહ્ય થઈ પડે તો તમારાથી ઓછા સુખી (કે વધુ દુઃખી)ને જુઓ પછી નિરાંત જ નિરાંત છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# કચ્છના સંતકવિ ભીમસિંહજી રાઠોડ



કચ્છ જિલ્લાના ગઢશીશા પાસેના વડવા ગામે પીર હાલાજીની જગ્યા આવેલી છે, જ્યાં ઈ.સ.૧૮૬૬- વિ.સં.૧૯૨૨ ફાગણ વદી ૩ના દિવસે હાલાજીએ સમાધિ લીધેલ. ત્યાં એમના શિષ્ય એવા નારાયણજી કલ્યાણજી રાઠોડે આશ્રમસ્થાન બંધાવ્યું. વિ.સં.૧૯૭૧ ફાગણ સુદ ૭ નારાયણજી રાઠોડે વડવા ગામે હાલાજીની જગ્યામાં જ દેહત્યાગ કર્યો. ત્યાં ગુરુની સમીપ એમનું સમાધિમંદિર છે. ઉપરાંત મોડકુબાના ભક્તોએ મોડકુબા ખાતે પણ મોડપીરની બાજુમાં નારાયણજીનું સમાધિસ્થાન બનાવ્યું છે.

નારાયણજીના મોટા પુત્ર રામસંગજી સેવાભાવી વકીલ હતા. નારાયણજીના વચેટ પુત્ર હતા ભીમજી રાઠોડ. એમનો જન્મ આજથી એકસો બાવન વરસ પહેલાં ઈ.સ.૧૮૭૪- વિ.સં. ૧૯૩૦ જેઠ સુદ ૧૧ના દિવસે થયેલો અને એકાવન વર્ષની વયે આજથી એકસો એક વરસ પહેલાં ઈ.સ.૧૯૨૫- વિ.સં.૧૯૮૧ જેઠ સુદ ૧૧ના રોજ વિદાય લીધી. ભીમજીને પીર હાલાજીનાં પુત્રી દેવી તાજુબાએ દીક્ષા આપી અને ભજન ગાવાનો આદેશ આપેલો. પોતે પણ સનદી વકીલનો અભ્યાસ કરેલો છતાં ભજન ગાવા, ભજનો- ભાવગીતોનું સર્જન કરવું અને યોગસાધના તથા સંતસેવાને પોતાના જીવનનું લક્ષ્ય બનાવેલું.

**આ હાલો હાલોને રે, ગણેશ વધાઈયે.**
**હેતે હાલરડાં એનાં ગાઈએ રે,**
**નિત નિત નામ લઈએ તમારાં, નિરમલ ગંગામાં નાહીએ રે..**
**-હાલો હાલોને રે, ગણેશ વધાઈયે રે...૦**
**ભાવે કરીને રે ભોજન ધરીએ, સિંદૂર તિલક લગાઈએ રે,**
**મનનાં મેરમ ભવનાં તારણ, ફૂલડાંની માળા ચડાઈએ રે..**
**-હાલો હાલોને રે, ગણેશ વધાઈયે રે...૦**
**પ્રેમે કરીને પગલાં રે ભરીએ, અહોનિશ નામ તારાં લઈએ રે,**
**તાજુબા શરણે ગાએતા ભીમજી, સાચાં સમરણ કરીએ રે..**
**- હાલો હાલોને રે, ગણેશ વધાવિયે રે...૦**

વિ.સં.૧૯૫૫ના શ્રાવણ સુદ ૧૫ રક્ષાબંધનના દિવસે ભીમજી રાઠોડના સદગુરુ તાજુબા માતાએ સમાધિ લીધી. ત્યારે ભીમજીએ ગુરુવિરહની ભજનરચનાઓનું સર્જન પણ કર્યું છે. જેમાં ગાયું છે :

**પેલીન્યુ અશાંસે પ્રીત્યું લગાયાં, પોએ સુ મુંજુ છડે વ્યા વતન,**
**થોડે થોડે જલમેં જીં મછલાએ તલખે, તીં તલખે અશાંજો તંન,**
**તાજુબા સાહેબ હેડા ન કરજે મંન...૦**


ભીમજીનાં ભજનોમાં પ્રેમલક્ષણા ભક્તિ સાથે સૂફીવાદની અસર પણ જોવા મળે છે. ૧૬૬ જેટલાં પૃષ્ઠોમાં 'ભીમ ભજનમાળા' નામે પુસ્તિકામાં એમની કચ્છી-ગુજરાતી ભાષામાં રચાયેલી ૧૮૪ જેટલી ભજનરચનાઓ,૧૧ જેટલી પ્રભાત-પ્રભાતી રચનાઓ, બારમાસી, છપ્પા, સવૈયા, ૪૮ કાફી, સ્તુતિ, સાખી, દોહરા જેવી પદ્ય કૃતિઓનું સંકલન ઈ.સ.૧૯૮૦-૮૧ આસપાસ ભીમજી રાઠોડના દીકરા મદારસિંહજીના પાંચ પુત્રો- કલ્યાણસિંહ, પ્રતાપસિંહ, પ્રેમસિંહ, દિલાવરસિંહ અને ભગવતસિંહ, પીર હાલોજીની જગ્યા વડવા,પો. ગઢશીશા,જિ.કચ્છ દ્વારા કરવામાં આવ્યું છે. આ સંપાદનની શરૂઆત ગણેશ વંદનાથી થાય છે.

**હરભજ હરભજ હેતે મનવા,કાયા માયા હે કાચી,**
**નામ નિરંજન નિરખ નિજારી, રામ નામસે રહે રાચી..**
**-હરભજ હરભજ હેતે મનવા ...૦**
**બાગ બગીચા શેર ગામડાં, આખર હોશે સબ માટી,**
**સગાં સ્નેહી સંગ ન ચાલે, આગ દઈ કાં દેશે દાટી..**
**જોબન તારો જાતો રે'શે, સમજ લિયો તૂમ નરનારી,**
**આઠે પહોર તું રે'જે રટણમાં, નહીં તો જાશે બાજી હારી..**
**-હરભજ હરભજ હેતે મનવા ...૦**
**આવો અવસર ફેર ન આવે, જીવડા તું તો લે જાગી,**
**કાકા મામા કામ નઈ આવે, તૃષ્ણાને દેજે ત્યાગી..**
**ઈંગલા પિંગલા એક ઘર આણી, સુખમણા તું લે સાધી,**
**ભાવ ધરીને ભજન કરી લે, મૂરખ મેલી દેને ઉપાધી..**
**-હરભજ હરભજ હેતે મનવા ...૦**
**પાંચ ચોર બાંધી લે બાંધવા સુરત નૂરત સે કર દાસી,**
**તાજુબા શરણે ભણે ભીમજી, પ્રીતમ પૂરે તબ આશી..**
**-હરભજ હરભજ હેતે મનવા ...૦** ■

# સમાજને શ્રદ્ધાવાન બનાવતી સંતવાણી

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com



વેલાબાવાનું શિષ્યમંડળ પણ ભારે સમર્થ હતું. ગુરુ વેલનાથના પરચાઓથી અનેક લોકો એ સમયમાં હિંસા, ચોરી અને દુર્ગુણોમાંથી મુક્ત થઈને ગુરુ વેલનાથની કંઠી બાંધીને પછી ગુરુ જેવા જ શિષ્ય તરીકે નામ કમાયા છે. વેલનાથ શિષ્યપરંપરામાં એક રામૈયા નામછાપથી ભજનરચના કરી ગયેલા પૂર્વાશ્રમના રામ ઢાંગડ નામના ખાંટ પણ ભારે પ્રખ્યાત છે.

બનેલું એવું કે કોઈ એક કુંભાર ભગત વેલનાથ પાસે જતા હતા, ત્યાં રસ્તામાં સાંજ પડી ગઈ એટલે રામ ઢાંગડાને ઘેર ઉતારો કર્યો. ત્યાં તો કોઈ લોકદેવીમૂર્તિની મેલી આરાધના ચાલતી હતી. બકરાના ભોગ ધરાતા, શરાબ પીરસાતો અને માંસાહાર થતો. કુંભાર ભગતે જોયું કે આ બધું ભૂવાઓના કહેવાથી મૃતક પુત્રને જીવતો કરવાની લાલચમાં ફસાઈને રામ ઢાંગડ કરી રહ્યા છે. સવાર સુધી બધી વિધિ ચાલી પણ કંઈ પુત્ર જીવંત થયો નહીં. એટલે પછી એની ઠાઠડી બંધાતી હતી. ત્યાં કુંભાર ભગતે કહ્યું કે ભાઈ જીવ મારવાથી કંઈ જીવને ઉગારી શકાતો નથી. જીવને ઉગારવાથી જ જીવતદાન મળતું હોય છે. રામ ઢાંગડાનો અહમ્ તુર્ત જ ઓગળી ગયો અને કુંભાર ભગતને પગે લાગ્યો.

કુંભાર ભગતે કહ્યું કે આ વાત સમજાણી હોય તો આ બંદૂક મૂકી દે અને આ કંઠી-માળા ધારણ કરી લે.

રામ ઢાંગડ કહે - કંઠી કોના નામની છે ?

કુંભાર ભગત કહે - ગુરુ વેલનાથના નામની.

કુંભાર ભગતની સાથે ખાંટ ઢાંગડ રામ પણ આવે છે વેલનાથ ચરણે. વેલનાથના પગમાં પડી ગયો. વેલનાથે બે જ શબ્દોનાં વચનો સંભળાવતા કહ્યું કે : 'વીરા હવેથી જીવહિંસા કરીશ નહીં.'

રામ ઢાંગડ ઘેર આવ્યો. ગામની સીમમાં એક ભારે મોટા રોઝડાને જોયું. બધાએ રામને વિનંતી કરી કે રોઝડું મારો તો આખું ગામ ધરાશે. પણ રામ માન્યો નહીં. પુનઃ ઘરના પરિવારજનોએ પણ વિનંતી કરી અને રામે બંદૂક હાથમાં લઈને સીમમાં જઈને રોઝડાને નિશાન તાકીને ગોળી છોડી. એક પછી એક નવ ગોળી છોડી પણ રોઝડું છટકી ગયું. રાત પડી ગઈ હતી. કાલે ઘવાયેલા રોઝડાને ખોળી કાઢીશું, માનીને રામ ઘર તરફ નીકળ્યો. રસ્તામાં ગુરુ વેલનાથની નાદુરસ્ત તબિયતના સમાચાર મળતાં ગુરુની ખબર પૂછવા નીકળ્યો. ગુરુને પથારીમાં પડેલા જોયા. શરીર લોહીલુહાણ જોયું. રામે પૂછયું. ગુરુ તમારી આ સ્થિતિ કોણે કરી? ગુરુએ કહ્યું, રામ કેમ અજાણ્યો થાય છે નીમ તોડીને હાથમાં હથિયાર લીધું. તને દયા ન આવી. લે આ નવે-નવ ગોળીઓ રામે બંદૂકનો ઘા કર્યો. બંદૂકના કટકા થઈ ગયા. પોતાના હૃદયના પણ જાણે કે કટકા થઈ ગયા. ગુરુ વેલનાથના પગમાં પડીને ચોધાર આંસુએ રડવા લાગ્યો. આખી રાત પગમાં પડી રહ્યો. ગુરુએ કહ્યું, રામ સવાર પડી, ઘેર જાઓ. રામ ઢાંગડ કહે, બાપજી હવે આ ઘરની માથે બીજું ઘર નથી. મારું ઘર તો આંય જ. કહેવાય છે કે વેલનાથે ખૂબ આકરા થઈને કહેલું પણ રામ તો રહી ગયો વેલનાથની મઢીએ. ગિરનારી સંતસ્થાનકે. રામે રામૈયા નામછાપથી ગુરુ વેલનાથની વ્યક્તિમત્તાને ઉપાસવતા, ગુરુપ્રાપ્તિની પ્રસન્નતાની અનુભૂતિને અભિવ્યક્ત કરતાં શતાધિક ભજનો રચેલાં. તે આજે પણ પરંપરામાં જીવંત છે. એનાં ભજનો ભારે માર્મિક છે. પણ એમાં આરાધ ઢંગનું એક ભજન તો ભારે લોકપ્રિય છે.

આજે પણ ભૈરવજપની સમીપમાં વેલાબાવાના વીરડા તરીકે ઓળખાતી જગા છે. ત્યાં શિવરાત્રિએ રામૈયાનો રચેલો આ આરાધ અવશ્ય સાંભળવા મળે. ગિરનારી વાતાવરણમાં એક શિવરાત્રિએ સન્મિત્ર નિરંજન રાજ્યગુરુની સંગાથે કોઈ હેમંતગર નામના ભજનિકના ભારે ભાવપૂર્ણ કંઠુ સાંભળેલું એ ભજન હૃદયમાં અકબંધ છે :

**આવો તો આનંદ થાય, નાવો તો પત જાય રે;**
**ગરવાવાળા નાથ વેલા આરે અવસર ..આવજો ટેક.**

**અનહદ વાજાં વાગિયાં સ્વામી જોઉં તમારી વાટ રે;**
**હું સુવાગણ સંદરી, મારે તમારો વિશ્વાસ રે.**
**..આવો તો..૧**

**કાયામાં કાળિંગો વ્યાપ્યો, થોડે થોડે ખાય રે;**
**ભવસાગરમાં બેડી બૂડતાં, બાવે પકડેલ બાંય રે. ..આવો તો..૨**

**સામસામાં નિશાન ધરે ધણી ધારે પડઘાયે જાગ રે,**
**ખડગ ખાંડું હાથ લીધું. ભાગ્યો કાળિંગો જાય રે. ..આવો તો..૩**

**વેલનાથ તમારા હાથમાં, બાજીગરના ખેલ રે.**
**વેલા-ચરણે બોલ્યા રામૈયો, ફેર મનખ્યો લાવ રે. ..આવો તો..૪**

કહેવાય છે કે પહેલાંના વખતમાં આ ભજન ગવાય એટલે પાણીસ્વરૂપે સરવાણી પ્રગટે અને વીરડા છલોછલ ભરાઈ જઈને ભજનનો હોંકારો ભણતા. પણ એ દિવસો તો હવે ગયા. પાણી જ ક્યાં છે, હવે તો ત્યાં પાણીનાં પાઉચનાં પ્લાસ્ટિક ઠેર ઠેર રઝળતાં-ઊડતાં નજરે પડતાં હોય છે.

ભજનમાં રામૈયો કહે છે કે ગુરુ તમે પધારો તો પરમાનંદ થશે. અન્યથા મારી આબરૂ જશે. આ અવસર છે ખરો સમય છે આરે - વીરડાને કિનારે આપ પધારો.

રૂપકાત્મક રીતે વરવાની વાત અહીં કહેવાઈ છે. રામૈયો પોતે સુહાગ સુંદરી છે અને ગુરુની વાટ જુએ છે. વિશ્વાસ છે કે અવશ્ય સ્વામીનાથ પધારશે. અનહદની અનુભૂતિનાં વાજિંત્રો વાગી રહ્યાં છે. ગુરુને સમર્પિત થવાની વિગત અહીં સ્થાન પામી છે.

કાયામાં કળિયુગ પ્રસરી ગયો છે અને ધીમે ધીમે શરીરને કોરી રહ્યો છે. ભવસાગરમાં મારું નાવડું ડૂબી રહ્યું હતું પણ સમર્થ ગુરુ વેલનાથે મને ઉગાર્યો.

કળિયુગની સામે લડતા વેલનાથની છબી અહીં આંકી છે, એને કહે છે કે ગુરુ વેલનાથના ખડગ પ્રહારથી કળિંગો-કળિયુગ સંતથી દૂર છે. સંત સતયુગના જીવ રહે છે. ગુરુ વેલનાથના હાથમાં જ બધો એમનો આધાર છે. એ બહુ મોટો બાજીગર છે અને એમણે જ આ મનુષ્યઅવતાર સુધારી દીધો છે. આમ ગુરુને ચરણે રામૈયો બોલ્યા છે.

રામૈયાએ ગુરુને પ્રગટ થવાની વિનંતી કરી છે અને પુનઃ નહીં પ્રગટો તો પોતાની આબરૂ જશે માટે ભક્તની ભેરે થવાનું વિનવે છે. સંતવાણીમાં ગુરુમહિમા અપાર છે, પણ અહીં તો ગુરુને જ પરમતત્ત્વ રૂપે માનીને એની અકળ-અપાર લીલાની વાત કેન્દ્રમાં છે. રામૈયાની રચના દ્વારા સંતવાણીની પ્રકૃતિનો નિકટથી પરિચય થાય છે. એને શરણે-ચરણે જ પોતાનું સર્વસ્વ સમર્પીને અભિપ્રેત-ઈચ્છિત પ્રાપ્ત કરનાર ભક્તનું હૃદય અહીંથી વીરડામાં ફૂટતા જળની પેઠે ફૂટે છે અને આપણને પણ તૃપ્ત કરે છે. શ્રદ્ધાવાન બનાવે છે. સંતવાણીએ સમાજને શ્રદ્ધાવાન બનાવવામાં ભારે મોટું યોગદાન આપ્યું છે. એની પ્રતીતિ કરાવતી આ વાણી આજે પણ એટલી જ અર્થપૂર્ણ લાગે છે. ■

# રોયલ એન્ફિલ્ડ બાઈકનું મંદિર બનાવવા લોકો કેમ પ્રેરાયા?

વિશેષ પ્લસ

કવિતા યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com



આપણા દેશમાં શહીદોના સ્મારકને મંદિરોની જેમ પૂજાય છે. કોઈ મહાનુભાવના મૃત્યુસ્થળ કે અગ્નિદાહના સ્થળ પણ સ્મારક તરીકે સચવાય છે. પણ કોઈ રોયલ એન્ફિલ્ડ બાઈકનું મંદિર બનાવ્યું એમ કહે તો કેવું લાગે? આપણા દેવી-દેવતાઓનાં વાહનો તરીકે પશુ કે પક્ષીઓ છે, તેમ છતાં તેમના મંદિર બનતા નથી, ત્યાં કોઈ સામાન્ય માણસની એક સામાન્ય મોટર સાઈકલનું મંદિર બનવા કેમ લોકો પ્રેરાયા હશે? ક્યાં છે આવું મંદિર? ચાલો, જાણીએ.

રાજસ્થાનમાં એક ગામ છે જ્યાં મંદિરમાં કોઈ ભગવાનની મૂર્તિ નહીં, પણ રોયલ એનફિલ્ડ બુલેટ ૩૫૦ છે. મંદિરને 'ઓમ બન્ના ધામ' કહેવામાં આવે છે. પણ લોકોમાં તે 'બુલેટ બાબા મંદિર' તરીકે બહુ પ્રખ્યાત છે.

ઓમ બન્ના ધામ અથવા બુલેટ બાબા મંદિર રાજસ્થાનના જોધપુરથી લગભગ ૫૦કિલોમીટર દૂર અને પાલીથી ૨૦ કિમી દૂર ચોટીલા ગામમાં પાલી જોધપુર રૂટ પર આવેલું છે. આ મંદિર ફક્ત તેના ધાર્મિક મહત્ત્વને કારણે જ નહીં પરંતુ તેની રોમાંચક અને રહસ્યમય કથાને કારણે પણ લોકપ્રિય બન્યું છે. આ મંદિર પર લોકો દૂર દૂરથી બાઇકની પૂજા કરવા આવે છે.

ઠાકુર જોગ સિંહ રાઠોડના પુત્ર ઓમ સિંહ રાઠોડનું લગભગ ૩૭ વર્ષ પહેલાં આ ગામમાં એક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. ડિસેમ્બર ૧૯૮૮માં, ઓમ સિંહ રાઠોડ (ઓમ બન્ના) પાલીના સાંદેરાવ નજીક બાંગડીથી ચોટીલા જઈ રહ્યા હતા. રાત્રે વાહન ચલાવતી વખતે, તેમણે પોતાની બાઇક પરનો કાબૂ સંપૂર્ણપણે ગુમાવી દીધો અને એક ઝાડ સાથે અથડાઈ ગયા. આ મંદિરનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યું છે. આપણને સવાલ એ થાય કે મૃતક ન તો દેશના કોઈ મોટા મહાનુભાવ હતા, ન દેશની રક્ષા કરતા શહીદ થયેલા કોઈ સૈનિક. તો પછી એવું તે શું થયું કે મંદિર બન્યું?

દેશમાં રોજના આવા હજારો મૃત્યુ થાય છે. રાજસ્થાનમાં પણ માર્ગ અકસ્માતો ખૂબ થાય છે. એટલે લોકો આવા અકસ્માતો પ્રત્યે દુઃખ તો દર્શાવે છે, પણ તેને ભૂલી પણ જલ્દી જાય છે. પોલીસ પણ અકસ્માત મૃત્યુના કેસમાં જરૂરિયાત મુજબ કાગળ-પત્રો તૈયાર કરે, ફાઈલ કરે એટલે તેમનું કામ પત્યું. આ કિસ્સામાં ઓમ સિંહ રાઠોડનું મૃત્યુ મોટરસાઈકલ ચલાવતા થયું હતું એટલે પોલીસે બાઈક જપ્ત કરી અને પોલીસ થાણામાં પુરાવા તરીકે જમા કરી.

પણ બીજા દિવસે જોયું તો બાઈક પોલીસ થાણામાંથી ગાયબ હતી. પોલીસે શોધખોળ આરંભી તો આખરે બાઈક એ જ સ્થળેથી મળી આવી જ્યાં યુવાન ઓમ સિંહનો અકસ્માત થયો હતો. કોઈએ ટીખળ કરી હશે તેવું માનીને પોલીસ બાઈક ફરીથી કબજામાં લઈને પોલીસ થાણામાં લાવી. પણ આશ્ચર્ય વચ્ચે બીજા દિવસે બાઈક ફરીથી ગાયબ થઇ ગઈ, અને ફરીથી અકસ્માત થયો હતો એ સ્થાને જ મળી! આવી ઘટના બે-ત્રણ વખત થતાં પોલીસને કોઈ બદમાશી કરી રહ્યું હોવાની શંકા ગઈ. એટલે તેમણે રાતના સમયે મોટરસાઈકલની ચોકી કરવાનું નક્કી કર્યું.

રાત્રે ચોકી કરતા પોલીસને જે જોવા મળ્યું, તેનાથી તેને પરસેવો છૂટી ગયો, તેની આંખો ફાટી ગઈ. તેણે જોયું કે મોટરસાઈકલ પોતાની જાતે જ ચાલુ થઇ ગઈ અને ચાલવા લાગી, અંતે તે ફરીથી અકસ્માતના સ્થળે જઈને જ અટકી.

આ ઘટનાથી અચંબામાં પડેલા પોલીસે પરિવારને આ આશ્ચર્યજનક ઘટનાની જાણ કરી અને બાઇક તેમને સુપરત કરી દીધી. ત્યારબાદ, સ્થાનિક લોકો અને પરિવારના સભ્યોએ મળીને મૃતક ઓમ સિંહ રાઠોડના નામે એક મંદિર બનાવ્યું અને ત્યાં તે બાઈક સ્થાપિત કરી. ત્યારથી આ મંદિર ઓમ બન્ના (રાજસ્થાનમાં લાડથી દીકરાને બન્ના કહે છે)ના નામે અને ત્યાં રોયલ એન્ફિલ્ડ હોવાથી તેણે બુલેટ બાબા તરીકે ખ્યાતિ મળી.

એવું માનવામાં આવે છે કે ઓમ બન્નાનો આત્મા મુસાફરો પર નજર રાખે છે અને રસ્તાઓ પર તેમની સલામતી સુનિશ્ચિત કરે છે. ઓમ બન્નાને હાઇવે પર મુસાફરી કરનારાનો એક રક્ષક માનવામાં આવે છે. ત્યાંથી પસાર થતાં મુસાફરો મંદિર પર અચૂક રોકાય છે અને પોતાની સલામતી માટે પ્રાર્થના કરે છે.

ઓમ બન્ના મંદિર સાથે ચમત્કારો અને વિચિત્ર ઘટનાઓની કિંવદંતીઓ પણ સંકળાયેલી છે. તેમના દ્વારા અકસ્માતો અટકાવવા અને ટ્રક ડ્રાઇવરોને રાત્રે રસ્તા પર કોઈ વિચિત્ર વ્યક્તિની હાજરીનો અહેસાસ થવાની વાત ઘણા લોકો પોતાના અનુભવથી કહે છે. ■

# શું સ્ત્રીઓ માસિક ધર્મ દરમિયાન ગાયત્રી મંત્રનો જાપ કરી શકે છે?

ફોકસ

રશ્મિ શુકલ
feedback@bombaysamachar.com



હિન્દુ ધર્મમાં, સ્ત્રીઓને ગાયત્રી મંત્રનો જાપ કરવાની સલાહ આપવામાં આવતી નથી. દેવી-દેવતાઓની પૂજા માટે ખાસ મંત્રો બનાવવામાં આવ્યા છે. હિન્દુ શાસ્ત્રોમાં મંત્રોનો જાપ સર્વોપરી માનવામાં આવે છે. મંત્રનો જાપ કરવાથી દેવી-દેવતાઓ ઝડપથી પ્રસન્ન થાય છે. બધા મંત્રોમાં, ગાયત્રી મંત્રને શ્રેષ્ઠ માનવામાં આવે છે. શું સ્ત્રીઓને માસિક ધર્મ દરમિયાન ગાયત્રી મંત્રનો જાપ કરવાની છૂટ છે? ચાલો આનો જવાબ જાણીએ.

તમને જાણીને આશ્ચર્ય થશે કે ગાયત્રી મંત્ર ભગવાન શિવને પ્રસન્ન કરવા માટે જાપ કરવામાં આવે છે. આ મંત્રનો જાપ કરવાથી ભક્તના જીવનમાં બધા પાપોનો નાશ થાય છે. આ મંત્રનો સતત જાપ કરવાથી વ્યક્તિને સહજ શક્તિઓનો અનુભવ થાય છે.

ધાર્મિક માન્યતાઓ અનુસાર આ મંત્ર ઉચ્ચ દરજ્જો ધરાવે છે, અને ફક્ત પુરુષો જ તેનો જાપ કરી શકે છે. શાસ્ત્રો અનુસાર પવિત્ર દોરો પહેરનારાઓએ ચોક્કસપણે ગાયત્રી મંત્રનો જાપ કરવો જોઈએ.

ગાયત્રી મંત્રનો જાપ કરવો સ્ત્રીઓ માટે અશુભ છે.

એવું કહેવાય છે કે સ્ત્રીઓએ ગાયત્રી મંત્રનો જાપ ન કરવો જોઈએ. શાસ્ત્રોમાં ગાયત્રી મંત્રનો જાપ સ્ત્રીઓ માટે અશુભ માનવામાં આવે છે. આ માન્યતા ઘણા વર્ષોથી પ્રચલિત છે.

પ્રાચીન સમયમાં, સ્ત્રીઓ પવિત્ર દોરો પહેરતી હતી અને પુરુષોની જેમ ધાર્મિક વિધિઓમાં ભાગ લેતી હતી, પરંતુ સમય જતાં આ માન્યતાઓ પણ બદલાઈ ગઈ છે.

ખરેખર ગાયત્રી મંત્રનો જાપ સ્ત્રીઓ માટે પ્રતિબંધિત માનવામાં આવે છે. આ માસિક સ્રાવને કારણે છે, જે તેમને ધાર્મિક વિધિઓ અને કાર્યોથી દૂર રાખે છે. વધુમાં તેમને ગાયત્રી મંત્રનો જાપ કરવાની સલાહ આપવામાં આવતી નથી.

ગાયત્રી મંત્રનો જાપ કરતી વખતે શું થાય છે?

માન્યતાઓ અનુસાર ગાયત્રી મંત્રનો જાપ કરવાથી સ્ત્રીઓ પુરુષોની જેમ વર્તે છે, અને આ મંત્ર તેમના શરીરના ભાગો અને ત્વચાને પણ અસર કરે છે. તેમને ચહેરાના અનિચ્છનીય વાળ અને માસિક સ્રાવની સમસ્યાઓનો અનુભવ થઈ શકે છે.

એ નોંધવું જોઈએ કે આ ધાર્મિક માન્યતાઓ સાબિત થઈ નથી. તે ફક્ત સાંભળેલી વાતો પર આધારિત છે, તેમની સત્યતાના કોઈ પુરાવા નથી. હિન્દુ ધર્મમાં પૂજામાં મહિલાઓની ભાગીદારી અને મંત્રોના જાપ અંગે ઘણી દંતકથાઓ પ્રચલિત છે. ■

# સરકારે બજેટ સત્ર પહેલા સર્વપક્ષી બેઠક બોલાવી

## રાષ્ટ્રપતિ સંસદની સંયુક્ત બેઠકને સંબોધશે

નવી દિલ્હીઃ સંસદના બજેટ સત્ર પહેલા સરકારે કાયદાકીય અને અન્ય એજન્ડાઓ પર ચર્ચા કરવા માટે ૨૭ જાન્યુઆરીએ સર્વપક્ષી બેઠક બોલાવી છે.

બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધિત કરવા સાથે શરૂ થશે.

સંસદીય ઇતિહાસમાં આ એક દુર્લભ ઘટના હશે જ્યારે કેન્દ્રીય બજેટ પહેલી ફેબ્રુઆરીને રવિવારના રોજ રજૂ કરવામાં આવશે. આ નાણાં પ્રધાન નિર્મળા સીતારમણનું સતત નવમું બજેટ હશે.

એક સરકારી સૂત્રના જણાવ્યા અનુસાર સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજૂ દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠક ૨૭ જાન્યુઆરીના રોજ સવારે ૧૧ વાગ્યે સંસદ ભવન એનેક્સના મુખ્ય સમિતિ ખંડમાં યોજાશે. ■





**હિમવર્ષા :** હિમાચલ પ્રદેશમાં મનાલી નજીક ભારે હિમવર્ષાને લીધે થયેલો ટ્રાફિક જેમ તેમ જ જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં કાઝીગુંડ ખાતે હિમાચ્છાદિત વિસ્તારમાં દોડતી ટ્રેન. (પીટીઆઈ)

# યુક્રેન પર રશિયન હુમલામાં એકનું મોત, ૩૧ ઘાયલ

કીવઃ યુક્રેન, રશિયા અને અમેરિકાના વાટાઘાટકારો રશિયાના લગભગ ચાર વર્ષના સંપૂર્ણ પાયે આક્રમણને સમાપ્ત કરવા માટે વાટાઘાટોના બીજા દિવસ માટે સંયુક્ત આરબ અમિરાત (યુએઇ) માં મળવાના છે, ત્યારે યુક્રેન પર રશિયાએ કરેલા હુમલામાં શનિવારે રાત્રે ઓછામાં ઓછા એક વ્યક્તિનું મોત અને ૩૧ લોકો ઘાયલ થયા હતા.

કીવ સિટી મિલિટરી એડમિનિસ્ટ્રેશનના વડા ટાયમુર ટાકાચેન્કોના જણાવ્યા અનુસાર, યુક્રેનની રાજધાની કીવ પર રશિયન ડ્રોન હુમલામાં એક વ્યક્તિનું મોત અને ચાર ઘાયલ થયા હતા.

ખાર્કિવના પ્રાદેશિક વડા ઓલેહ સિનીહુબોવે શનિવારે જણાવ્યું હતું કે યુક્રેનના બીજા સૌથી મોટા શહેર ખાર્કિવમાં ડ્રોન હુમલામાં ૨૭ લોકો ઘાયલ થયા છે.

શનિવારે બીજા દિવસની વાટાઘાટો માટે યુએઈની રાજધાની અબુ ધાબીમાં રાજદૂતો મળવાની અપેક્ષા વચ્ચે આ હુમલાઓ થયા.

મોસ્કોના લગભગ ચાર વર્ષ જૂના આક્રમણને સમાપ્ત કરવા માટે પ્રગતિ માટે વોશિંગ્ટનના દબાણના ભાગરૂપે ટ્રમ્પ વહીવટીતંત્રના અધિકારીઓ બંને દેશ સાથે બેઠા હોય તેવું આ પ્રથમ જાણીતું ઉદાહરણ છે. ■

# ઈયુ સાથેના વેપાર સોદા પહેલા ૨૦ ટકા ટૅરિફથી નિકાસકારોની ઊંઘ હરામ

નવી દિલ્હીઃ ભારત માટે આગામી સપ્તાહ અત્યંત નિર્ણાયક છે, કારણ કે ભારત યુરોપિયન યુનિયન સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવા જઈ રહ્યું છે. જો યુરોપિયન યુનિયન સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ) સોદો પાર પડે છે, તો યુરોપિયન માર્કેટમાં ભારતની સ્થિતિ ફરી મજબૂત બનશે અને લાંબા ગાળે નિકાસમાં મોટો ઉછાળો જોવા મળી શકે છે, પરંતુ આ પહેલા યુરોપિયન યુનિયને ભારતને મળતા જીએસપી (જનરલાઇઝ્ડ સિસ્ટમ ઑફ પ્રેફરન્સ) હેઠળના નિકાસ લાભો સ્થગિત કરી દીધા છે. જેનાથી ભારતીય નિકાસકારોની ચિંતા વધી છે.

ઈયુના નિયમો મુજબ, જ્યારે કોઈ વિકાસશીલ દેશના ઉત્પાદનો યુરોપિયન બજારમાં એટલા સ્પર્ધાત્મક બની જાય કે તેમને વધારાની સહાયની જરૂર ન રહે, ત્યારે આ છૂટછાટો પાછી ખેંચી લેવામાં આવે છે. યુરોપિયન યુનિયન દ્વારા ભારતને જીએસપી હેઠળના નિકાસ લાભો સ્થગિત કરાતા યુરોપમાં મોકલવામાં આવતા મોટાભાગના ભારતીય માલ પરના ટૅરિફમાં ૨૦ ટકા સુધીનો વધારો થઈ શકે છે.

ભારતની લગભગ ૮૭ ટકા નિકાસ હવે જીએસપીના દાયરાની બહાર થઈ ગઈ છે. તેથી ખનિજો, રસાયણો, પ્લાસ્ટિક, લોખંડ-સ્ટીલ, મશીનરી અને ઇલેક્ટ્રિકલ સાધનો પર તેની સૌથી વધુ અસર પડશે. ફેડરેશન ઑફ ઇન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઇઝેશન (એફઆઈઇઓ)ના ડાયરેક્ટર જનરલ અજય સહાયે જણાવ્યું છે કે, જીએસપી લાભો છીનવાઈ જવાથી બાંગ્લાદેશ અને વિયેતનામ જેવા દેશોની સરખામણીએ ભારતીય માલ યુરોપમાં મોંઘો અને ઓછો સ્પર્ધાત્મક બનશે. હવે માત્ર ૧૩ ટકા ભારતીય નિકાસ (મુખ્યત્વે કૃષિ અને ચામડું)ને જ આ યોજનાનો લાભ મળશે.

ઉલ્લેખનીય છે કે, ભારત અને યુરોપિયન યુનિયન (ઈયુ) વચ્ચેના આર્થિક સંબંધો એક મહત્વપૂર્ણ વળાંક પર છે. આગામી ૨૭ જાન્યુઆરી સુધીમાં બંને પક્ષો વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ) પર હસ્તાક્ષર થવાની પ્રબળ શક્યતા છે.

જો એફટીએ સોદો પાર પડે છે તો યુરોપિયન માર્કેટમાં ભારતની સ્થિતિ ફરી મજબૂત બનશે અને લાંબા ગાળે નિકાસમાં મોટો ઉછાળો જોવા મળી શકે છે. જો ૨૭ જાન્યુઆરીએ એફટીએ (ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ) પર હસ્તાક્ષર થઈ જશે, તો તે જીએસપીનું સ્થાન લેશે. એફટીએ લાગુ થયા પછી ભારતીય માલને ફરીથી ટૅરિફમાં મોટી રાહત મળશે. ■

# યુએનની માનવહક પરિષદમાં ઈરાનને ટેકો આપ્યો ભારતે

નવી દિલ્હી : ઈરાનમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતી વચ્ચે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં ઈરાન વિરુદ્ધ ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો. જોકે, આ ઠરાવનો ભારતે વિરોધ કર્યો હતો અને ઈરાનનું ખુલ્લેઆમ સમર્થન કર્યું હતું. તેની બાદ ભારતના ઈરાનના રાજદૂત મોહમ્મદ ફતાલીએ 'એક્સ' પર ભારત સરકારના પગલાની પ્રશંસા કરી હતી.

ભારતમાં ઈરાનના રાજદૂત મોહમ્મદ ફતાલીએ શનિવારે 'એક્સ' પર ભારત સરકારનો આભાર વ્યક્ત કર્યો. તેમણે લખ્યું, હું યુએન માનવાધિકાર પરિષદમાં ઈરાનના સમર્થનમાં ભારત સરકારના સૈદ્ધાંતિક અને મક્કમ વલણ માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. જેમાં અન્યાયી અને રાજકીય રીતે પ્રેરિત ઠરાવનો વિરોધ કરવાનો પણ સમાવેશ થાય છે. આ વલણ ન્યાય, બહુપક્ષીયતા અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ઈરાની રાજદૂતે તેને ન્યાય, બહુપક્ષીયતા અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. ■

# ત્રિવેણી સંગમ પર વસંત-પંચમીએ ૩.૫૬ કરોડ લોકોએ સ્નાન કર્યું, નવો વિક્રમ

પ્રયાગરાજઃ ત્રિવેણી સંગમ ખાતે ચાલી રહેલા માઘ મેળામાં વસંતપંચમીના પાવન અવસરે આસ્થાનું ઘોડાપૂર ઊમટ્યું હતું. સંગમ તટ પર શ્રદ્ધા અને ભક્તિનો એવો સંગમ રચાયો કે અગાઉના તમામ રેકોર્ડ તૂટી ગયા હતા.

પ્રયાગરાજ માઘ મેળાના ચોથા મુખ્ય સ્નાન પર્વ એટલે કે વસંત પંચમી પર શ્રદ્ધાળુઓની સંખ્યાએ ઈતિહાસ રચી દીધો છે. પ્રશાસનના દાવા મુજબ, મેળાના ૨૪ ઘાટો પર કુલ ૩.૫૬ કરોડ લોકોએ પવિત્ર સ્નાન કર્યું હતું. આ આંકડો વર્ષ ૨૦૨૫ના મહાકુંભમાં વસંત પંચમીના દિવસે નોંધાયેલા ૨.૫૭ કરોડના આંકડા કરતા પણ ઘણો વધારે છે. દેશના ખૂણેખૂણેથી આવેલા લોકોએ વહેલી સવારથી જ સંગમ નોઝ પર ધસારો કર્યો હતો અને ઠંડીની પરવા કર્યા વગર આસ્થાની ડૂબકી લગાવી હતી. ■

# નોએડા એન્જિનિયર મૃત્યુ કેસમાં વધુ બે બિલ્ડરની ધરપકડ

## બાંધકામ સ્થળ નજીક પાણી ભરેલા ખાડામાં કાર પડવાની ઘટના

નોએડાઃ નોએડા પોલીસે સોફ્ટવેર એન્જિનિયરના મૃત્યુ કેસમાં વધુ બે બિલ્ડરની ધરપકડ કરી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે એન્જિનિયરનું મૃત્યુ સેક્ટર ૧૫૦માં એક બાંધકામ સ્થળ નજીક પાણી ભરેલા ખાડામાં કાર ખાબકવાથી થયું હતું.

એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ ફરીદાબાદના રહેવાસી રવિ બંસલ અને ગાઝિયાબાદના રહેવાસી સચિન કર્ણવાલ તરીકે થઇ છે. ધરપકડ કરાયેલા બંને શખસ રિયલ એસ્ટેટ ડેવલપર લોટસ ગ્રીન્સ સાથે સંકળાયેલા છે. જો કે કંપનીમાં તેમના ચોક્કસ હોદ્દાની તાત્કાલિક પુષ્ટિ થઇ શકી નથી.

પોલીસના જણાવ્યા અનુસાર આ ધરપકડ નોલેજ પાર્ક પોલીસ સ્ટેશનની ટીમે કલમ ૧૦૫, ૧૦૬(બેદરકારીથી મૃત્યુનું કારણ બનવું) અને ૧૨૫(બીજાના જીવન કે વ્યક્તિગત સુરક્ષાને જોખમમાં મૂકનાર કૃત્ય) હેઠળ નોંધાયેલા કેસમાં કરવામાં આવી હતી.

પોલીસે ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે નોંધનીય છે કે ૧૬ અને ૧૭ જાન્યુઆરીની રાત્રે બિલ્ડર અને તેના સહયોગીઓની કથિત બેદરકારીને કારણે લોટસ ગ્રીન્સમાં એક બાંધકામ સ્થળ પર પાણી ભરેલા પ્લોટમાં ડૂબી થવાથી કાર ચાલક યુવરાજ મેહતા(૨૭)નું મૃત્યુ થયું હતું. ગુરુગ્રામમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે કામ કરતાં મહેતા સેક્ટર ૧૫૦માં આવેલા તેના ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે તેની કાર એક બાંધકામ સ્થળ નજીક પાણી ભરેલા ખાડામાં ખાબકી હતી.

મૃતકના પિતાની ફરિયાદ બાદ નોલેજ પાર્ક પોલીસ સ્ટેશનમાં લોટસ ગ્રીન્સ અને એમઝેડ વિઝટાઉન પ્લાનર્સ વિરુદ્ધ એફઆઇઆર નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં પોલીસે એમઝેડ વિઝટાઉન પ્લાનર્સના ડિરેક્ટર અભય કુમારની ધરપકડ કરી હતી. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જંગી | સ્થાવર |
| જંગમ | સમજુ |
| જંપ | જુવાન |
| જૈફ | ક્ષુલ્લક |
| જક્કી | અજંપો |

## માતૃભાષાની મહેક

ભારતની બંધારણસભાએ સ્વીકારેલું રાજચિહ્નનું શિખર એક ચોરસ શિલા ઉપર ઊભેલા ત્રણ સિંહોનું બનેલું છે. ચોરસ શિલા ઉપર વચમાં ધર્મચક્ર, ડાબી બાજુએ ઘોડો અને જમણી બાજુએ એક આખલા અથવા વૃષભની આકૃતિઓ ઉપસાવવામાં આવેલી છે. ડાબી ને જમણી બાજુ ઉપર છેડે ધર્મચક્રોની કિનારી દેખાય છે. શિખરની નીચે સત્યમેવ જયતેનો મુદ્રાલેખ ઉમેરવામાં આવ્યો છે.

## ગુજરાત મોરી મોરી રે

ભારતીય બંધારણ તૈયાર કરવામાં આવી રહ્યું હતું ત્યારે એની ડ્રાફ્ટિંગ કમિટીમાં યોગદાન આપનારી ગુજરાતની વિભૂતિ કોણ હતી એ જણાવો.

અ) હિતેન્દ્ર મહેતા
બ) કન્હૈયાલાલ મુનશી
ક) એચ એમ પટેલ
ડ) કાકાસાહેબ કાલેલકર

## ઈર્શાદ

સ્વતંત્રતા, દે વરદાન એટલું
ન હીન સંકલ્પ હજો કદી મન.
-- ઉમાશંકર જોશી

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | | | ■ | ■ | | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | | ■ | ૧૪ | | ૧૫ | | ■ |
| ■ | ૧૬ | ૧૭ | ■ | ૧૮ | | ■ | | ■ | ■ |
| ■ | ■ | | ■ | ૧૯ | | ■ | ૨૦ | ૨૧ | ■ |
| ■ | ૨૨ | | ૨૩ | | ■ | ૨૪ | ■ | ૨૫ | ૨૬ |
| ૨૭ | | ■ | | ■ | ■ | ૨૮ | ૨૯ | | |
| ૩૦ | | ■ | ૩૧ | | ■ | ૩૨ | | ■ | |
| ૩૩ | | | | ■ | ૩૪ | | | | |

### આડી ચાવી

૧. સંતોષ, સમાધાન (૫)
૪. વાંકાપણું, વિરુદ્ધતા (૪)
૭. --- ના ચટકાં હોય, મટકા નહીં (૨)
૮. ગતિ, ઝડપ (૨)
૯. આનંદ, લહેર (૨)
૧૦. ફાલતુ, નકામું (૪) (જો. છૂ.)
૧૩. લાંબા પાછળ --- જાય મરે નહીં તો માંદો થાય (૨)
૧૪. બહાદુર માણસ, માનો બેટો (૪)
૧૬. અવાજ, ધ્વનિ (૨)
૧૮. ફેણવાળો સાપ (૨)
૧૯. નીર, જળ (૨)
૨૦. ધન, દોલત (૨)
૨૨. પુષ્કળ, ખીચોખીચ (૪)
૨૫. ઉપાધિ, લફરું (૨)
૨૭. જકાત, લાગો (૨)
૨૮. આદરસત્કાર, સેવાચાકરી (૪)
30. જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રસ (૨)
3૧. દરદીને --- વહાલાં (૨)
3૨. --- કરે કામ (૨)
33. પ્રતિબિંબ (૪)
3૪. જે ફરજિયાત ન હોય તે (૫)

### ઊભી ચાવી

૧. બેવકૂફ, ગમ વિનાનું (૪)
૨. આશ્વાસન કે ધીરજ આપનાર (3)
3. વિલંબ કરવા નકામું આમતેમ ફર્યા કરવું (૪)
૪. રેલગાડી (૪)
૫. ગાદલાં - ગોદડા વગેરે મૂકવાની ઘોડી (૪)
૬. સુરવાળ (3)
૧૧. સહેજ ઈશારો કે સૂચના (3)
૧૪. ઉઘરાણી, માંગ (3)
૧૫. જદુનો વંશજ, કૃષ્ણ (3)
૧૭. સહાયતા, મદદ (3)
૧૮. અપવિત્ર (3)
૨૧. સહેલાઈથી મળે તેવું (3)
૨૨. ઢોર રાખી ગુજરાન ચલાવનાર જાતીનો માણસ (૪)
૨3. ગોવાળ, ઢોર ચરાવનાર (૪)
૨૪. રસાળ, સત્ત્વવાળું (૪)
૨૬. હારેલું (૪)
૨૭. સમૂહ (3)
૨૯. સોનાગેરુ, એક જાતની લાલ માટી (3)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઘ | ડી | ૨ ક | ■ | ■ | ૩ રો | જ | ૪ બ | ૫ રો | ૬ જ |
| ટ | ■ | ૭ ટ | ન | ૮ ટ | ન | ■ | ૯ કા | પ | ડ |
| ૧૦ મા | દ | ક | ■ | ૧૧ પા | ક | ૧૨ દિ | લ | ■ | સું |
| ળ | ■ | ■ | ૧૩ ઘો | ર | ■ | ગં | ■ | ૧૪ ચો | ■ |
| ■ | ૧૫ મ | ૧૬ દ | ■ | વું | ■ | ૧૭ ત | ૧૮ પો | વ | ન |
| ૧૯ વા | હિ | યા | ૨૦ ત | ■ | ૨૧ ખ | ■ | ૨૨ લ | ટ | ■ |
| ■ | ધી | ■ | મા | ■ | ૨૩ ડ | ફ | ■ | ■ | ૨૪ ફા |
| ૨૫ વિ | ■ | ૨૬ આ | મ | ૨૭ વા | ત | ■ | ૨૮ સા | બ | ર |
| ૨૯ ર | ૩૦ બ | ર | ■ | ૩૧ સ | લ | ગ | મ | ■ | ગ |
| ૩૨ હ | દ | બ | હા | ર | ■ | ■ | ૩૩ નો | બ | ત |

## ઓળખાણ પડી?

ભારતનું બંધારણ ઘડવા માટે બંધારણીય સમિતિએ ડ્રાફ્ટિંગ કમિટીની નિમણૂક કરી એ તસવીર ક્યારની છે એની ઓળખાણ પડી?



અ) ૧૫ જાન્યુઆરી,૧૯૩૫ બ) ૧૪ ઓગસ્ટ, ૧૯૪૨
ક) ૩૦ સપ્ટેમ્બર ૧૯૪૫ ડ) ૨૯ ઓગસ્ટ, ૧૯૪૭

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

આઝાદીની લડત દરમિયાન કયા વર્ષની ૨૬ જાન્યુઆરીએ પૂર્ણ સ્વરાજનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો એ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) ૧૯૧૨ બ) ૧૯૨૪ ક) ૧૯૩૦ ડ) ૧૯૪૨

## માઈન્ડ ગેમ

સર્વપ્રથમ જ્યારે કોન્સ્ટિટ્યુશનલ એસેમ્બલી ઓફ ઈન્ડિયાનું ગઠન કરવામાં આવ્યું ત્યારે એની રચના કયા શહેરમાં થઈ હતી એ જણાવો.

અ) પુણે બ) નવી દિલ્હી ક) મુંબઈ ડ) અમદાવાદ

## સુડોકુ-૯૨૦૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૯ | | | ૫ | | |
| | ૮ | | ૬ | | | | | |
| ૯ | ૭ | | | ૪ | | | ૨ | |
| ૨ | | ૯ | | | | | ૫ | |
| ૪ | | ૧ | ૮ | | ૩ | ૭ | | ૯ |
| | ૩ | | | | | ૪ | | ૨ |
| | ૧ | | | ૯ | | | ૪ | ૩ |
| | | | | | ૪ | | ૮ | |
| | | ૩ | | | ૬ | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૦૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૯ | ૪ | ૬ | ૭ | ૨ | ૫ | ૧ |
| ૧ | ૨ | ૭ | ૯ | ૫ | ૮ | ૬ | ૪ | ૩ |
| ૪ | ૬ | ૫ | ૨ | ૧ | ૩ | ૯ | ૭ | ૮ |
| ૬ | ૯ | ૨ | ૮ | ૭ | ૧ | ૪ | ૩ | ૫ |
| ૫ | ૪ | ૧ | ૩ | ૯ | ૬ | ૭ | ૮ | ૨ |
| ૭ | ૩ | ૮ | ૫ | ૪ | ૨ | ૧ | ૬ | ૯ |
| ૨ | ૧ | ૪ | ૭ | ૮ | ૫ | ૩ | ૯ | ૬ |
| ૮ | ૭ | ૩ | ૬ | ૨ | ૯ | ૫ | ૧ | ૪ |
| ૯ | ૫ | ૬ | ૧ | ૩ | ૪ | ૮ | ૨ | ૭ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| જૂ | જીવાત |
| જૂઈ | સુગંધી ફૂલ |
| જૂજ | થોડું |
| જૂજવું | અલગ |
| જૂગટું | જુગાર |

**ગુજરાત મોરી મોરી રેઃ**
ખેડા

**ઓળખાણ પડી?**
પપનસ

**માઈન્ડ ગેમ :**
૬,૦૪,૮૦,૦૦૦

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
ભૂતકાળ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ભારતી બુચ (૨) સુભાષ મોમાયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આસર (૯) હર્ષા મહેતા (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) લજીતા ખોના (૧૩) કિરીટ છેડા (૧૪) ચેતના છેડા (૧૫) મીનળ કાપડીયા (૧૬) મહેશ સંઘવી (૧૭) જ્યોતી ખાંડવાલા (૧૮)ભાવના કર્વે (૧૯) નિખીલ બંગાળી (૨૦) અમીષી બંગાળી (૨૧) વર્ષા સૂર્યકાન્ત શ્રોફ (૨૨) તાહેર ઔરંગાબાદવાળા (૨૩) શીરીન ઔરંગાબાદવાળા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) મુલરાજ કપૂર (૨૬) ભરત કજરીયા (૨૭) મનીષા શેઠ (૨૮) ફાલ્ગુની શેઠ (૨૯) મહેન્દ્ર લોઢાવીયા (૩૦) વીણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) જયવંત પદમશી ચિખલ (૩૩) અંજુ ટોલીયા (૩૪) કમલ માટલીયા (૩૫) ડાયના સંતોક (૩૬) રઅરવિંદ કામદાર (૩૭) શિલ્પા શ્રોફ (૩૮) વિજય આશર (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) ડગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) પ્રવીણ વોરા (૪૨) દિપીકા દોશી (૪૩) નિતીન જયંતીલાલ બજરીયા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડૉ. પ્રકાશ કટકીયા (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ધીરેન્દ્ર મુલરાજ(૪૮) મહેશ દોશી (૪૯) અલકા વાણી

# અઢી વર્ષ મેયરપદ: ચંદ્રપુરમાં ટેકો આપવા માટે યુબીટીનું વલણ

મુંબઈ: ચંદ્રપુર મ્યુનિસિપલ કોર્પોરેશનના પરિણામોમાં કોઈપણ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળતાં સરકાર રચનાનો સસ્પેન્સ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. કોંગ્રેસ મહાનગરપાલિકામાં ૨૭ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી છે, છતાં તેને ૩૪ ના બહુમતી આંકડા સુધી પહોંચવા માટે હજુ પણ ૭ કોર્પોરેટરોની જરૂર છે. બીજી તરફ, ૨૩ બેઠકો જીતનાર ભાજપને સત્તા મેળવવા માટે ૧૧ કોર્પોરેટરોની વ્યવસ્થા કરવી પડશે. આ 'કાંટાળી ટક્કર'માં, શિવસેના (ઠાકરે જૂથ) અને વંચિત બહુજન આઘાડી હવે 'કિંગમેકર'ની ભૂમિકામાં આવી ગયા છે. ઠાકરે જૂથ અને 'વંચિત'નું ગઠબંધન ચંદ્રપુરના રાજકારણમાં મોટો વળાંક લાવ્યા છે. ઠાકરે જૂથની સૌથી મોટી શરત અઢી વર્ષ માટે મેયરપદ છે!

ચંદ્રપુરના ઠાકરે જૂથના કોર્પોરેટરો અને જિલ્લા પ્રમુખ મુંબઈમાં ઉદ્ધવ ઠાકરેને મળશે અને આગામી રણનીતિ નક્કી કરશે. અગાઉ, ઠાકરે જૂથે પોતાનું વલણ આક્રમક બનાવ્યું છે. અમે કોને ટેકો આપીશું તેનો અંતિમ નિર્ણય ઉદ્ધવ ઠાકરે લેશે. જોકે, અમારી શરત સ્પષ્ટ છે. અમે અઢી વર્ષ માટે મેયર પદ ઇચ્છીએ છીએ, નહીં તો અઢી વર્ષ માટે ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનપદ મેળવવું જોઈએ, એમ ઠાકરે જૂથના નેતાઓએ કહ્યું હતું.

ઠાકરે જૂથે ભાજપમાં જોડાવાનો દરવાજો સંપૂર્ણપણે બંધ કર્યો નથી. ભવિષ્યમાં રાજકારણમાં કંઈપણ થઈ શકે છે, એમ કહીને તેઓએ ભાજપ સાથે જોડાણનો પણ સંકેત આપ્યો છે. જોકે ભાજપને સત્તામાં આવવા માટે વધુ કોર્પોરેટરોની જરૂર છે, પરંતુ એ જોવું મહત્વપૂર્ણ રહેશે કે શું ભાજપ ઠાકરે જૂથ ઇચ્છે છે તે મેયર પદ આપશે?

ચંદ્રપુર મ્યુનિસિપલ કોર્પોરેશનની ૬૬ બેઠકોનું ગણિત હવે ખૂબ જ જટિલ બની ગયું છે

કોંગ્રેસ: ૨૭

ભાજપ: ૨૩

શિવસેના (ૠઇઝ): ૦૬

વંચિત બહુજન આઘાડી: ૦૨

અપક્ષ અને અન્ય: ૦૮

ચૂંટણી પહેલા શિવસેના ઠાકરે જૂથ (૬) અને વંચિત (૨) એ ગઠબંધન બનાવ્યું હતું. હવે, બે અપક્ષ કોર્પોરેટરોના ઉમેરા સાથે, ૧૦ના આ જૂથ પાસે સત્તાની ચાવીઓ છે.

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર બીજે દિવસે પણ ટ્રાફિક જૅમ



મુંબઈ: મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર બીજે દિવસે પણ ટ્રાફિક જૅમ સર્જાયો હતો અને વાહનોની લાંબી લાઇન જોવા મળી હતી. ટ્રાફિક જૅમ ઓછો કરવા માટે હાઇવે પોલીસ દ્વારા પંદર-પંદર મિનિટે બ્લોક લેવામાં આવી રહ્યો છે, જે અંતર્ગત પુણેથી મુંબઈ તરફ આવતાં વાહનોને ખંડાલા ટનલ પાસે રોકવામાં આવી રહ્યા હોઇ મુંબઇથી પુણે તરફ જનારા વાહનોને દત્તાવાડી-ખંડાલાથી વિરુદ્ધ દિશામાં છોડવામાં આવી રહ્યા છે.

આ પગલાંને કારણે પુણેની દિશામાં જનારા વાહનચાલકોને થોડી રાહત મળી હોવા છતાં મુંબઈ તરફ જનારા વાહનચાલકોની ખંડાલા ટનલ નજીક રોકવામાં આવી રહ્યા હોવાથી એક્સપ્રેસ-વે પર મુંબઈ તરફ જનારા વાહનોની લાંબી લાઇન જોવા મળી હતી. આને કારણે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવા પડ્યો હતો.

હાઇવે પર ખંડાલા ટનલ, બોરઘાટ ચૌકી, દત્તવાડી, અંડા પોઇન્ટ અને ખોપોલી એક્ઝિટ પોઇન્ટ ખાતે ટ્રાફિક જૅમ ઓછો કરવા હાઇવે પોલીસ સતત કાર્યરત હોવાનું જોવા મળી રહ્યું છે. દરમિયાન વાહનચાલકોએ સંયમ રાખીને પોલીસની સૂચનાનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે.

# મહારાષ્ટ્રમાં જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણી માટે ૨૦,૭૧૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

મુંબઈ: મહારાષ્ટ્રમાં આગામી જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણી માટે ૨૦,૭૧૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે, એમ એક અધિકારીએ રવિવારે જણાવ્યું હતું.

રાજ્યમાં ૧૨ જિલ્લા પરિષદ અને ૧૨૫ પંચાયત સમિતિઓની ચૂંટણી પાંચમી ફેબ્રુઆરીએ યોજાશે અને મતગણતરી સાતમી ફેબ્રુઆરીએ થશે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા શેર કરાયેલા ડેટા અનુસાર, ૭૩૧ જિલ્લા પરિષદની બેઠકો માટે ૭,૬૯૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે, જ્યારે ૧,૪૬૨ પંચાયત સમિતિની બેઠકો માટે ૧૩,૦૨૩ ઉમેદવારી પત્રો દાખલ કરવામાં આવ્યા છે.

કોલ્હાપુર જિલ્લામાં પંચાયત સમિતિની બેઠકો માટે સૌથી વધુ ૧,૫૨૯ ઉમેદવારો નોંધાયા છે, ત્યારબાદ પુણેમાં ૧,૪૮૨, છત્રપતિ સંભાજીનગરમાં ૧,૪૫૬ અને સોલાપુરમાં ૧,૩૭૧ ઉમેદવારો નોંધાયા છે.

જિલ્લા પરિષદની ચૂંટણી માટે, ધારાશિવમાં ૯૬૭ ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા હતા, ત્યારબાદ કોલ્હાપુરમાં ૯૦૭ ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉમેદવારોની અંતિમ યાદી ૨૭ જાન્યુઆરીએ પ્રકાશિત કરવામાં આવશે.

પાંચમી ફેબ્રુઆરીએ ૨૫,૪૮૨ મતદાન મથકો પર સવારે ૭.૩૦ થી સાંજે ૫.૩૦ વાગ્યા સુધી મતદાન યોજાશે.

# સંજય રાઉતને કેન્સર, દિવાળી દરમિયાન કીમોથેરાપી કરાવી

મુંબઈ: શિવસેના (યુબીટી)ના દિગ્ગજ નેતા સંજય રાઉતને ૨૦૨૫ની દિવાળી પછી મીડિયાની સામે જોવા મળ્યા ન હતા. એવા પણ અહેવાલો હતા કે તેમની તબિયત સારી નહોતી. પરંતુ સંજય રાઉતને ખરેખર શું થયું હતું? કોઈ જાણી શક્યું નહોતું. જોકે, હવે એવી માહિતી બહાર આવી રહી છે કે તે દરમિયાન તેમને કેન્સર હોવાનું નિદાન થયું હતું. તેમણે પોતે હવે આ વાતનો ખુલાસો કર્યો છે. તેઓ એક મરાઠી ચેનલના કાર્યક્રમમાં બોલી રહ્યા હતા.

સંજય રાઉતે કહ્યું, દિવાળીના બે-ચાર દિવસ પહેલા મને અચાનક કેન્સર હોવાનું નિદાન થયું. તે પહેલાં, અમે પ્રવાસ કરીએ છીએ, મુસાફરી કરીએ છીએ. હું ક્યાંક મોડો પહોંચતો હતો, મોડો સૂતો હતો, તેથી મને લાગ્યું કે તે કોઈ સમસ્યા હશે. પરંતુ કોણ જાણે મારા ભાઈ વિધાનસભ્ય સુનીલ રાઉતે શું વિચાર્યું, પરંતુ તેમણે તેમનું લોહી તપાસ્યું. પછી નિદાન થયું કે તેમને પેટનું કેન્સર છે.

કેન્સર જેવા રોગનું નિદાન થયા પછી એક વ્યક્તિ ડગમગી જતો. તે ડિપ્રેશનમાં ગયો હોત. પરંતુ આ વિશે, સંજય રાઉતે કહ્યું, જ્યારે મને કેન્સર હોવાનું નિદાન થયું, ત્યારે હું હસ્યો, કહ્યું કે ઠીક છે. પરંતુ પરિવારે મને કહ્યું કે મને કાલે દાખલ થવું પડશે. મેં કહ્યું, તે કેવી રીતે શક્ય છે. બધું સુનિશ્ચિત છે. પરંતુ પરિવારે સાંભળ્યું નહીં. તેઓએ દિવાળી પર જ કીમોથેરાપી અને રેડિયેશન આપ્યું. આ ખૂબ જ પીડાદાયક સારવાર હતી.

# મુંબઈ ફાયર બ્રિગેડની ઐતિહાસિક 'ટર્ન ટેબલ સિડી'નું રિસ્ટોરેશન

## આજે પ્રજાસત્તાક દિને દાયકા જૂની સિડીનું થશે અનાવરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ ડૉકમાં ૧૯૪૪ની સાલમાં માલવાહક જહાજમાં લાગેલી ભીષણ આગને બુઝાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા ઐતિહાસિક 'ટર્ન ટેબલ સિડી'નું મુંબઈ ફાયર બ્રિગેડ દ્વારા સમારકામ અને સુધારા વધારા કરીને તેને ફરી રસ્તે દોડતી કરવાનો ભગીરથ પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ઐતિહાસિક વાહનનું સોમવારે, પ્રજાસત્તાક દિને ફોર્ટમાં આવેલા મુંબઈ મહાનગરપલિકાના મુખ્યાલમાં રાજ્યના મુખ્ય પ્રધાનના હસ્તે અનાવરણ કરવામાં આવવાનું છે.

'ટર્ન ટેબલ સિડી' રહેલા ઐતિહાસિક વાહનનું ૧૯૩૭માં ઈંગ્લેન્ડના લેલૅંડ કંપનીમાં નિર્માણ કરવામાં આવ્યું હતું. એ બાદ ૨૪ સપ્ટેમ્બર, ૧૯૪૧માં મુંબઈ ફાયરબ્રિગેડના કાફલામાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. એ સમયની ઊંચી ઈમારત, ગોદામ તેમ જ બંદર પરિસરમાં ઊંચાઈવાળા ભાગમાં પહોંચવા માટે આ અત્યાધુનિક સીડી માનવામાં વતી હતી. આ સિડી પૂર્ણરીતે લોંખડમાંથી બનાવવામાં આવી હતી,



જે હાથથી મૅકેનિકલ પદ્ધતિએ ફેરવવામાં આવતી હતી.

મુંબઈ બંદર (મુંબઈ ડૉક)માં ૧૪ એપ્રિલ, ૧૯૪૪ના લાંગરેલા એસ.એસ. ફોર્ટ સ્ટિકિન આ માલવાહક જહાજમાં આગ લાગી હતી. દારૂગોળો, સ્ફોટક, ઈંધણ અને યુદ્ધ સામગ્રીથી આ જહાજ ભરેલું હતું. તેથી જહાજ પરની આગે ભીષણ સ્વરૂપ ધારણ કર્યું હતું. આવી ભીષણ પરિસ્થિતિમાં મુંબઈ ફાયરબ્રિગેડના જવાનોએ 'ટર્ન ટેબલ સિડી' રહેલા વાહનની મદદથી બચાવકાર્ય હાથમાં લીધું હતું. બંદર પરના ઊંચા ગોદામમાં આગ બુઝાવવા માટે ત્યાં સુધી પહોંચવા, જહાજની આજુબાજુ ફસાઈ ગયેલાઓને બચાવવા તેમ જ જખમીઓને નીચે ઉતારવા જેવા અનેક કામ આ વાહનની મદદથી કરવામાં આવ્યા હતા. આગની દુર્ઘટનામાં અનેક લોકોના મૃત્યુ થયા હતા. છતાં મુંબઈ ફાયરબ્રિગેડના જવાનોએ તેમના રેસ્ક્યુ ઓપરેશનથી અનેકના જીવ બચાવ્યા હતા.

'ટર્ન ટેબલ સિડી' રહેલા આ વાહન સમયાંતરે બગડી ગયું હતું અને તેને ફાયરબ્રિગેડમાં સેવામાંથી નિવૃત પણ કરવામાં આવ્યું હતું. જોકે તેને સ્મૃતિ સ્વરૂપમાં મુંબઈ ફાયરબ્રિગેડના મુખ્યાલયામાં એટલે ભાયખલા ફાયરબ્રિગેડમાં તેનું જતન કરીને રાખવામાં આવ્યું હતું. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ વાહનના ઐતિહાસિક મહત્ત્વને ધ્યાનમાં રાખીને પાલિકા કમિશનર તથા પ્રશાસક ભૂષણ ગગરાણીએ તેનું પુર્ન જતન કરવાની યોજના બનાવી હતી, જેમાં ઉદ્યોગપતિ ગૌતમ સિંઘાનિયાના સહકારથી વાહનને નવું સ્વરૂપ આપવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા. જે.કે.ઈન્વેસ્ટર બોમ્બે લિમિટિડ કંપનીના સુપર કાર ક્લાબ ગૅરેજમાં વાહનનું સમારકામ શરૂ કરવામાં આવ્યું હતું.

# શિંદે જૂથને કારણે મુંબઈમાં ૧૧ વોર્ડમાં ભાજપનો પરાજય?

## હારેલા ઉમેદવારોનો આક્ષેપ, કૉંગ્રેસને મદદ કરવાનો આરોપ

મુંબઈ: મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી મહાયુતિમાં આંતરિક ઝઘડા પ્રકાશમાં આવવા લાગ્યા છે. ભાજપને સ્પષ્ટ બહુમતી મળી હોવા છતાં, કેટલાક ભૂતપૂર્વ કોર્પોરેટરોને આ ચૂંટણીમાં નજીવા મતે હારનો સામનો કરવો પડ્યો હતો.

૧૧ જેટલા વોર્ડમાં જ્યાં ભાજપના ઉમેદવારોને જીતની ખાતરી હતી ત્યાં હારના પરિણામે ભાજપની બેઠકોમાં ઘટાડો થયો. આ વોર્ડમાં સાથી પક્ષ શિંદે જૂથે કોઈ મદદ કરી ન હતી, પરંતુ કાર્યકરોમાં એવી ચર્ચા છે કે તેનાથી વિરોધી પક્ષને મદદ મળી હતી.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં, ભાજપને ૮૯ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. ગત ચૂંટણીની સરખામણીમાં માત્ર સાત બેઠકો વધારવા બદલ ભાજપની ટીકા થઈ હતી. આ ચૂંટણીમાં થયેલી હારનું વિશ્લેષણ હવે તમામ સ્તરે શરૂ થઈ ગયું છે. આ ચૂંટણીમાં ભૂતપૂર્વ કોર્પોરેટર વિનોદ મિશ્રા, ઉજ્જવલા મોડક, રાજુલ દેસાઈ, યોગીરાજ દાભાડકર, પ્રીતમ પંડાગલે, મહેશ પારકર ખૂબ જ ઓછા માર્જિનથી હારી ગયા. શિવસેના (શિંદે) અને ભાજપ ગઠબંધન સાથે લડ્યા હોવા છતાં આ હાર થઈ તે આશ્ચર્યજનક માનવામાં આવી રહ્યું છે.

મારા માટે આ હાર અણધારી છે. મારા વોર્ડમાં શિવસેના (શિંદે) પક્ષની કોઈ તાકાત નથી. તેથી, જો અમે સ્વતંત્ર રીતે લડ્યા હોત, તો અમને વધુ સફળતા મળી હોત. - વિનોદ મિશ્રા, ભાજપના ઉમેદવાર

| વોર્ડ નં. | વિજેતા ઉમેદવાર | ભાજપના ઉમેદવાર | વિજય માટે મતોનું માર્જીન |
|---|---|---|---|
| ૨૬ | ધર્મેન્દ્ર કાલે (શિવસેના-ઠાકરે) | પ્રીતમ પંડાગલે | ૯૫૮ |
| ૪૩ | અજિત રાવરાણે (એનસીપી-એસપી) | વિનોદ મિશ્રા | ૪૯૫ |
| ૫૬ | લક્ષ્મી ભાટિયા (શિવસેના-યુબીટી) | રાજુલ દેસાઈ | ૭૩૭ |
| ૫૯ | યશોધર ફણસે (શિવસેના-ઠાકરે) | યોગીરાજ દાભાડકર | ૩૭૩ |
| ૭૪ | વિદ્યા આર્ય (મનસે) | ઉજ્જવલા મોડક | ૮૧ |
| ૮૭ | પૂજા મહાડેશ્વર (શિવસેના-ઠાકરે) | મહેશ પારકર | ૨૪૨૮ |
| ૯૯ | ચિંતામણિ નિવાતે (શિવસેના-ઠાકરે) | જિતેન્દ્ર રાઉત | ૩૧૯ |
| ૧૦૧ | કારેન ડીમેલો (કોંગ્રેસ) | અનુશ્રી ઘોડકે | ૮૦૪ |
| ૧૧૦ | આશા કોપરકર (કોંગ્રેસ) | જેની શર્મા | ૮૫૭ |
| ૧૬૫ | અશરફ આઝમી (કોંગ્રેસ) | રૂપેશ પવાર | ૩૫૫ |
| ૨૨૦ | સંપદા મયેકર (શિવસેના-ઠાકરે) | દીપાલી માલુસરે | ૧૮૮ |

વર્સોવા મતવિસ્તારમાં, અમને કોળી સમુદાયના મતો મળી શક્યા ન હતા, અને આ વોર્ડ પણ અમારા માટે નવો હતો. તેમાં, શિવસેના (શિંદે) પક્ષનો એક બળવાખોર ઉમેદવાર ચૂંટણી લડી રહ્યો હતો. તેના કારણે મતો વિભાજિત થયા હતા. - યોગીરાજ દાભાડકર, ભાજપના ઉમેદવાર

# તો બિહારમાં હશે ભવ્ય મહારાષ્ટ્ર ભવન

## રાઉતે બિહારના પ્રધાનને આપ્યો જવાબ

મુંબઈ: મુંબઈમાં ૩૦ માળના બિહાર ભવનના નિર્માણની યોજના સાથે જ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ગરમાયેલા મરાઠીવાદને કારણે મહારાષ્ટ્ર અને બિહારના રાજકારણીઓ હવે તું-તું મૈં-મૈં પર આવી ગયા છે. બિહારના પ્રધાન અશોક ચૌધરીએ પડકાર ફેંક્યો છે કે અમે મુંબઈમાં બિહાર ભવન બનાવીશું અને જો કોઈમાં હિંમત હોય તો તે રોકી બતાવે. આ નિવેદનની નોંધ લેતા શિવસેના ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. તેમણે આ મુદ્દે બિહાર સરકારને પ્રત્યુત્તર પણ આપ્યો છે.

સંજય રાઉતે તાજેતરમાં મીડિયા સાથે વાતચીત કરી હતી. ભારતીય બંધારણ દરેકને દેશમાં ગમે ત્યાં રહેવા અને કામ કરવાનો અધિકાર આપે છે. અમે પણ આ બંધારણ જાણીએ છીએ, પરંતુ બિહારના પ્રધાનો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ભાષા વધુ સંયમિત અને સૌમ્ય હોવી જોઈતી હતી. સંજય રાઉતે કહ્યું કે મુંબઈમાં પહેલાથી જ ઘણા બધા રાજ્યના ભવનો છે, પરંતુ બિહારના પ્રધાન જે રીતે તેમને પડકાર આપી રહ્યા છે તે અયોગ્ય છે.

આ સાથે સંજય રાઉતે બિહાર સરકાર પર એક મહત્વપૂર્ણ શરત મૂકી છે. જો તમે મુંબઈમાં બિહાર ભવન બનાવવા માગતા હો, તો તમારે મુંબઈની જમીનનો ઉપયોગ કરવો પડશે, તે તમે પટનાથી નથી લાવવાના. તો પછી અમે એવી પણ માગણી કરીએ છીએ કે જેમ તમે મુંબઈમાં જમીન માગી રહ્યા છો, તેવી જ રીતે બિહાર સરકારે પણ પટનામાં ગોલા રોડ અથવા ન્યૂ પાટલીપુત્ર કોલોની જેવા વ્યૂહાત્મક સ્થળોએ મહારાષ્ટ્રને ૫ થી ૬ એકર જમીન આપવી જોઈએ. અમે ત્યાં ત્યાં ૩૦ માળનું ભવ્ય મહારાષ્ટ્ર ભવન બનાવીશું.

# પાલિકાએ વર્સોવા-દહિસર લિંક રોડ માટે ગોરેગામનો બ્રિજ તોડી પાડવાનું માંડી વાળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વર્સોવા-દહિસર લિંક રોડ પ્રોજેક્ટ માટે નવો બ્રિજ બનાવવા માટે સાત વર્ષ જૂનો ગોરેગામનો વીર સાવરકર ફ્લાયઓવરને તોડી પાડવાનો વિચાર આખરે મુંબઈ મહાનગરપાલિકાએ માંડી વાળ્યો છે. ફ્લાયઓવરને તોડી પાડવાને બદલે મોનોપાઈલ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તેની ઉપર જ નવો બ્રિજ બનાવવો શક્ય છે કે નહીં તે માટે કૉન્ટ્રેક્ટર દ્વારા નવેસરથી બનાવેલા ડ્રોઈંગ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી)મુંબઈને રજૂ કરવામાં આવ્યા હતા, જેને મંજૂરી આપી દેવામાં આવી છે.

સાતેક વર્ષ પહેલા આઠેક કરોડ રૂપિયાના ખર્ચે બનેલા વીર સાવરકર ફ્લાયઓવરને અગાઉ તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, તેની સામે સ્થાનિક નાગરિકોથી લઈને સ્થાનિક રાજકીય સ્તરે ભારે વિરોધ થઈ રહ્યો હતો. તેથી પાલિકા પ્રશાસને બ્રિજને તોડી નહીં પાડતા અન્ય વિકલ્પ શક્ય છે કે નહીં તે બાબતે અભ્યાસ હાથ ધર્યો હતો. આ દરમ્યાન આઈઆઈટી બોમ્બેના નિષ્ણાતોએ ગયા વર્ષે ડિસેમ્બરમાં ફ્લાયઓવરની સાઈટ પર જઈને ટેક્નિકલ ઈન્સ્પેકશન કર્યું હતું. એ બાદ તેમણે ડિઝાઈનમાં અમુક ફેરફાર કરવાની ભલામણ કરીને સુધારેલા ડ્રોઈંગ્સ બનાવવા કહ્યા હતા.

પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતુંકે વીર સાવરકર ફ્લાયઓવર માટે આઈઆઈટી-બોમ્બે દ્વારા ભલામણ કરવામાં આવેલી ડિઝાઈનના ફેરફારને અનુસરીને કૉન્ટ્રેક્ટરે ફેરફાર લાગુ કરીને સુધારેલા ડ્રોઈંગ સબમીટ કર્યા હતા, જેને આ અઠવાડિયે નિષ્ણાતોની ટીમ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા. પાલિકા હવે આ નવસેરથી ફેરફાર કરવામાં આવ્યા બાદ ખર્ચાનો અંદાજ તૈયાર કરશે. ગોરેગામ પશ્ચિમમાં વીર સાવરકર ફ્લાયઓવર રુસ્તમજી ઓઝોન સાથે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને જોડે છે અને એક મહત્વપૂર્ણ પૂર્વ-પશ્ચિમ લિંક તરીકે કામ કરે છે જે મુસાફરોને એસવી રોડ બાયપાસ કરવામાં મદદરૂપ થાય છે.ઑગસ્ટમાં પાલિકાએ વર્સોવાથી દહિસર સુધીના મુંબઈના નવા કોસ્ટલ રોડ પ્રોજેક્ટ (ઉત્તર) કોરિડોર માટે રસ્તો બનાવવા માટે તેને તોડી પાડવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને કારણે સાર્વજનિક અને રાજકીય સ્તરે ભારે વિરોધ થયો હતો. રહેવાસીઓ, રાજકીય નેતાઓ અને સ્થાનિક વિધાનસભ્યએ બ્રિજ તોડી પાડવામાં આવ્યો તો ટ્રાફિક જૅમની પરિસ્થિતિ નિર્માણ થશે એવી ગંભીર ચેતવણી આપી હતી.

# આવતા અઠવાડિયે સમૃદ્ધિ મહામાર્ગ પર બ્લોક

મુંબઈ: નાગપુર-મુંબઈ સમૃદ્ધિ મહામાર્ગ એક્સપ્રેસવે પર મુસાફરી કરતા મુસાફરો માટે એક મહત્વપૂર્ણ અપડેટ છે. જરૂરી માળખાકીય સુવિધાઓના કામને કારણે આ એક્સપ્રેસ-વે પર ૨૭ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધી વિવિધ તબક્કામાં ટ્રાફિક બંધ રહેશે.

મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી) અનુસાર અમરાવતી જિલ્લાના ધામણગાંવ અને ચાંદુર વિસ્તારોમાં હાઇવે ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (એચટીએમએસ ) હેઠળ ગેન્ટ્રી સ્થાપિત કરવાનું કામ હાથ ધરવામાં આવનાર છે, જેના કારણે મુંબઈ-નાગપુર એક્સપ્રેસવે પર ટ્રાફિક પ્રભાવિત થશે.

૮ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન અમરાવતી નજીકના તબક્કામાં બ્લોક લેવામાં આવ્યા બાદ હવે ૨૭ થી ૩૧ જાન્યુઆરી દરમિયાન અમરાવતી મહામાર્ગના ૯૦-૫૦૦ થી ૧૭૦-૪૦૦ કિમી દરમિયાન (અમરાવતીના તાલુકા ધામણગાંવ રેલવે, ચાંદુર રેલવે, નંદગાંવ ખંડેશ્વર, અને વાશિમના તાલુકા કારંજા દરમિયાન) ૧૨ તબક્કમાં બ્લોક લેવામાં આવી રહ્યો છે. તે અનુસાર મંગળવાર થી શનિવારમાં બપોરના સમયે પરિવહન ૪૫ થી ૬૦ મિનિટ માટે પૂર્ણપણે બંધ રહેશે. કાર્ય પૂર્ણ થયા બાદ પરિવહન ફરી શરૂ કરવામાં આવશે.

પરિવહન બ્લોક ક્યાં અને કેટલો લેવામાં આવશે?

**૨૭ જાન્યુઆરી:** પઠાણપુર, ધમણગાવ ખાતે ચેનેજ ૧૧૦.૪૦૦ મુંબઈ તરફનો રૂટ બપોરે ૩ થી ૪ વાગ્યા સુધી બંધ રહેશે. પઠાણપુર, ધમણગાવ ખાતે ચેનેજ ૧૧૦.૪૦૦ નાગપુર તરફનો રૂટ બપોરે ૧૨ થી ૧ વાગ્યા સુધી બંધ રહેશે. ધોત્રા ચાંદુર રેલવે ખાતે ચેનેજ ૧૨૫.૪૦૦ નાગપુર તરફનો રૂટ બપોરે ૩ થી ૪ વાગ્યા સુધી બંધ રહેશે.

**૨૮ જાન્યુઆરી:** ખંબાળા ચાંદુર ખાતે ચેનેજ ૧૩૦.૪૦૦ નાગપુર તરફનો રૂટ બપોરે ૩ થી ૪ વાગ્યા સુધી બંધ રહેશે. શેલું, નટવા, નાંદગાંવ, ખંડેશ્વર ખાતે ચેનેજ ૧૩૫.૪૦૦ મુંબઈ તરફનો રૂટ બપોરે ૧૨ થી ૧ વાગ્યા સુધી બંધ રહેશે.

**૨૯ જાન્યુઆરી:** પાચોડ, નાંદગાંવ, ખંડેશ્વર ખાતે ચેનેજ ૧૪૧.૨૦૦ નાગપુર તરફનો રૂટ બપોરે ૩ થી ૪ વાગ્યા સુધી બંધ રહેશે. વાઢોના, રામનાથ, નાંદગાંવ, ખંડેશ્વર ખાતે ચેનેજ ૧૬૦.૪૦૦ મુંબઈ તરફનો રૂટ બપોરે ૧૨ થી ૧ વાગ્યા સુધી બંધ રહેશે.

**૩૦ જાન્યુઆરી:** નિંબા, જહાગીર, કારંજા, વાશિમ ખાતે ચેનેજ ૧૬૫.૩૦૦ નાગપુર તરફનો રૂટ બપોરે ૩ થી ૪ વાગ્યા સુધી બંધ રહેશે. ધાનોરા, તાઢોડ, કારંજા, વાશિમ ખાતે ચેનેજ ૧૭૦.૪૦૦ મુંબઈ તરફનો રૂટ બપોરે ૧૨ થી ૧ વાગ્યા સુધી બંધ રહેશે.

# દેવલાલીમાં દોમડીયા પરિવારના સાધ્વીજી પૂ. દર્શનપ્રભાજી કાળધર્મ પામ્યા: સોમવારે ગુણાનુવાદ સભા



શ્રી મહાવીર સેવા કેન્દ્ર, લામ રોડ, દેવલાલી (નાશિક) ખાતે શ્રમણસંઘીય આચાર્ય પૂ. આનંદઋષિજી મ.સા. ના પૂ. ઉજ્જવલકુમારીજી મ.સ. ના સુશિષ્યા પૂ. દર્શનપ્રભાજી મહાસતીજી ૭૯ વર્ષની વયે ૫૯ વર્ષના દીક્ષા પર્યાય સહિત તા. ૨૪૦૧૨૬ને શનિવારે સવારે ૧૦:૧૫ કલાકે સમાધિભાવે કાળધર્મ પામ્યા છે.

જેતપુર નિવાસી, મુંબઈ વસતાં શાંતાબેન ચીમનલાલ ધનજી દોમડીયાના સુપુત્રી પૂ. દર્શનપ્રભાજી મ.સ. નો જન્મ તા. ૨૮૦૩૧-૯૪૭ના મુંબઈમાં થયેલ. તા. ૨૭-૦-૩૧૯૬૬ના દીક્ષા અંગીકાર કરેલ ત્યારબાદ લઘુભગિની પૂ. દિવ્યપ્રભાજી મ.સ. અને અનુપમાજી મ.સ. તેમજ ભાણેજી પૂ. જિનેશ્વરાજી મ.સ. એ દીક્ષા અંગીકાર કરેલ.

પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં તા. ૨૬ને સોમવારે સવારે ૯:૩૦ કલાકે લોગસ્સ સૂત્ર ભવન, લામ રોડ ખાતે ગુણાનુવાદ યોજાયેલ છે.

# દાદર-સીએસએમટી પરની ભીડ ઓછી થશે

## લાંબા અંતરની ટ્રેનો અન્ય સ્ટેશન પર ખસેડાશે

મુંબઈ: મધ્ય રેલવે દ્વારા દાદર અને મુંબઈ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ આ બંને સ્ટેશનો પરની ભીડ ઓછી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તે દિશામાં મધ્ય રેલવે દ્વારા પગલાં લેવાનું પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. જેના કારણે હવે મધ્ય રેલવે ઘણી એક્સપ્રેસ ટ્રેનોને અન્ય સ્ટેશનો પર સ્થાળાંતરિત કરશે.

દાદર અને મુંબઈ સીએસએમટી સ્ટેશન પરથી દોડતી ૧૦ એક્સપ્રેસ ટ્રેનોને લોકમાન્ય તિળક ટર્મિનસ અને પનવેલ સ્ટેશનથી છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ઘણી ઉપનગરીય ટ્રેનો એટલે કે લોકલ ટ્રેનોને ફાયદો થશે. એક્સપ્રેસ ટ્રેનોને કારણે જે લોકલ ટ્રેનો ખોરવાતી હતી, તેમનો માર્ગ હવે ઘણો ખરો મોકળો થઈ જશે.

મધ્ય અને હાર્બર રેલવે લાઇન પર એક્સપ્રેસ અને લોકલ ટ્રેનોની સતત અવરજવર રહે છે, જેના કારણે ટ્રેનો મોડી પડે છે અને નોકરિયાત વર્ગને પણ ઓફિસમાં પહોંચવામાં મોડું થાય છે. તેને ધ્યાનમાં રાખી મધ્ય રેલવે દ્વારા કુલ ૧૦ એક્સપ્રેસ ટ્રેનોના રૂટમાં મોટો ફેરફાર કરવામાં આવશે, જેમાં મુંબઈ સીએસએમટીથી ઉપડતી પાંચ એક્સપ્રેસ અને દાદરથી ઉપડતી પાંચ એક્સપ્રેસ ટ્રેનોના રૂટમાં ફેરફાર કરવામાં આવશે. મધ્ય રેલ્વેના આ નિર્ણયને કારણે મુખ્ય લાઇન પરનું ભારણ ઘટશે, જેનાથી ઉપનગરીય લોકલ ટ્રેનોના સમયપત્રક પર કોઈ વિપરીત અસર થશે નહીં. આ ઉપરાંત, રેલ્વે દ્વારા હવે પાંચમી અને છઠ્ઠી લાઇનનો ઉપયોગ કરવામાં આવશે, જ્યાંથી એક્સપ્રેસ ટ્રેનો દોડાવવામાં આવશે.

મધ્ય રેલવેના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, સીએસએમટીથી કર્જત-ખોપોલી અને સીએસએમટીથી કસારા રૂટ પરનું દબાણ નોંધપાત્ર રીતે ઘટશે.

# મધ્ય રેલવે માર્ચ સુધીમાં તેની ૧૫-કોચની લોકલ ટ્રેન સેવા બમણી કરશે

મુંબઈ: મધ્ય રેલવેના મુસાફરો માટે સારા સમાચાર છે. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) પર પ્લેટફોર્મ નંબર-૬ નું વિસ્તરણ માર્ચ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે, જેથી ત્યાંથી ૧૫ ડબ્બાવાળી લોકલ ટ્રેનો દોડી શકશે. હાલમાં, સીએસએમટી ખાતે પ્લેટફોર્મ ૭ થી ૧૫ કોચવાળી દરરોજ ૨૨ લોકલ ટ્રેનો દોડે છે. જોકે, પ્લેટફોર્મ-૬નું વિસ્તરણ કાર્ય પૂર્ણ થયા પછી આ સેવાઓ બમણી થઈ જશે. તમને જણાવી દઈએ કે રેલવેએ પ્લેટફોર્મ સાતના કુર્લા તરફના છેડે ૪૦ વર્ષ જૂની જર્જરિત ઇમારત તોડી પાડી છે અને તેને પ્લેટફોર્મ નંબર ૧૮ તરફ ખસેડી છે, જેનાથી સ્ટેશનના વિસ્તરણ કાર્યનો માર્ગ મોકળો થયો છે.

રેલવેના એક અધિકારીના જણાવ્યા મુજબ, શરૂઆતના તબક્કામાં ૧૫ ડબ્બાના બે નવા રેક આવશે. દરેક રેક દરરોજ સરેરાશ ૧૦ થી ૧૨ ટ્રીપ કરે છે. આનો અર્થ એ થયો કે બે નવા રેક ઉમેરવાથી, ૧૫ કોચવાળી લોકલ ટ્રેનની ટ્રિપની સંખ્યા ૪૦ થી ૪૪ ની વચ્ચે પહોંચશે. આનાથી પીક અવર્સ દરમિયાન ભીડ ઓછી થશે, મુસાફરોને વધુ વિકલ્પો પણ મળશે અને મુસાફરી વધુ સરળ થશે.

ખાસ કરીને સીએસએમટી - કુર્લા અને - સીએસએમટી થાણે કોરિડોર પર મુસાફરોને આનો ફાયદો થશે.

દરમિયાન, રેલવે સેવામાં વધારો થવાને કારણે જાળવણીનું કાર્ય પડકારજનક થઇ રહ્યું છે. હાલમાં, કુર્લા કાર શેડ ખાતે માત્ર એક જ પિટ લાઇન છે, જ્યાં ૧૫ કોચવાળી લોકલ ટ્રેનોની જાળવણી કરવામાં આવે છે. જેમ જેમ ૧૫ કોચની સંખ્યા વધશે તેમ તેમ પિટ લાઇન પર દબાણ પણ વધશે. તેથી, માર્ચ ૨૦૨૬ પહેલા કાર શેડ ખાતે વધારાની પિટ લાઇનનું વિસ્તરણ પૂર્ણ કરવું જરૂરી બનશે.

અધિકારી કહે છે કે આ બધા કામો તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે, જેથી કામગીરીમાં કોઈ અવરોધ ન આવે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, સીએસએમટીની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે.

સ્ટેશન વિસ્તરણ કાર્ય સેવાઓમાં વધારો કર્યા વિના ક્ષમતામાં વધારો કરશે.

સીએસએમટી ખાતે ૧ પ્લેટફોર્મના વિસ્તરણથી ૨૨ સેવાઓ નો વધારો થશે, દરેકમાં ૧૫ કોચ હશે, જેમાં કુલ ૬૬ વધારાના કોચ જોડાશે. આ વધારો ૧૨ કોચની ૫ લોકલ ટ્રેનની સમકક્ષ હશે. આ સાથે, અન્ય ૩૪ સ્ટેશનોના વિસ્તરણનું કામ પણ ચાલી રહ્યું છે, જેમાંથી ૨૪ સ્ટેશનોનું કામ પૂર્ણ થઈ ગયું છે.

# ભારતના વિજયની હૅટ-ટ્રિક, ટ્રોફી પર કબજો

ગુવાહાટીઃ ઓપનર અભિષેક શર્મા (૬૮ અણનમ, ૨૦ બૉલ, પાંચ છગ્ગા, સાત ચોગ્ગા) અને કૅપ્ટન સૂર્યકુમાર યાદવ (૫૭ અણનમ, ૨૬ બૉલ, ત્રણ છગ્ગા, છ ચોગ્ગા)ની જોડીએ પૂરપાટ ગાડી દોડાવીને ભારતને અહીં ન્યૂ ઝીલૅન્ડ સામે સિરીઝની ત્રીજી ટી-૨૦માં માત્ર ૧૦ ઓવરમાં વિજય અપાવ્યો હતો અને એ સાથે ટીમ ઇન્ડિયાએ ૩-૦ની વિજયી સરસાઈ સાથે ટ્રોફી પર અત્યારથી કબજો કરી લીધો છે. હજી શ્રેણીમાં બે મૅચ બાકી છે. ભારતની ધરતી પર પહેલી વખત ટી-૨૦ સિરીઝ જીતવાની કિવીઓની આશા પર પાણી ફરી વળ્યું છે.

### અભિષેકના ૧૪ બૉલમાં ૫૦

ભારતે ૧૫૪ રનનો સાધારણ લક્ષ્યાંક ૧૦ ઓવરમાં સંજુ સૅમસન (૦) અને ઇશાન કિશન (૨૮ રન, ૧૩ બૉલ, બે છગ્ગા, ત્રણ ચોગ્ગા)ની વિકેટ ગુમાવીને ૨/૧૫૫ના સ્કોર સાથે મેળવી લીધો હતો. મૅટ હેન્રી અને ઇશ સોઢીએ એક-એક વિકેટ લીધી હતી. ભારતે એકંદરે ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી સિરીઝ જીતી લીધી છે. અભિષેકે ૧૪ બૉલમાં અને સૂર્યકુમારે પચીસ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી.

## અભિષેક, સૂર્યાની ધમાકેદાર બૅટિંગ




### સૅમસનનો ગોલ્ડન ડક

વિકેટકીપર સંજુ સૅમસનને ન્યૂ ઝીલૅન્ડ સામેની વર્તમાન સિરીઝમાં ઘણી તક મળી, પણ એ મોકાનો તે ફાયદો નથી લઈ શક્યો. ગુવાહાટીમાં તે પહેલા જ બૉલ પર ક્લીન બોલ્ડ થઈ ગયો હતો. મૅટ હેન્રીએ ભારતના દાવની હજી તો માંડ શરૂઆત કરી ત્યાં સૅમસને તેને પહેલા જ બૉલમાં વિકેટ (ગોલ્ડન ડક) આપી દીધી હતી. જોકે સદનસીબે ત્યાર બાદ અભિષેક શર્મા અને ઇશાન કિશને ફટકાબાજી કરીને ૫૩ રનની ભાગીદારી સાથે કિવી બોલર્સને વળતો જવાબ આપી દીધો હતો.

### બુમરાહની ત્રણ વિકેટ, બિશ્નોઈ પણ જોશમાં

એ પહેલાં, ન્યૂ ઝીલૅન્ડને ૨૦ ઓવરમાં ૯/૧૫૩ સુધી મર્યાદિત રખાવવામાં જસપ્રીત બુમરાહ (૧૭ રનમાં ત્રણ) અને રવિ બિશ્નોઈ (૧૮ રનમાં બે)ના સૌથી મોટા યોગદાન હતા. તેમને આ મૅચમાં અનુક્રમે અર્શદીપ સિંહ અને વરુણ ચક્રવર્તીના સ્થાને ટીમમાં સમાવવામાં આવ્યા છે અને તેમણે ટીમ મૅનેજમેન્ટના વિશ્વાસને યોગ્ય ઠરાવ્યો છે. હાર્દિક પંડ્યાએ ૨૩ રનમાં બે વિકેટ તેમ જ હર્ષિત રાણાએ ૩૫ રનમાં એક વિકેટ લીધી હતી. કુલદીપ યાદવની બોલિંગ ખર્ચાળ નીવડી હતી. તેની ત્રણ ઓવરમાં ૩૨ રન બન્યા હતા અને તેને વિકેટ નહોતી મળી. શિવમ દુબેને ૨૪ રનમાં વિકેટ નહોતી મળી. ન્યૂ ઝીલૅન્ડના બૅટ્સમેનોમાં ગ્લેન ફિલિપ્સ (૪૮ રન) અને માર્ક ચૅપમૅન (૩૨ રન)ના સૌથી વધુ યોગદાન હતા અને બન્નેને રવિ બિશ્નોઈએ પૅવિલિયન ભેગા કર્યા હતા.

# મંધાનાની બેંગ્લૂરુને પહેલો પરાજય જોવડાવ્યો ખાસ મિત્ર જેમિમાની દિલ્હીએ

## સોમવારે હરમનપ્રીતની મુંબઈ વિરુદ્ધ મંધાનાની બેંગ્લૂરુ વચ્ચે ટક્કર




વડોદરાઃ અહીં શનિવારે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં ૨૦૨૪ની ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)ને દિલ્હી કૅપિટલ્સ (ડીસી)એ આ સીઝનની પહેલી હાર જોવાની ફરજ પાડી હતી. આરસીબીની કૅપ્ટન સ્મૃતિ મંધાના અને ડીસીની સુકાની જેમિમા રૉડ્રિગ્સ ગાઢ મિત્ર છે, પરંતુ ક્રિકેટના રણમેદાન પર બન્નેની ટીમે શનિવારે એકમેકથી ચડિયાતા પુરવાર થવા કોઈ કસર બાકી નહોતી રાખી અને એમાં જેમિમાની ટીમે મેદાન માર્યું હતું.

આરસીબીએ મંધાનાના ૩૮ રનની મદદથી ૧૦૯ રન બનાવ્યા હતા. ડીસીની નંદની શર્માએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. શિનેલી હેન્રી, મૅરિઝેન કૅપ અને મીનુ મનીએ બે-બે વિકેટ તેમ જ શ્રી ચરનીએ એક વિકેટ લીધી હતી. મંધાનાની ટીમને સીમિત રખાવવામાં ખુદ જેમિમા ખૂબ ખુશ હતી.

ડીસીએ લૉરા વૉલ્વાર્ટના અણનમ ૪૨ રન અને ખુદ જેમિમાના ૨૪ રનની મદદથી ૧૫.૪ ઓવરમાં ત્રણ વિકેટે ૧૧૧ રનના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો.

મંધાનાની આરસીબી ટીમ સીધી ફાઇનલમાં સ્થાન મેળવવા કમર કસી રહી છે. હવે સોમવારે મુંબઈ ઇન્ડિયન્સનો આરસીબી સામે મુકાબલો છે. ટૂંકમાં, ભારતીય ટીમની કૅપ્ટન અને રવિવારે પદ્મશ્રી અવૉર્ડ મેળવનાર હરમનપ્રીત કૌરની મુંબઈની ટીમ અને ભારતની વાઇસ-કૅપ્ટન મંધાનાની બેંગ્લૂરુની ટીમ વચ્ચે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) ટક્કર છે.

મંધાનાની ટીમ પ્લે-ઑફમાં પહોંચી ગઈ છે. એના સૌથી વધુ ૧૦ પૉઇન્ટ છે. દિલ્હી અને ગુજરાત છ-છ પૉઇન્ટ સાથે અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે. મુંબઈ (ચાર પૉઇન્ટ) ચોથા અને યુપી વૉરિયર્ઝ (ચાર પૉઇન્ટ) પાંચમા નંબરે છે.

# અબ્દુલ કાદિરના પુત્રએ બળાત્કાર કર્યો હોવાનો કામવાળીનો આક્ષેપ



લાહોરઃ પાકિસ્તાનના ભૂતપૂર્વ સ્પિનર અબ્દુલ કાદિરના પુત્ર સુલેમાન કાદિરે પોતાના ફાર્મહાઉસમાં ઘરકામ કરતી સ્ત્રીની જાતીય સતામણી કરી હોવાનો આક્ષેપ થયો છે અને પોલીસે સુલેમાનને અટકમાં લીધો છે.ઘરકામ કરતી મહિલાએ એફઆઇઆરમાં આક્ષેપ કર્યો છે કે સુલેમાન તેને બળજબરીથી તેના ફાર્મહાઉસમાં લઈ ગયો હતો અને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. પોલીસે મહિલાને તબીબી ચેક-અપ માટે હૉસ્પિટલમાં મોકલી હતી. સુલેમાનને પૂછપરછ માટે કસ્ટડીમાં રાખવામાં આવ્યો હતો.

# બેંગાલની એક દાવથી જીત, મુંબઈ પણ જીત્યું

રણજી ટ્રોફીમાં અહીં રવિવારે બેંગાલે સર્વિસીઝને એક દાવ અને ૪૬ રનથી હરાવીને બોનસ પૉઇન્ટ મેળવ્યો હતો. એ સાથે બેંગાલ ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચી ગયું હતું. બીજી તરફ, મુંબઈએ હૈદરાબાદને નવ વિકેટે પરાજિત કરીને નૉકઆઉટમાં એન્ટ્રી કરી હતી. રેલવે સામે ગુજરાતનો આઠ વિકેટે પરાજય થયો હતો, પરંતુ સૌરાષ્ટ્ર અને બરોડાએ બે દિવસ પહેલાં જ જીત હાંસલ કરી લીધી હતી.

# આરજે મહવશને અનફૉલો કર્યા બાદ યુઝવેન્દ્ર ચહલ કોની સાથે જોવા મળ્યો?

મુંબઈઃ ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ માટે છેલ્લા ૧૨ મહિના કપરા રહ્યા છે. ધનશ્રી વર્મા સાથેના હાઈ-પ્રોફાઈલ છૂટાછેડા અને ત્યારબાદ સતત બદલાતા સંબંધોને કારણે તે ફેન્સના નિશાને રહે છે. આરજે (રેડિયો જૉકી) મહવશ સાથેના કથિત બ્રેકઅપની અફવાઓ વચ્ચે ચહલ હવે બિગ બૉસની એક કન્ટેસ્ટન્ટ સાથે જોવા મળતા નવી અટકળો તેજ થઈ છે.

### ચહલે મહવશને અનફૉલો કરી

ભારતીય લેગ સ્પિનર ચહલનું અંગત જીવન કેટલાક સમયથી ઉતાર-ચઢાવ ભરેલું રહ્યું છે. ૨૦૨૫માં ધનશ્રી વર્મા સાથેના છૂટાછેડા બાદ ચહલનું નામ આરજે મહવશ સાથે જોડાયું હતું, પરંતુ હવે આ જોડી વચ્ચે પણ તિરાડ પડી હોવાના સંકેત મળી રહ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ, ચહલ અને મહવશે ઇન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફૉલો કરી દીધા છે. આ વિવાદ હજુ શમ્યો નહોતો ત્યાં ૨૪ જાન્યુઆરી, ૨૦૨૬ને શનિવારની સાંજે ચહલ મુંબઈમાં જાણીતી ઍન્કર અને બિગ બૉસ-૧૩ની સ્પર્ધક શેફાલી બગ્ગા સાથે જોવા મળ્યો હતો.

### શું ચહલ હવે શેફાલીને ડેટ કરી રહ્યો છે?

મુંબઈમાં યુઝવેન્દ્ર ચહલ સાથે શેફાલી બગ્ગા પણ જોવા મળી હતી જે બ્લેક ડ્રેસમાં સુંદર લાગી રહી હતી. પાપારાઝીએ જ્યારે બંનેને સાથે પોઝ આપવા વિનંતી કરી ત્યારે તેઓ થોડા ખચકાટ સાથે પણ સાથે જોવા મળ્યા હતા. સોશ્યલ મીડિયા યુઝર્સ હવે અનુમાન લગાવી રહ્યા છે કે શું ચહલ હવે શેફાલીને ડેટ કરી રહ્યો છે?

### કોણ છે શેફાલી બગ્ગા?

શેફાલી બગ્ગા એક સફળ ન્યૂઝ ઍન્કર અને સોશ્યલ મીડિયા પર્સનાલિટી છે. ૨૦૧૯માં તે 'બિગ બોસ ૧૩'માં જોવા મળી હતી, જ્યાં તેની શહેનાઝ ગિલ અને સિદ્ધાર્થ શુક્લા સાથેની મિત્રતા ખૂબ ચર્ચામાં રહી હતી.

તે સ્પોર્ટ્સ ઍન્કરિંગ સાથે પણ જોડાયેલી રહી છે, જે કદાચ ક્રિકેટરો સાથેના તેના સંપર્કનું કારણ હોઈ શકે છે.




**ચહલની નવી 'હલચલ'...**
ચહલ મુંબઈમાં જાણીતી ઍન્કર અને બિગ બૉસ-૧૩ની સ્પર્ધક શેફાલી બગ્ગા સાથે જોવા મળ્યો હતો

# પાકિસ્તાને બાંગ્લાદેશને દગો દીધો, ભારત સાથે ભીડવાનું ભારે પડ્યું

**અજય મોતીવાલા**

મુંબઈઃ ૧૯૭૧ની સાલ પહેલાંના પૂર્વ પાકિસ્તાન અને પશ્ચિમ પાકિસ્તાને (બાંગ્લાદેશ અને પાકિસ્તાને) ક્રિકેટના 'રણમેદાન'માં એક થઈને આવતા મહિને રમાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપના મુદ્દે ભારત સાથે શિંગડા ભરાવ્યા, પણ ભારતના બન્ને પાડોશીએ આબરૂ ગુમાવી જેમાં ખાસ કરીને બાંગ્લાદેશે કરોડો રૂપિયાનું નુકસાન ભોગવવાનો વખત આવ્યો અને પાકિસ્તાનની ખેલજગતમાં આબરૂ ગઈ. ભારતમાં અસલામતી હોવાનું કહીને બાંગ્લાદેશે વિશ્વ કપનો બહિષ્કાર કર્યો અને એમાં એને પાકિસ્તાનનો મજબૂત ટેકો મળ્યો, પણ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ વર્લ્ડ કપમાંથી બાંગ્લાદેશની હકાલપટ્ટી કર્યા બાદ પાકિસ્તાન સામે પણ લાલ આંખ કરી એટલે પાકિસ્તાન પોતાની ટીમ જાહેર કરીને પાણીમાં બેસી ગયું અને બાંગ્લાદેશને એણે (પાકિસ્તાને) આપેલા સપોર્ટનું ટાંઇ ટાંઇ ફિસ થઈ ગયું.

### પાકિસ્તાનની દરમ્યાનગીરી બાંગ્લાદેશને નડી

પાકિસ્તાને મોટા ઉપાડે જાહેરાત કરી હતી કે વિશ્વ કપની મૅચો ભારતને બદલે શ્રીલંકામાં રાખવાની બાંગ્લાદેશની માગણી આઇસીસી નહીં સ્વીકારે તો પોતે (પાકિસ્તાન) પણ વર્લ્ડ કપનો બહિષ્કાર કરશે. જોકે આઇસીસીએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ને સંપૂર્ણ પ્રતિબંધની ધમકી આપી એટલે ગભરાઈ ગયેલા પીસીબીએ વર્લ્ડ કપની ટીમ જાહેર કરી દીધી અને બાંગ્લાદેશને એકલું પાડી દીધું. જો ભારતના અને વર્લ્ડ કપના બહિષ્કાર માટે બાંગ્લાદેશને પાકિસ્તાનનો ટેકો ન મળ્યો તો બાંગ્લાદેશ પોતાના ખેલાડીઓને છેવટે (સલામતીને લગતી આઇસીસીની ખાતરીને આધારે) ભારતમાં મોકલવા તૈયાર થઈ ગયું હોત, પરંતુ એ પાકિસ્તાનના ભરોસે બેઠું રહ્યું અને આઇસીસીએ ટાઇમટેબલમાં બાંગ્લાદેશના સ્થાને સ્કૉટલૅન્ડને ગોઠવી દેતાં પાકિસ્તાન અબાઉટ ટર્ન કરીને બાંગ્લાદેશને ખુલ્લેઆમ દગો આપી બેઠું.

કહેવાય છેને કે ' બે આખલા લડે એમાં ઝાડનો ખો બોલાઈ જાય' અને ' બે હાથી ઝઘડે એમાં ઘાસનો ખુરદો બોલાઈ જાય'. આવું બાંગ્લાદેશના કિસ્સામાં બન્યું. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)એ ભારતને દેખાડી દેવા આઇસીસી સાથે જંગ છેડ્યો એમાં બાંગ્લાદેશના ક્રિકેટરોએ વર્લ્ડ કપથી હાથ ધોઈ નાખવા પડ્યા.

ચોથી જાન્યુઆરીએ બીસીબીએ મૂળ હિન્દુ ખેલાડી લિટન કુમાર દાસની કૅપ્ટન્સીમાં ૧૫ ખેલાડીની ટીમ પણ જાહેર કરી હતી, પણ હવે એ ખેલાડીઓ વર્લ્ડ કપનો એક મહિનો (૭ ફેબ્રુઆરીથી ૮ માર્ચ) ઘરમાં બેઠા રહેશે. બીસીસીએ આઇસીસી સાથે બાથ ભીડી એમાં બાંગ્લાદેશ સરકારે કરોડો રૂપિયાની આવક પણ ગુમાવવી પડી.

### બીસીબીમાં તિરાડ પડવાની શરૂઆત થઈ ગઈ

પાકિસ્તાનનો પ્રધાન અને એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)નો ચૅરમૅન મોહસિન નકવી ગયા વર્ષે ભારતને એશિયા કપની ટ્રોફીથી વંચિત રખાવીને આઇસીસીના બ્લૅકલિસ્ટમાં આવી જ ગયો હતો ત્યાં હવે તેણે બાંગ્લાદેશના કિસ્સામાં ભારતની (બીસીસીઆઇની) વિરુદ્ધમાં જઈને વધુ એક ગુનો વહોરી લીધો. બાંગ્લાદેશ નકવીના રવાડે ચડ્યું એમાં એણે તો આઇસીસીની આવકમાંથી ૨૪૦ કરોડ રૂપિયાના હિસ્સા સહિત કરોડો રૂપિયા ગુમાવવા પડ્યા અને અધૂરામાં પૂરું, ક્વૉલિફાય થવા છતાં વર્લ્ડ કપમાં નહીં રમવા મળે એ બદલ એના ક્રિકેટરોમાં પણ જરૂર નારાજગી ફેલાઈ હશે. ડિરેક્ટર ઇશ્તિઆક સાદિકના રાજીનામા સાથે બીસીબીમાં ભંગાણ પડવાની શરૂઆત થઈ ચૂકી છે.




એક તો બાંગ્લાદેશ સરકાર પોતાની ધરતી પર લગભગ દરરોજ હિન્દુ નાગરિકોની થતી હત્યાનો સિલસિલો રોકી નથી શકતી ત્યાં હવે ક્રિકેટમાં કરોડો રૂપિયા ગુમાવવાની સાથે સરકારનું અને બીસીબીનું નાક કપાઈ ગયું છે. આવનારા દિવસોમાં બાંગ્લાદેશ ક્રિકેટમાં મોટો ખળભળાટ થઈ શકે.

### હરભજનનું મહત્ત્વનું નિવેદન

ભૂતપૂર્વ ભારતીય ઑફ-સ્પિનર હરભજન સિંહે પીટીઆઇને રવિવારે કહ્યું, ' પાકિસ્તાનની પોતાની મૅચો શ્રીલંકામાં રાખવામાં આવી છે. એની મૅચો ભારતમાં રમાવાની નહોતી તો પછી એણે શા માટે બાંગ્લાદેશના કિસ્સામાં કારણ વગર ચંચુપાત કર્યો? આખરે બાંગ્લાદેશ અને એના ક્રિકેટરોને જ નુકસાન થયું. કોઈ દેશના ખેલાડીઓને ક્વૉલિફાય થવા છતાં વર્લ્ડ કપમાં ન રમવા મળે એનાથી વધુ ખરાબ બીજી કઈ વાત કહેવાય.'

# વર્લ્ડ કપમાંથી હકાલપટ્ટી બાદ બાંગ્લાદેશે મૌન તોડ્યું, ટોચના હોદ્દેદારે રાજીનામું આપ્યું

ઢાકાઃ આગામી સાતમી ફેબ્રુઆરીએ શરૂ થઈ રહેલા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ માટે પોતાના ક્રિકેટરોને ભારત ન મોકલવાના હઠાગ્રહની બાંગ્લાદેશે આકરી કિંમત ચૂકવવી પડી છે જેમાં આઈસીસીએ વર્લ્ડ કપમાંથી જ એની હકાલપટ્ટી કરી નાખી છે અને શનિવારે આકરુ પગલું લેવામાં આવ્યા બાદ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે મૌન તોડ્યું છે.

### ડિરેક્ટરે હોદ્દાનો ત્યાગ કર્યો

ઉલ્લેખનીય છે કે આઈસીસીએ બાંગ્લાદેશની ક્રિકેટ ટીમને ટી-૨૦ વર્લ્ડ કપમાંથી કાઢી મૂકી એને પગલે હવે ઘણા નવા વળાંક જોવા મળી શકે અને એમાંનું એક અપડેટ એ છે કે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના ડિરેક્ટરપદેથી ઇશતિઆક સાદિકે રાજીનામું આપી દીધું છે.

### બાંગ્લાદેશ આઉટ, સ્કૉટલૅન્ડ ઈન

ભારતમાં બાંગ્લાદેશના ક્રિકેટરો અને કોચિંગ સ્ટાફ તેમ જ પત્રકારોની સલામતી સામે કોઈ જ ભય નથી એવી જય શાહના અધ્યક્ષસ્થાન હેઠળની આઈસીસીએ બાંગ્લાદેશને વારંવાર ખાતરી આપી હોવા છતાં બાંગ્લાદેશે પોતાની ક્રિકેટ ટીમને ભારત ન મોકલવાની જીદ ન છોડી જેનું પરિણામ એ આવ્યું કે આઈસીસીએ બાંગ્લાદેશને વર્લ્ડ કપમાંથી બહાર કરીને એના સ્થાને સ્કૉટલૅન્ડને રમવાનું આમંત્રણ આપ્યું છે.

### આઈસીસીનું સ્પષ્ટ વલણ

બાંગ્લાદેશે પોતાની ટીમની મૅચો કલકત્તા અને મુંબઈને બદલે શ્રીલંકામાં રાખવાની આઇસીસીને વિનંતી કરી હતી, પરંતુ આઇસીસીએ દ્રઢપણે જણાવ્યું હતું કે ભારતમાં સલામતી સામે કોઈ જ ભય નથી એટલે મૂળ સમયપત્રકમાં કોઈ જ ફેરફાર નહીં કરવામાં આવે અને બાંગ્લાદેશે પોતાના ક્રિકેટરોને ભારત મોકલવા જ પડશે.

### બાંગ્લાદેશ જાણતું જ હતું કે...

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડની મીડિયા કમિટીના ચેરમૅન અહમદ હુસૈને જણાવ્યું હતું કે 'અમે જાણતા હતા કે આઈસીસી અમારી માગણી નહીં જ સ્વીકારે. અમે એને વારંવાર અપીલ કરી હતી અને મીટિંગો પણ રાખી હતી, પરંતુ જ્યારે બહુમત નિર્ણય લેવામાં આવ્યો એટલે અમારી પાસે બીજો કોઈ વિકલ્પ પણ નહોતો.'

### આર્બિટ્રેશન કોર્ટની મદદ નહીં લે

આઇસીસીએ હકાલપટ્ટી કર્યા બાદ બાંગ્લાદેશ ઠંડું પડ્યું છે. અહમદ હુસૈને પત્રકારોને એવું પણ જણાવ્યું હતું કે 'અમારી બાંગ્લાદેશની સરકારે એવું નક્કી કર્યું કે ભારતમાં બાંગ્લાદેશી ક્રિકેટરો તેમ જ સપોર્ટ સ્ટાફ અને પત્રકારોની સલામતી નહીં રહે એટલે છેવટે અમે ભારત પ્રવાસનો બહિષ્કાર કરવાની અમારી માગણીને વળગી રહ્યા હતા.

હવે અમે એ પણ ખુલાસો કરી દેવા માગીએ છીએ કે અમે આઈસીસીના અમારી હકાલપટ્ટીને લગતા નિર્ણયની વિરુદ્ધમાં લવાદ (આર્બિટ્રેશન) કે બીજી કોઈ કાનૂની પ્રક્રિયાની મદદ નહીં લઈએ.'

# બાબર આઝમને વર્લ્ડ કપની ટીમમાં કેમ લીધો? પાકિસ્તાનમાં મોટી બબાલ

### આઈસીસીથી ડરી ગયેલા પાકિસ્તાન બૉર્ડે ટીમ જાહેર કરી દીધી

લાહોરઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ બાંગ્લાદેશના મુદ્દે ભારત અને ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) સાથે ટી-૨૦ વર્લ્ડ કપની બાબતમાં ટક્કર લેવાના ચક્કરમાં આ મોટી ઇવેન્ટ માટેની ટીમ મોડી જાહેર કરી અને એનું અનાઉન્સમેન્ટ થતાં જ ખાસ કરીને ભૂતપૂર્વ કૅપ્ટન અને ફૉર્મ ગુમાવી બેઠેલા બાબર આઝમના પ્રશ્ને પાકિસ્તાનમાં વિરોધનો વંટોળ ફૂંકાવાનો શરૂ થઈ ગયો છે.

### આઈસીસીની પાકિસ્તાનને ચેતવણી હતી કે...

ખરેખર તો પાકિસ્તાને ભારતના મુદ્દે વર્લ્ડ કપનો બહિષ્કાર કરનાર બાંગ્લાદેશના સપોર્ટમાં ટીમ જાહેર નહોતી કરી. જોકે આઇસીસીએ પાકિસ્તાન પર અનેક પ્રકારના પ્રતિબંધો મૂકવાની જાહેરાત કરી એટલે ગભરાઈ ગયેલા પીસીબીએ રવિવારે ફટ દઈને ટીમ જાહેર કરી દીધી હતી અને સંકેત આપી દીધો હતો બાંગ્લાદેશની જેમ પોતે વર્લ્ડ કપનો બહિષ્કાર નથી કરવાનું. આઇસીસીએ પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે જો એ વર્લ્ડ કપનો બહિષ્કાર કરશે તો એની એશિયા કપમાંથી હકાલપટ્ટી કરાશે તેમ જ પાકિસ્તાનની ટી-૨૦ લીગ (પીએસએલ)માં રમવા આવતા વિદેશી ખેલાડીઓને તેમના દેશો પાસેથી નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) નહીં અપાવવા દે.

### પાકિસ્તાનના ક્રિકેટપ્રેમીઓએ કેવો ક્રોધ ઠાલવ્યો?

અસદ નામના ક્રિકેટપ્રેમીએ એક્સ પર લખ્યું છે, 'બાબર નસીબવંતો છે. અરે ભાઈ, આ ૨૦૨૬ની સાલ છે અને બાબર ૧૯૯૦ના દાયકાની સ્ટાઇલથી રમે છે. તેનો બૅટિંગ-અપ્રોચ હજી આવો જ છે તો પછી તેને શું કામ વર્લ્ડ કપમાં રમાડવો જોઈએ?'

બીજા એક ક્રિકેટ ફૅન જનૈદ ઝફરે એક્સ પર લખ્યું, 'એક સમય હતો જ્યારે બાબર આપણો મુખ્ય બૅટ્સમૅન હતો, પણ હવે નથી. પાકિસ્તાન સતત સાત મોટી આઇસીસી ઇવેન્ટમાં એને તક આપતું આવ્યું છે. પાકિસ્તાને બીજો કંઈ પણ બહિષ્કાર કરવાની જરૂર નહોતી. માત્ર બાબરની બૅટિંગનો બહિષ્કાર થવો જોઈતો હતો. ૨૦૨૬ની ટી-૨૦ ટીમમાં ફખર, ઉસમાન, સલમાન અને બાબર છે, પણ હસન નવાઝ નથી.'મિર ઇખલાક નામના ક્રિકેટપ્રેમીએ એક્સ પર લખ્યું છે, '૧૫ ખેલાડીની ટીમમાં છ ઓપનર અને ત્રણ ઑલરાઉન્ડર છે. જોકે ટી-૨૦ સ્પેશ્યાલિસ્ટો સુફિયાન મુકીમ, વસીમ જુનિયર, મોહમ્મદ નવાઝ, અબ્બાસ આફ્રિદીનો સમાવેશ નથી. હારિસ રઉફને પણ ટીમમાં સામેલ નથી કરાયો. મને લાગે છે કે પાકિસ્તાન આ વર્લ્ડ કપમાં એક પણ મૅચ નહીં જીતી શકે.'

### બાબર બિગ બૅશમાં ફ્લૉપ રહ્યો છે

બાબર આઝમ ઘણા સમયથી ફૉર્મમાં નથી અને ઑસ્ટ્રેલિયાની બિગ બૅશ લીગ (બીબીએલ)માં પણ સારું નથી રમ્યો એમ છતાં તેને વર્લ્ડ કપમાં મોકલવાનું નક્કી કર્યું એ બદલ પાકિસ્તાનમાં અનેક ક્રિકેટચાહકો વિરોધ કરી રહ્યા છે. ટૅલન્ટેડ બૅટ્સમૅન હસન નવાઝને ટીમમાં ન સમાવવા બદલ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની ખૂબ ટીકા થઈ રહી છે.




### પાકિસ્તાનની ટીમ

સલમાન અલી આગા (કૅપ્ટન), અબ્રાર અહમદ, બાબર આઝમ, ફહીમ અશરફ, ફખર ઝમાન, ખ્વાજા મોહમ્મદ નફે (વિકેટકીપર), મોહમ્મદ નવાઝ, મોહમ્મદ સલમાન મિર્ઝા, નસીમ શાહ, સાહિબઝાદા ફરહાન (વિકેટકીપર), સઇમ અયુબ, શાહીન શાહ આફ્રિદી, શાદાબ ખાન, ઉસમાન ખાન (વિકેટકીપર) અને ઉસમાન તારિક.

# ઍમ્બપ્પેએ બે ગોલ કર્યા અને રિયલ મૅડ્રિડ પાછું મોખરે

બાર્સેલોનાઃ સ્પેનની લા લિગા ફૂટબૉલ ચૅમ્પિયનશિપમાં રિયલ મૅડ્રિડ ટીમનો પર્ફોર્મન્સ થોડા સમયથી નબળો હતો એટલે આ ટીમના ચાહકો ગુસ્સામાં હતા અને ટીમના કોચિંગ સ્ટાફમાં પણ થોડા ફેરફાર થયા હતા, પરંતુ આ માહોલમાં રિયલ મૅડ્રિડે શનિવારે વિલારિયલને ૨-૦થી હરાવીને પૉઇન્ટ્સ-ટેબલમાં ફરી મોખરાનું સ્થાન મેળવી લીધું હતું અને આ સફળતાનો સૂત્રધાર હતો કીલિયાન ઍમ્બપ્પે.

ફ્રાન્સના ઍમ્બપ્પેએ આ બન્ને ગોલ કરીને ટીમને વધુ નામોશીથી બચાવી લીધી હતી. ઍમ્બપ્પેએ ૪૭મી મિનિટમાં અને ઇન્જરી-ટાઇમ બાદ ૯૪મી મિનિટમાં ગોલ કર્યા હતા.

રિયલ મૅડ્રિડની ટીમ હવે ૫૧ પૉઇન્ટ સાથે મોખરે છે, જ્યારે બાર્સેલોના (૪૯) બીજા નંબર પર ધકેલાયું છે. ઍટલેટિકો મૅડ્રિડ (૪૪) ત્રીજા નંબરે છે. જોકે રિયલ મૅડ્રિડ અને ઍટલેટિકોની સરખામણીમાં બાર્સેલોનાની એક મૅચ ઓછી રમાઈ છે.

લા લિગા ટૂર્નામેન્ટમાં ઍમ્બપ્પેના કુલ ગોલની સંખ્યા ૨૧ ઉપર પહોંચી છે. ફ્રેન્ચ સ્ટારે આ ૨૧ ગોલ ૨૦ મૅચમાં કર્યા છે. બે અઠવાડિયા પહેલાં સ્પૅનિશ સુપર કપની બાર્સેલોના સામેની ફાઇનલમાં રિયલ મૅડ્રિડની હાર થઈ એને પગલે રિયલ મૅડ્રિડ ક્લબે તાજેતરમાં જ વિખ્યાત કોચ ઝાબી અલૉન્ઝોને તેમના હોદ્દા પરથી કાઢી નાખ્યા હતા.

# બજેટની અટકળો અને ઈરાન-અમેરિકા પર નજર સાથે સાવચેતીના માનસ વચ્ચે શૅરલક્ષી કામકાજ જોવા મળશે

**શૅરબજાર**
નિલેશ વાઘેલા

મુંબઇઃ બજારની નજર હવે આંતરરાષ્ટ્રીય પરિબળો ઉપરાંત આ અઠવાડિયે ખાસ કરીને અંદાજપત્ર પર મંડાયેલું રહેશે અને તેની અટકળોને આધારે સેક્ટર અને સ્ટોક સ્પેસિફિક કામકાજમાં વધારો જોવા મળશે. વિદેશી ફંડોની એકધારી વેચવાલી અને ફોરેક્સમાં રૂપિયાના ડોલર સામે ૯૨ની સપાટીને અથડાવા સાથે ખખડી ગયેલા માનસ વચ્ચે વ્યાપક વેચવાલીનું દબાણ આવતા શેરબજારમાં ફરી ધબડકો નોંધાયો હતો.

હજુ ગુરુવારે ડોનલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ બાબતે ફેરવી તોળ્યા બાદ અને પહેલી ફેબ્રુઆરીથી યુરોપ પર ટેરિફ લાદવાનો નિર્ણય પાછો ખેંચ્યાની જાહેરાતે યુરોપ અને યુએસની ટ્રેડ વોર ટળવાની સંભાવનાને કારણે શેરબજારને માંડ કળ વળી હતી ત્યાં ફરી એકવાર અમેરિકાએ મધ્યપૂર્વમાં ઇરાન પર હુમલો કરવાની આદરેલી તૈયારી અને ઇરાને વળતા હુમલાની આપેલી ચેતવણીએ ઇક્વિટી માર્કેટમાં અજંપો ઊભો કર્યો છે.

સમીક્ષા હેઠળના પાલા સપ્તાહ દરમિયાન બજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી, જેમાં બજાર મંદીના સંકજામાં આવી ગયું હતું. નબળા વૈશ્વિક સંકેતો, સતત એફઆઇઆઇ આઉટફ્લો, રૂપિયાના મૂલ્યમાં નોંધપાત્ર ધોવાણ અને કોર્પોરેટ ક્ષેત્રના પરિણામોમાં રોકાણકારોને સાંપડી રહેલી નિરાશાને કારણે સમગ્ર સપ્તાહ દરમિયાન બજાર દબાણ હેઠળ રહ્યું હતું. ગયા અઠવાડિયે, બેન્ચમાર્ક સેન્સેક્સ ૨,૦૩૨.૬૫ પોઈન્ટ અથવા ૨.૪૩ ટકા ઘટ્યો હતો.

બજારના સાધનો અનુસાર ભૂરાજકીય તણાવ વચ્ચે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)ની એકધારી વેચવાલી, રૂપિયાની વિક્રમી નીચી સપાટી, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને કોર્પોરેટ સેકટરના નબળા પરિણામ જેવા પરિબળો બજારના સેન્ટિમેન્ટને ખરડતા રહેશે. ભારતીય શેરબજાર આ અઠવાડિયામાં એક સંવેદનશીલ પરંતુ મહત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશી રહ્યું છે. પાછલા કેટલાક મહિનાઓમાં બજારે જોરદાર ઉછાળા અને કડાકા અનુભવ્યા છે. જોકે બજાર જાણે અથડાઇ ગયું હોય તેમ હવે એકના એક પરિબળો અને પરિણામો વચ્ચે અત્યંત નિરસ મૂડમાં સરી પડ્યું છે. જોકે આ બધઝા વચ્ચે ઘડાઇ રહેલ રોકાણકારો વધુ વિચારશીલ અને પસંદગીયુકત અભિગમ ધરાવતા બન્યા છે.

આ તબક્કામાં ઝડપી નફો નહીં, પરંતુ ધીરજ અને દઢ વિશ્વાસ જ સાચો માર્ગદર્શક બનશે. આંતરરાષ્ટ્રીય સ્તરે અનિશ્ચિતતા યથાવત છે. વિકસિત દેશોની સેન્ટ્રલ બેન્કો દ્વારા વ્યાજદર અંગે અપાયેલો સંકેતગ્લોબલ કેપિટલના પ્રવાહને દિશા આપશે. ખાસ કરીને અમેરિકન ફેડરલ રિઝર્વ તરફથી મળતી કોઈ પણ અણધારી ટિપ્પણી બજારોમાં અસ્થિરતા ઊભી કરી શકે છે. ટ

ભારતીય રોકાણકારો માટે આ એક ચેતવણીરૂપ સ્થિતિ છે. બજારના પીઢ અભ્યાસુંઓ માને છે કે, ટૂંકાગાળાના ઉતાર-ચઢાવથી વધુ મહત્વ હવે લાંબા ગાળાની આર્થિક દિશાને આપવાની જરૂર છે.

સ્થાનિક મોરચે, કોર્પોરેટ પરિણામો આગામી અઠવાડિયામાં બજારની અફડતફડીનો આધાર બનશે. બેન્કિંગ, કેપિટલ ગુડ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રોમાં મજબૂતી જોવા મળે છે, જ્યારે એફએમસીજી અને અન્ય ઉપભોક્તા આધારિત સેક્ટરોમાં માગ અને માર્જિન પર દબાણ સ્પષ્ટ છે.

માર્કેટ એનાલિસ્ટ જણાવે છે કે, બજાર હવે માત્ર ગ્રોથ સ્ટોરી પર નહીં, પરંતુ અમલ ક્ષમતા, રોકડ પ્રવાહ અને બેલેન્સ શીટની મજબૂતી પર પ્રતિસાદ આપી રહ્યું છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)નું વલણ પણ નજીકથી જોવાનું રહેશે.

તાજેતરમાં તેમની પ્રવૃત્તિમાં અસ્થિરતા જોવા મળી છે. આ વર્ગ ક્યારેક લેવાલી, તો ક્યારેક નફાવસૂલી કરે છે, જોકે પાછલા કેટલાક સત્રથી એકધારી વેચવાલીનું દબાણ વધતુ જઇ રહ્યું છે. જો સતત વેચવાલી જોવા મળે તો લાર્જ-કેપ શેરોમાં ઉછાળો મર્યાદિત રહી શકે છે. તેમ છતાં, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો અને રિટેલ રોકાણકારોની મજબૂત ભાગીદારી ભારતીય બજારને આધાર આપી રહી છે, જે દેશની આર્થિક રચનાની મજબૂતીનું પ્રતિબિંબ છે.

સેક્ટરલ દષ્ટિએ, ડિફેન્સ, રિન્યુએબલ એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રોમાં નીતિ આધાર, ઓર્ડર બુક અને લાંબા ગાળાની વૃદ્ધિની સ્પષ્ટતા હોવાથી રસ યથાવત છે. પરંતુ ઘણા મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં ભાવ પહેલેથી જ ઘણા આગળ વધી ચૂક્યો છે. આવી સ્થિતિમાં મૂલ્યાંકન અને જોખમ વચ્ચેનું સંતુલન ફરીથી ચકાસાવાનું છે, જેના પરિણામે ટૂંકાગાળામાં અસ્થિરતા વધવાની શક્યતા નકારી શકાય નહીં.

રિટેલ રોકાણકારો માટે સંદેશ સ્પષ્ટ છે. શેરબજાર ક્યારેય સીધી રેખામાં ચાલતું નથી. ઊંચા ભાવ પર ઉતાવળમાં રોકાણ કરવું નુકસાનકારક સાબિત થઈ શકે છે. તેના બદલે, ગુણવત્તાવાળી કંપનીઓ, મજબૂત મેનેજમેન્ટ, ટકાઉ બિઝનેસ મોડલ અને લાંબા ગાળાની દષ્ટિ-આ ચાર આધારસ્તંભો પર રોકાણ કરવું વધુ સમજદારીભર્યું રહેશે. સારાંશરૂપે, આ અઠવાડિયો કદાચ મોટા બ્રેકઆઉટ કે મોટા ક્રેશનો સંકેત નહીં આપે, પરંતુ કન્સોલિડેશન, સ્ટોક-સ્પેસિફિક ચાલ અને રોકાણકારોની સમજની કસોટી જરૂર બનશે. આ બજારમાં સાચી સંપત્તિ અનુમાનથી નહીં, પરંતુ સમય, ધીરજ અને શિસ્તથી સર્જાય છે.

કોર્પોરેટ હલચલમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ)એ ત્રીજા ક્વાર્ટરમાં ૬૨ ટકાના વધારા સાથે રૂ. ૭૫૪૫.૨૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. આ ગાળામાં રેવન્યૂ રૂ. ૧,૩૬,૬૨૩.૦૬ કરોડ નોંધાઇ છે. બેન્ક ઓફ ઇન્ડિયાના ત્રિમાસિક નફામાં સાત ટકાના વધારો હતો. સિપ્લાનો નફો ૫૭ ટકા ઘટીને રૂ. ૬૭૬ કરોડ, અદાણી ગ્રીન એનર્જીનો નફો ૯૯ ટકાના કડાકા સાથે પાંચ કરોડ રૂપિયા નોંધાયો હતો. ફોન પેના આવી રહેલા આઇપીઓ મારફત તેના શેરધારક વોલમાર્ટ, ટાઇગર ગ્લોબલ, માઇક્રોસોફ્ટ ગ્લોબલ ફાઇનાન્સ તેમના રૂ. ૧૦,૧૧૫ કરોડ સુધીના હિસ્સાનું વેચાણ કરી રહ્યા છે. ઉક્ત આઇપીઓ સંપૂર્ણપણે ઓએફએસ રહેશે. ઝી એન્ટરટેન્મેન્ટ એન્ટરપ્રાઇસના નફામાં પાંચ ટકાનો ઘટાડો થયો છે.

કોર્પોરેટ પરિણામ મિશ્ર રહ્યા છે. વારી એનર્જીએ બમણીથી વધુ વૃદ્ધિ સાથે રૂ. ૧૧૦૬ કરોડનો નફો નોંધાવ્યો છે. યુનાઇટેડ સ્પિરિટે ચોખ્ખો નફામાં ૨૪.૭૭ ટકાનો વધારો નોંધાવ્યો હતો. શોપર્સ સ્ટોપે ત્રીજા ક્વાર્ટરમાં ૬૯ ટકાના જોરદાર ઘટાડા સાથે રૂ. ૧૬.૧૨ કરોડનો નફો જાહેર હતો.

કંપની પરિણામોની નિરાશાએ પણ સેન્ટિમેન્ટને નુકસાન પહોંચાડ્યું હતું. ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટીસીએસ, વિપ્રો બાદ એલટીઆઇ માઇન્ડટ્રીએ પણ નાણાકીય મોરચે રોકાણકારોને નિરાશ કર્યા હતા જોકે, ડિસેમ્બર ૨૦૨૫માં પૂરા થયેલા ત્રીજા ક્વાર્ટરમાં આઇટીસીનો નફો ૯.૬૦ ટકા વધીને રૂ. ૨૩૭ કરોડ જ્યારે, એસઆરએફએ નફો ૫૯.૬૦ ટકા વધીને રૂ. ૪૩૨.૬૬ કરોડ નોંધાયો છે.

આઇઆરએફસીએ ૧૦.૫૧ ટકાના વધારા સાથે રૂ. ૧,૮૦૨ કરોડનો ચોખ્ખો નફો અને પીએનબીએ ૧૩ ટકાના વધારા સાથે રૂ. ૫,૧૦૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માર્કેટ કેપિટલમાં ₹ ૯૬,૯૬૦ કરોડનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શૅરબજારમાં ભારતીય રોકાણકારોની સંપત્તિમાં ભારે ધોવાણ જોવા મળ્યું હતું. આ કરેક્શનને અનેક પરિબળો એકત્ર થતાં વેગ મળ્યો હતો, જેમાં વધતા ભૂરાજકીય તણાવ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની આક્રમક વેચવાલી અને ડોલર સામે રૂપિયાની નબળાઈને કારણે ઊભા થયેલા ગભરાટનો સમાવેશ થાય છે.

ટોચની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓમાંથી નવ કંપનીઓના સંયુક્ત માર્કેટકેપમાં ગયા અઠવાડિયે રૂ. ૨.૫૧ લાખ કરોડનો ઘટાડો થયો હતો, જેમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝને સૌથી મોટો ફટકો પડ્યો હતો, જે ઇક્વિટી બજારમાં જોવા મળેલા નબળા વલણને અનુરૂપ હતો. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક, આઇસીઆઇસીઆઇ બેંક અને ભારતી એરટેલ સહિતની ટોચની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓમાંથી નવનું સંયુક્ત બજાર મૂલ્યાંકન રૂ. ૨,૫૧,૭૧૧.૬ કરોડનું ઘટ્યું હતું.

પાછલા અઠવાડિયે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનું બજાર મૂલ્યાંકન રૂ. ૯૬,૯૬૦.૧૭ કરોડ ઘટીને રૂ. ૧૮,૭૫,૫૩૩.૦૪ કરોડ નોંધાયું હતું. જ્યારે આઇસીઆઇસીઆઇ બેંકનું મૂલ્યાંકન રૂ. ૪૮,૬૪૪.૯૯ કરોડ ઘટીને રૂ. ૯,૬૦,૮૨૫.૨૯ કરોડ થયું હતું.

એચડીએફસી બેંકનું મૂલ્યાંકન રૂ. ૨૨,૯૨૩.૦૨ કરોડ ઘટીને રૂ. ૧૪,૦૯,૬૧૧.૮૯ કરોડ થયું અને ભારતી એરટેલનું મૂલ્યાંકન રૂ. ૧૭,૫૩૩.૯૭ કરોડ ઘટીને રૂ. ૧૧,૩૨,૦૧૦.૪૬ કરોડ થયું. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ)નું માર્કેટ કેપિટલાઈઝેશન ૧૬,૫૮૮.૯૩ કરોડ રૂપિયા ઘટીને ૧૧,૪૩,૬૨૩.૧૯ કરોડ રૂપિયા થયું અને લાર્સન એન્ડ ટુબ્રોનું માર્કેટ કેપ ૧૫,૨૪૮.૩૨ કરોડ રૂપિયા ઘટીને ૫,૧૫,૧૬૧.૯૧ કરોડ રૂપિયા થયું.

બજાજ ફાઇનાન્સનું માર્કેટ કેપ ૧૪,૦૯૩.૯૩ કરોડ રૂપિયા ઘટીને ૫,૭૭,૩૫૩.૨૩ કરોડ રૂપિયા થયું અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું માર્કેટ કેપ ૧૧,૯૦૭.૫ કરોડ રૂપિયા ઘટીને ૯,૫૦,૧૯૯.૭૭ કરોડ રૂપિયા થયું. ઈન્ફોસિસનું માર્કેટ કેપ ૭,૮૧૦.૭૭ કરોડ રૂપિયા ઘટીને ૬,૯૪,૦૭૮.૮૨ કરોડ રૂપિયા થયું.

જોકે, હિન્દુસ્તાન યુનિલિવરનું માર્કેટ કેપ ૧૨,૩૧૧.૮૬ કરોડ રૂપિયા વધીને ૫,૬૬,૭૩૩.૧૬ કરોડ રૂપિયા થયું. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સૌથી મૂલ્યવાન કંપની રહી, ત્યારબાદ એચડીએફસી બેંક, ટીસીએસ, ભારતી એરટેલ, આઇસીઆઇસીઆઇ બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ઇન્ફોસિસ, બજાજ ફાઇનાન્સ, હિન્દુસ્તાન યુનિલિવર અને લાર્સન એન્ડ ટુબ્રોનો ક્રમ આવે છે.

# ઈક્વિટી રોકાણકારોમાં બિઝનેસ સાઈકલ ઈન્વેસ્ટિંગનો વધતો ટ્રેન્ડ

મુંબઇઃ ઇક્વિટી બજારોમાં આશાવાદ અને અનિશ્ચિતતાના સમયગાળાઓ વચ્ચે, અર્થતંત્રની બદલાતી સ્થિતિ સાથે પોર્ટફોલિયોને ગોઠવવાની રીત તરીકે બિઝનેસ સાઇકલ ઇન્વેસ્ટિંગ રોકાણકારોમાં લોકપ્રિય બની રહ્યું છે. સ્થિર એસેટ એલોકેશનની બદલે, આ વ્યૂહરચના રીકવરી, વિસ્તરણ, મંદી અથવા સંકોચન જેવા અર્થવ્યવસ્થાના તબક્કા અનુસાર સેક્ટર એલોકેશનમાં ફેરફાર કરે છે.

આ અભિગમ એ ધારણા પર આધારિત છે કે આર્થિક ચક્રના દરેક તબક્કાનો કમાણી, માગ, વ્યાજ દરો અને રોકાણકારોના સેન્ટિમેન્ટ પર અલગ અસર થાય છે. મેક્રો આર્થિક ટ્રેન્ડ્સ અને નીતિ સંકેતોને ધ્યાનમાં રાખીને, રોકાણકારો લાભમાં રહેલા સેક્ટરોમાં વજન વધારવા અને પાછળ પડનારા સેક્ટરોમાં ઘટાડો કરવાનો પ્રયાસ કરે છે. સામાન્ય રીતે આર્થિક ચક્રને ચાર તબક્કામાં વહેંચવામાં આવે છે. રીકવરી દરમિયાન, મંદી બાદ જ્યારે આર્થિક પ્રવૃત્તિ તેજ પકડે છે, ત્યારે બેન્કિંગ, રિયલ એસ્ટેટ અને કેપિટલ ગુડ્સને ક્રેડિટ વૃદ્ધિથી લાભ થાય છે. વિસ્તરણના તબક્કામાં મજબૂત વૃદ્ધિ સાથે કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી, ઓટોમોબાઇલ, ઊર્જા અને મેટલ્સ સેક્ટરો આગળ રહે છે. મંદી અથવા રિસેશન સમયે માંગ ઘટે છે અને કન્ઝ્યુમર સ્ટેપલ્સ, ફાર્મા અને આઈટી જેવા ડિફેન્સિવ સેક્ટરો સ્થિરતા આપે છે. જ્યારે તીવ્ર સંકોચન અથવા સ્લમ્પમાં યુટિલિટીઝ, હેલ્થકેર અને ગુણવત્તાવાળા લાર્જ-કેપ શેરો વધુ સુરક્ષિત ગણાય છે. ફંડ મેનેજર્સ મોંઘવારી, વ્યાજ દરો, સરકારી ખર્ચ, કેપેક્સ તેમજ પીએમઆઈ અને બિઝનેસ કોન્ફિડન્સ સર્વે જેવા સેન્ટિમેન્ટ ઈન્ડિકેટર્સ પર નજર રાખીને આર્થિક ચક્ર ઓળખે છે.

# ...તો રિઝર્વ બૅન્ક વ્યાજદરમાં વધુ ઘટાડો કરશેઃ ગોલ્ડમેન

મુંબઈઃ જો ભારત-અમેરિકા વેપાર સોદો વિલંબિત થાય તો આરબીઆઇ વ્યાજ દરોમાં વધુ ઘટાડો કરી શકે છે, એવો મતગોલ્ડમેન સાશે યકત કર્યો છે. ભારતનું અર્થતંત્ર મજબૂત સ્થિતિમાં છે, પરંતુ ભારત-અમેરિકા વેપાર સોદા અંગે સતત અનિશ્ચિતતા ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ ને વ્યાજ દરમાં વધુ ઘટાડો કરવા માટે પ્રેરિત કરી શકે છે, વો મત ગ્લોબલ બ્રોકરેજ ફર્મ ગોલ્ડમેન સાશ દ્વારા વ્યકત કરવામાં આવ્યો છે.

ગોલ્ડમેને જણાવ્યું હતું કે જો વેપાર સંબંધિત પડકારો નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક સમયગાળા પછી પણ ચાલુ રહે અને આર્થિક વિકાસને અસર કરવાનું શરૂ કરે, તો રિઝર્વ બેન્ક વધારાની નાણાકીય સરળતા દ્વારા અર્થતંત્રને ટેકો આપવા માટે તેની બાકીની નીતિ જગ્યાનો ઉપયોગ કરી શકે છે.

આ બ્રોકરેજ ફર્મે એવી અપેક્ષા જાહેર કરી છે કે ભારત-અમેરિકા વેપાર કરાર નાણાકીય વર્ષ ૨૦૨૭ની શરૂઆતમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. જોકે, જો વાટાઘાટો નાણાકીય વર્ષના બીજા ભાગમાં વિલંબિત કરવામાં આવશે, તો તે વિકાસ માટે અવરોધ તરીકે કાર્ય કરી શકે છે.

ગોલ્ડમેને નોંધ્યું હતું કે ભારતમાં મોટા પાયે વપરાશમાં સુધારો, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં અને શહેરોમાં ઓછી આવક ધરાવતા પરિવારોમાં, હજુ પણ પ્રારંભિક તબક્કામાં છે.

આ રિકવરી સાઇકલને ખેતીવાડી ક્ષેત્રના સારા પાક ચક્ર, મહિલાઓને રાજ્ય સરકાર દ્વારા રોકડ ટ્રાન્સફરમાં વધારો અને ઓછી આવક ધરાવતા જૂથોને લાભદાયક જીસટી ઘટાડા દ્વારા ટેકો મળી રહ્યો છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ હોવા છતાં, આ પગલાં માગમાં ધીમે ધીમે સુધારો કરવામાં મદદ કરી રહ્યા છે.

# વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ₹ ૧૮,૯૯૮ કરોડની ચોખ્ખી વેચવાલી

મુંબઇઃ શેરબજારમાં એકધારી વેચવાલી કરીને એફઆઇઆઇ સારું એવું પ્રોફિટ બુકિંગ કરી રહ્યા છે. પાછલા સપ્તાહ દરમિયાન રિયલ્ટીની આગેવાનીમાં બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા. આને પરિણામે માર્કેટ કેપમાં રૂ.૧૬.૨૮ લાખ કરોડનો ઘટાડો નોંધાો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ.૧૮,૯૯૮ કરોડની ચોખ્ખી વેચવાલીને કારણે બજારનું માનસ ખરડાયું હતું.

સપ્તાહ દરમિયાન બીએસઈ અને એનએસઈ પર સંયુક્તપણે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ.૧,૦૮,૭૩૫.૯૭ કરોડની ખરીદી અને રૂ.૮૪,૦૫૪.૬૬ કરોડની વેચવાલી કરી હતી. આમ સ્થાનિક સંસ્થાઓએ રૂ.૨૪,૬૮૧.૩૧ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી. જ્યારે આની સામે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૯૨,૫૪૯.૧૩ કરોડની ખરીદી અને રૂ. ૧,૧૧,૫૪૭.૨૫ કરોડની વેચવાલી કરી હતી. આમ એફઆઈઆઈએ રૂ.૧૮,૯૯૮.૧૨ કરોડની ચોખ્ખી વેચવાલી કરી હતી.

શુક્રવાર તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ૨૦૩૨.૬૫ પોઈન્ટ્સ (૨.૪૩ ટકા) ઘટ્યો હતો. સપ્તાહના આરંભે સોમવાર ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સેન્સેક્સ ૮૩,૪૯૪.૪૯ પોઈન્ટ્સ પર ખૂલી સોમવારે જ ઊંચામાં ૮૩,૫૩૯.૯૩ સુધી અને ૨૧ જાન્યુઆરી અને બુધવારે નીચામાં ૮૧,૧૨૪.૪૫ સુધી જઈ આ શુક્રવારે ૮૧,૫૩૭.૭૦ બંધ રહ્યો હતો. ગત શુક્રવાર ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ.૪૬૭.૮૪ લાખ કરોડ હતું તે ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬ના અંત સુધીમાં રૂ.૧૬.૨૮ લાખ કરોડ ઘટીને રૂ.૪૫૧.૫૬ લાખ કરોડ થયું હતું. સપ્તાહ દરમિયાન બધા બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસ ઘટ્યા હતા, જેમાં બીએસઈ મિડકેપ ૪.૨૦ ટકા, બીએસઈ સ્મોલકેપ ૫.૭૯ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૨.૭૪ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૩.૦૧ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૩.૩૧ ટકા ઘટ્યા હતા.

એસએમઈ આઈપીઓ ૫.૪૫ ટકા ઘટ્યો અને બીએસઈ આઈપીઓ ૪.૨૩ ટકા વધ્યો હતો. બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં રિયલ્ટી ૧૧.૩૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૫.૨૯ ટકા, પાવર ૪.૪૫ ટકા, હેલ્થકેર ૩.૬૦ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૩.૫૫ ટકા, કેપિટલ ગુડ્સ ૩.૩૯ ટકા, બેન્કેક્સ ૩.૦૯ ટકા, ઓટો ૨.૩૨ ટકા, ટેક ૨.૧૫ ટકા, એફએમસીજી ૧.૪૨ ટકા અને મેટલ ૧.૦૧ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૧૨ સ્ક્રિપ વધી, ૮૮ ઘટી. બીએસઈ ૨૦૦માં ૨૭ સ્ક્રિપ વધી, ૧૭૩ સ્ક્રિપ ઘટી એક સ્થિર રહી, બીએસઈ ૩૦માં ચાર સ્ક્રિપ વધી, ૨૬ સ્ક્રિપ ઘટી. બીએસઈ ૫૦૦માં ૫૨ સ્ક્રિપ વધી, ૪૪૮ સ્ક્રિપ ઘટી. મિડકેપની ૨૦ સ્ક્રિપ વધી, ૧૨૪ સ્ક્રિપ ઘટી. સ્મોલ કેપની ૧૧૩ સ્ક્રિપ વધી, ૧,૧૦૧ સ્ક્રિપ ઘટી અને એક સ્ક્રિપ સ્થિર રહી હતી.

બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપ્સમાં હિંદુસ્તાન યુનિલિવર ૨.૧૭ ટકા, ટેક મહિન્દ્ર ૧.૮૧ ટકા,કોટક બેન્ક ૦.૯૪ ટકા અને એચસીએલ ટેકનોલોજી ૦.૪૫ ઊછળ્યો હતો. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી પાંચ સ્ક્રિપ્સમાં ઈટર્નલ ૧૧.૧૭ ટકા, અદાણી પોર્ટ્સ ૮.૭૧ ટકા, રિલાયન્સ ૫.૧૭, આઈસીઆઈસીઆઈ બેન્ક ૫.૦૮ ટકા અને ટાઈટન ૪.૩૫ ટકા ગબડ્યો હતો. ગ્રુપ અનુસાર વધઘટમાં એ ગ્રુપની ૭૨૮ કંપનીઓમાંથી ૭૬ કંપનીઓના ભાવ વધ્યા અને ૬૫૨ના ઘટ્યા હતા. જ્યારે બી ગ્રુપની ૧૫૦૩ કંપનીઓમાં ૧૬૨ કંપનીઓના ભાવ વધ્યા, ૧,૩૩૭ના ભાવ ઘટ્યા અને ચારના સ્થિર રહ્યા હતા. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની ૧૦ કંપનીઓને નીચલી તેમ જ ૧૨ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી.

# દેશની મેન્યુફેકચરિંગ તથા સર્વિસ સેકટરની કામગીરીમાં સુધારાનો સંકેત

મુંબઈઃ વર્તમાન મહિનાની દેશની ઉત્પાદન તથા સેવા ક્ષેત્રની કામગીરીનું અંદાજિત માપ પૂરું પાડતો એચએસબીસી ફ્લેશ ઈન્ડિયા કમ્પોઝિટ આઉટપુટ ઈન્ડેકસ જાન્યુઆરીમાં વધી ૫૯.૫૦ રહ્યો છે જે ડિસેમ્બરમાં ૫૭.૮૦ જોવા મળ્યો હતો. એસએન્ડપી ગ્લોબલ દ્વારા જારી કરાયેલા મેન્યુફેકચરિંગ તથા સર્વિસ ક્ષેત્રના પ્રારંભિક સંયુકત પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેકસ (પીએમઆઈ)માં બંને ક્ષેત્રની કામગીરી લગભગ સરખી રહ્યાનું જોવા મળ્યું છે. ઉત્પાદન ક્ષેત્રની કામગીરીમાં વધારો થયો હોવા છતાં પીએમઆઈ ૨૦૨૫ની સરેરાશ કરતા નીચો રહેવા પામ્યો છે. ૨૦૨૫ના અંતે ગતિ થોડીઘણી ધીમી પડયા બાદ નવા ઓર્ડરની માત્રામાં ઝડપી વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને ઘરઆંગણેથી ઓર્ડરોમાં વધારો થયો છે. કાચા માલના ખર્ચનું દબાણ પણ ઝડપથી વધ્યું છે. સેવા ક્ષેત્રની સરખામણીએ માલસામાનના ઉત્પાદન પેટેના કાચા માલના ખર્ચમાં વધારો થયાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. વર્તમાન મહિનામાં ખાનગી ક્ષેત્રની વેપાર પ્રવૃત્તિમાં વધારો જોવા મળી રહ્યો છે. ગ્રાહકો તરફથી માગમાં વધારો થયો છે એટલું જ નહીં મજબૂત માર્કેટિંગ પ્રયાસોના લાભ થઈ રહ્યા છે. સેવા કરતા ઉત્પાદન ક્ષેત્રની કંપનીઓના વેચાણમાં ઝડપથી વધારો થયો છે.

# બજેટસત્ર ૨૮મી જાન્યુઆરીથી શરૂ થશે, આર્થિક સર્વેક્ષણ ૨૯મીએ રજૂ થશે

નવી દિલ્હીઃ સંસદનું બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીથી શરૂ થશે, જ્યારે કેન્દ્રીય બજેટ ૨૦૨૬ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે. આ માહિતી શુક્રવાર, નવમી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા રજૂ કરાયેલ એક નોંધ દ્વારા જાહેર કરવામાં આવી હતી.

સત્તાવાર નોંધ અનુસાર, બજેટ સત્ર ૨૮ જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થશે અને બીજી એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સમાપ્ત થશે, જ્યારે સંસદ બીજા તબક્કા માટે નવમી માર્ચ ૨૦૨૬ના રોજ એકત્ર થશે.

સરકાર ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ રજૂ કરશે અને ૨૦૨૬-૨૭ માટે કેન્દ્રિય અંદાજપત્ર પહેલી ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવશે. બજેટ શેડ્યૂલ અંતર્ગત, બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સમાપ્ત થશે, જ્યારે સંસદ બીજા તબક્કા માટે નવમી માર્ચ ૨૦૨૬ના રોજ બેઠક યોજશે.

બજેટ સત્ર માટેની મુખ્ય તારીખો સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવી છે, જે મુજબ, સંસદીય સત્રનો પ્રથમ ભાગ ૨૮ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી સુધી ચાલશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૨૮ જાન્યુઆરીએ સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કરશે, જ્યારે આર્થિક સર્વે ૨૯ જાન્યુઆરીએ રજૂ કરવામાં આવશે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ સતત નવમી વખત કેન્દ્રીય બજેટ રજૂ કરશે, જ્યારે આઝાદી પછીનું દેશનું આ ૮૮મું બજેટ હશે. અગાઉ, દેશનું આર્થિક અંદાજપત્ર ૨૮ ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવતું હતું, પરંતુ ૨૦૧૭ થી, તે પહેલી ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવે છે. આવું એટલા માટે છે કારણ કે બજેટ દરખાસ્તો આગામી નાણાકીય વર્ષથી, એટલે કે પહેલી એપ્રિલથી લાગુ થઈ શકે છે. બજેટ સામાન્ય રીતે લોકસભામાં સવારે ૧૧ વાગ્યે રજૂ કરવામાં આવે છે.

# લક્ઝરી હાઉસિંગ માર્કેટમાં પીછેહઠની સંભાવના

નવી દિલ્હીઃ નાણાકીય વર્ષ ૨૦૨૭માં ભારતના લક્ઝરી હાઉસિંગ માર્કેટમાં ઘટાડો થઈ શકે છે, એવું તાજેતરમાં હાથ ધરવામાં આવેલા એક સર્વેક્ષણના તારણમાં જણાવાયું છે. આ સર્વેક્ષણમાં ૫૬ ટકા એચએનઆઇ પ્રતિભવકોએ આવો મત વ્યક્ત કર્યો હતો. જો કે અનેક આંતરરાષ્ટ્રીય અવરોધો છતાં ૬૭ ટકા જેટલા એચએનઆઇ અને અલ્ટ્રા એચએનઆઇ ભારતની ગ્રોથ સ્ટોરી માટે મજબૂત રીતે તેજીમય સેન્ટિમેન્ટ ધરાવે છે. ગૃહનિર્માણ ક્ષેત્રની અગ્રણી સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં ૫૬ ટકા શ્રીમંત ઉત્તરદાતાઓએ એવો મત વ્યક્ત કર્યો છે કે આગામી નાણાકીય વર્ષમાં ભારતના મોટા શહેરોમાં લક્ઝરી ઘરોની માગ અને કિંમતોમાં ઘટાડો થઈ શકે છે. નોંધવું રહ્યું કે તાજેતરના વર્ષોમાં આ સેગમેન્ટમાં ઊંચી ડિમાન્ડ રહી છે.

ભારતની આર્થિક વૃદ્ધિની સંભાવનાઓ, તેમની રોકાણ વ્યૂહરચના અને લક્ઝરી હાઉસિંગ માર્કેટ માટેના દષ્ટિકોણ પ્રત્યેના સેન્ટિમેન્ટનું મૂલ્યાંકન કરવા માટે લગભગ ૭૦૦ હાઇ નેટવર્થ ઇન્ડિવિડ્યુઅલ્સ (એચએનઆઇ) અને અલ્ટ્રા એચએનઆઇનું સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

# ભારતીય કંપનીઓએ વિદેશથી ૩૨ અબજ ડૉલરનું ભંડોળ મેળવ્યું

મુંબઇઃ બેંકો અને નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપનીઓ (એનબીએફસી) સહિત ભારતીય કંપનીઓએ ૨૦૨૫માં સિન્ડિકેટેડ લોન દ્વારા વિદેશથી રેકોર્ડ ૩૨.૫ બિલિયન ડોલર એકત્ર કર્યા છે. આ મુખ્યત્વે પ્રાયોજિત ધિરાણ, નાણાકીય કંપનીઓ તરફથી મજબૂત માગ અને સંપાદન પ્રવૃત્તિમાં વધારો દ્વારા પ્રેરિત હતું.

ઉદ્યોગ સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય કંપનીઓ ૨૦૨૬માં સંપાદન માટે ભંડોળ પૂરું પાડવા માટે સિન્ડિકેટેડ લોનનો ઉપયોગ કરવાનું ચાલુ રાખી શકે છે. યુએસ વ્યાજ દરમાં ઘટાડાની વધતી અપેક્ષાઓ વચ્ચે ડોલર બોન્ડ માર્કેટમાં પ્રવૃત્તિ પણ વધવાની ધારણા છે.

એવી અપેક્ષા છે કે ૨૦૨૬ માં સિન્ડિકેટેડ લોન માર્કેટ ખૂબ વ્યસ્ત રહેશે કારણ કે ભારતીય કંપનીઓ સંપાદન માટે આ બજાર તરફ વળી શકે છે. વધુમાં, બાહ્ય વાણિજ્યિક ઉધાર (ઈસીબી) માર્ગદર્શિકાના પ્રસ્તાવિત ઉદારીકરણથી પણ આ ક્ષેત્રમાં પ્રવૃત્તિમાં વધારો થઈ શકે છે.

બેંક બજારમાં ઉભરી રહેલી વૃદ્ધિની તકોનો લાભ લેવાનો પ્રયાસ કરશે. ૨૦૨૫ ભારતમાં વિદેશી સિન્ડિકેટેડ લોન બજાર માટે રેકોર્ડ વર્ષ હતું. આંતરરાષ્ટ્રીય બેંકો દ્વારા ઉચ્ચ-ગુણવત્તાવાળી ભારતીય કંપનીઓની વ્યાપક સ્વીકૃતિએ વિદેશી ચલણમાં નવા ઉધાર માટે સ્પ્રેડમાં નોંધપાત્ર ઘટાડો કર્યો હતો, જેના કારણે ધિરાણમાં વધારો થયો હતો.

ડેટા દર્શાવે છે કે ૨૦૨૫માં ભારતીય કંપનીઓ દ્વારા એકત્ર કરાયેલા ૩૨.૫ બિલિયન ડોલરમાંથી, ૧૨.૫ બિલિયન ડોલરથી વધુ કોર્પોરેટ ફાઇનાન્સિંગ માટે હતું, જ્યારે નાણાકીય સંસ્થાઓએ ૧૦ બિલિયન ડોલરથી વધુ દેવું અને ૯ બિલિયન ડોલરથી વધુ પ્રાયોજિત ઇવેન્ટ ડીલ્સ માટે એકત્ર કર્યા હતા.

૨૦૨૪ માં, સિન્ડિકેટેડ લોન દ્વારા આશરે ૨૬ બિલિયન ડોલર એકત્ર કરવામાં આવ્યા હતા, જે ૨૦૨૩ માં એકત્ર કરાયેલા ૩૧.૬ બિલિયન ડોલરથી ઓછા છે. જાણકારોના મતે, ઉપાડ અને પૂર્વ ચુકવણીમાં સુગમતાને કારણે ભારતીય કંપનીઓ સિન્ડિકેટેડ લોન પસંદ કરી રહી છે. બોન્ડ માર્કેટને સામાન્ય રીતે લગભગ ૩૦૦ મિલિયન ડોલરનું લઘુત્તમ કદ જરૂરી છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અંજારના ખોખરા ગામ નજીક અજ્ઞાત વાહન હડફેટે આધેડનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના અંજાર તાલુકાના ખોખરા ગામ નજીક પગપાળા જઈ રહેલા બચુ ઠાકોર નામના આધેડને અજાણ્યાં વાહનચાલકે હડફેટમાં લેતાં તેમનું ઘટનાસ્થળે મોત થયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, રતનાલ ગામના મોડસર રોડ પરની આણદા ભચુની વાડીએ રહેતા અને ખેતીકામ કરતા બચુ ઠાકોરને ગત તા. ૧૯-૧ના રોજ આ જીવલેણ અકસ્માત નડયો હતો, જેમાં તેઓ ખોખરા-ઝરૂ માર્ગ પરથી પગે ચાલીને જઈ રહ્યા હતા ત્યારે કોઈ અજાણ્યાં વાહને હડફેટમાં લેતાં આધેડને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચતાં સારવાર મળે તે પહેલાં જ દમ તોડી દીધો હતો. હિટ એન્ડ રનના આ બનાવ અંગે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ મૃતકના પુત્ર રણજિત ઠાકોરે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ■



**'મન કી બાત' માં ભાવનગર ઝળક્યું**

'રાષ્ટ્રીય મતદાતા દિવસ' ના રોજ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૧30મી વાર રાષ્ટ્રને 'મન કી બાત'ના માધ્યમથી સંબોધ્યા હતા. નવા વર્ષની આ પહેલી 'મન કી બાત' કાર્યક્રમમાં ભાવનગર શહેર ભાજપ તેમ જ વૃદ્ધાશ્રમના વડીલો ટીવી પર રાષ્ટ્રીય સ્તરે લાઈવ દેખાયા હતાં. (વિપુલ હિરાણી)

# લખપતના લક્કીનાળા વિસ્તારમાંથી જમ્મુના બે શંકાસ્પદ શખ્સ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પ્રજાસત્તાક પર્વની ઉજવણીને લઈને હાલ દેશની તમામ સુરક્ષા એજન્સીઓ રેડ એલર્ટ પર રહેલી છે તેવામાં લખપત તાલુકાના પ્રતિબંધિત લક્કીનાળા વિસ્તારમાં ઘૂમી રહેલા બે શંકાસ્પદ કાશ્મીરી યુવકોને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, નારાયણ સરોવર પોલીસ મથકથી ૧૨ કિલોમીટર દૂર આવેલા પ્રતિબંધિત લક્કીનાળા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન બે શંકાસ્પદ શખ્સો મળી આવ્યા હતા.

લક્કીનાળા વિસ્તાર ભારત સરકારના ગૃહ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા જાહેરનામા મુજબ પ્રતિબંધિત જાહેર કરેલો છે, જ્યાં પૂર્વ મંજૂરી વિના પ્રવેશ કરવો ગુનો બને છે. આ કેસમાં પકડાયેલા આરોપીઓની ઓળખ જવીદ ઈકબાલ અને મહોમ્મદ મુસ્તાક તરીકે થઈ હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, જમ્મુના પૂંછ, અંતોલી મંડીના જાવીદ ઇકબાલ મોહમદ અસરફ શેખ તથા મહોમદ મુસ્તાક હસનદીન રેસી ગત તા. ૧૭-૧ના રોજ ગાંધીધામ આવ્યા હતા, ત્યાંથી બંદરીય માંડવી તાલુકામાં આવેલી અલગ-અલગ મસ્જિદોમાં જઇને ફાળો ઉઘરાવ્યો હતો. ત્યારબાદ ગત ૧૮-૧ના રોજ પશ્ચિમ કાંઠાના નલિયા પહોંચ્યા હતા અને મસ્જિદની મુલાકાત લઈને ફાળો ઉઘરાવ્યો હતો. પ્રતિબંધિત વિસ્તારમાં જવા માટે કલેક્ટર, નાયબ કલેક્ટર અને પોલીસવડાની પરવાનગી લેવી આવશ્યક હોવાનું જાણવા છતાં આ શંકાસ્પદ કાશ્મીરી યુવકો ૨૦ અને ૨૧મી જાન્યુઆરીના લાલા ગામથી ફાળો એકત્રિત કરવા માટે મુલાકાત લીધી હતી.

અને કોઠારા ખાતેના જય-અંબે ગેસ્ટ હાઉસમાં રોકાણ કર્યું હતું.

પરવાનગી વિના ઘૂમી રહેલા યુવકોને અટકમાં લઈને પ્રથમ કોઠારા પોલીસ મથક, બાદમાં એસ.ઓ.જી. કચેરીએ લઇ જવાયા હતા. પૂછપરછમાં તેઓ શિક્ષણની પ્રવૃત્તિ સાથે જોડાયેલા અલગ અલગ ટ્રસ્ટોમાં કામ કરતા હોવાનું, નલિયાથી વાયોરવાળા રસ્તે પ્રતિબંધિત લક્કી નાળા વિસ્તારમાં ગયા હોવાનું જણાવ્યું હતું. તપાસ દરમ્યાન જાવીદના મોબાઇલ ફોનમાં પાકિસ્તાની નંબર મળ્યા હતા, જે અંગે તેણે સંતોષકારક જવાબ ન આપતાં સુરક્ષા એજન્સીઓએ તેમની ઊલટ-તપાસ જારી રાખી છે. ■

# કચ્છમાં ઠંડીનું મોજું, જનજીવન પર વ્યાપક અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ઉત્તર ભારત અને જમ્મુ-કાશ્મીરમાં સતત થઇ રહેલી અતિભારે બરફ વર્ષાને પગલે બરફથી ઢંકાયેલા પહાડો પરથી આવી પહોંચેલી કાતિલ ઠંડી કચ્છને થથરાવી રહી હોય તેમ નલિયામાં વહેલી સવારે અને મોડી સાંજના સમયે ઉત્તર બાજુથી વાતા વેગીલા પવનનાં કારણે ઠંડીની અસર વધુ ધારદાર બને છે. કચ્છના કાશ્મીર નલિયા અને ભુજમાં ૧૦ ડિગ્રી લઘુતમ, અને મહત્તમ તાપમાન ૨૩ ડિગ્રી સેલ્સિયસ પર આવી જતાં શીતલહેર પ્રસરી છે અને જનજીવનને અસર થઈ છે.

કચ્છનાં તમામ મથકોમાં મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો નોંધાતા ભુજ,રાપર,નલિયા, અંજાર, નખત્રાણા જેવાં શહેરોમાં ભરબપોરે પણ રસ્તાઓ અને શેરીઓ પર જાણે સંચારબંધી લદાઈ હોય તેવો માહોલ જોવા મળે છે.

દરમ્યાન, અચાનક વધી ગયેલી ઠંડીને કારણે શરદી-તાવ અને ઉધરસથી પીડાતા દર્દીઓની સાથે-સાથે ચામડી સૂકી થઇ જવાથી ચર્મરોગની સમસ્યા પણ ઊભી થતી હોવાનું ભુજના જાણીતા તબીબ ડો. દિનેશ દવેએ જણાવ્યું હતું. ■

# જામનગરમાં આગ લાગવાના બે બનાવ, સદભાગ્યે જાનહાનિ ટળી

અમદાવાદ: જામનગર શહેરમાં આગ લાગવાના બે બનાવ બન્યા હતા. જેમાં એક રહેણાંક ઈમારતમાં અને એક ખાનગી બસમાં આગ લાગવાનો સમાવેશ થાય છે. મળતી માહિતી અનુસાર અહીંના સંત કબીર આવાસમાં ચોથા માળે એક ફ્લેટમાં શોર્ટ સર્કિટની ઘટના બની હતી. મકાનમાલિકના તમામ ઈલેક્ટ્રોનિક ઉપકરણો સહિતનો ઘણો સામાન બળીને ખાક થઈ ગયો હતો. જોકે સદ્ભાગ્યે જાનહાનિ ટળી હતી. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ ઇલેક્ટ્રિક બોર્ડમાં થયેલું શોર્ટ સર્કિટ હોવાનું બહાર આવ્યું હતું. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ગાડીઓ આવી ગઈ હતી. તો બીજી બાજુ શનિવારે મોડી રાત્રે અહીંના હીરજી મિસ્ત્રી રોડ પર ઉદ્યોગનગર વિસ્તારમાં એક ખાનગી લક્ઝરી બસમાં આગ ભભૂકી ઊઠી હતી. જેના કારણે થોડા સમય માટે લોકોના ટોળા ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ બુઝાવી હતી. ■

# અમિત શાહ ૨૭ જાન્યુઆરીએ ગુજરાતના પ્રવાસે

અમદાવાદ: કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહ ફરી એક વખત ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આગામી ૨૭ જાન્યુઆરીએ અમદાવાદના ઐતિહાસિક કાલુપુર સ્વામિનારાયણ મંદિર ખાતે આયોજિત વિશેષ કાર્યક્રમમાં તેઓ હાજરી આપશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું.

અમદાવાદના કાલુપુરમાં આવેલા કાલુપુર સ્વામિનારાયણ મંદિર દ્વારા એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાલુપુર સ્વામિનારાયણ સંપ્રદાયે ભવ્ય સામૈયાનું આયોજન કર્યું છે, જેમાં અમિત શાહ હાજરી આપવાના છે. અમિત શાહ અન્ય કયા કાર્યક્રમમાં હાજરી આપશે તેની કોઈ સત્તાવાર વિગતો શેર કરવામાં આવી નથી. ■

# મતદાર જાગૃતિમાં નવીન ટેકનોલોજી આધારિત પહેલ માટે બોટાદ જિલ્લાને રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બોટાદ જિલ્લામાં મતદાર જાગૃતિ માટે અમલમાં મૂકાયેલી અનોખી અને નવીન ટેકનોલોજી આધારિત પહેલ બોટ્રોનને ૧૬મા રાષ્ટ્રીય મતદાર દિવસ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ના અવસરે ઈનોવેટિવ વોટર અવેરનેસ ઈનિશિયેટીવ શ્રેણી હેઠળ રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. આ શ્રેણીમાં ગુજરાત રાજ્યમાંથી માત્ર બોટાદ જિલ્લાને આ ગૌરવ પ્રાપ્ત થયું હોવાનું રાજ્ય સરકારે જણાવ્યું હતું.

આ રાષ્ટ્રીય સન્માન દ્વારા ભારતમાં ચૂંટણી પ્રક્રિયામાં રોબોટિક્સના પ્રથમ સુવ્યવસ્થિત અને સંરચિત ઉપયોગને માન્યતા આપવામાં આવી છે. આ પહેલનું વિચાર, આયોજન, અમલ તથા સતત દેખરેખ બોટાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું.

મતદાર સંબંધિત માહિતી ચોક્કસ પૂર્વગ્રહમુક્ત અને એકરૂપ રીતે જનમાનસ સુધી પહોંચે તે માટે રોબોટિક્સને યોગ્ય માધ્યમ તરીકે અપનાવીને બોટ્રોનને બોટાદ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પ્રચાર પ્રસાર માટે મૂકવામાં આવ્યો હતો, તેમ સરકારે જણાવ્યું હતું.

# ઓટલા પર બેસવાના મુદ્દે થયેલા ઝઘડાના મનદુઃખમાં ત્રણ મહિલા સહિત ચાર પાડોશીઓએ આધેડને જીવતો સળગાવી દીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અત્યારે ચાલી રહેલા યંત્ર યુગમાં માનવીય સંવેદનાઓ ઓછી થતી જાય છે અને મનુષ્ય ધીરે-ધીરે સંવેદના વિનાનો બનતો જાય છે જેની સાબિતી આપતી ઘટના કચ્છના ગાંધીધામ શહેરના ગણેશ નગર પાસેની ઝૂંપડપટ્ટી વસાહતમાં બની હતી. જેમાં ઘર પાસેના ઓટલા પર બેસવા જેવી નજીવી બાબતમાં મહિલા સહિત ચાર લોકોએ એક અપરિણીત આધેડને ઢોરમાર મારી, જલદ પ્રવાહી વડે જીવતો સળગાવીને મોતને ઘાટ ઉતારી દેતાં પંથકમાં ભારે ચકચાર પ્રસરી હતી.

આ રૂહ કંપાવી દેતા બનાવ અંગે ગણેશ નગર વિસ્તારમાં રહેતા હીરા દાદુ મહેશ્વરી નામના વૃદ્ધે પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમનો અંદાજે ૫૦ વર્ષનો અપરિણીત નાનો ભાઈ કરસન માહેશ્વરી માતા સાથે ગાંધીધામના રોટરી નગર વિસ્તારમાં આવેલા સત્રાહ હજાર ઝૂંપડા વસાહતમાં રહેતો હતો.

થોડા દિવસો પહેલાં કરસનને પડોશીઓ સાથે ઘર બહાર ઓટલા પર બેસવાની બાબતે થયેલા ઝઘડાની અદાવત રાખીને ગત શુક્રવારે બપોરના અરસામાં પડોશી પ્રેમિલા નરેશ, અંજુ હરેશ, મંજુ લહેરી અને એક મારવાડી યુવકે કરસનને પકડીને ઢોરમાર મારવાનું શરૂ કર્યું હતું. ઝનૂની મહિલાઓ અને મારવાડી પુરુષે કરેલા હુમલાથી બચવા કરસન ઘરના આંગણે આવેલા બાથરૂમમાં છુપાવા ભાગ્યો હતો, જો કે આ ચાર લોકોએ તેની પાછળ પાછળ બાથરૂમમાં જઈ, ડીઝલ છાંટીને જીવતો સળગાવી દીધો હતો. જાણ થતાં હિરાભાઈ કરસનના ઘરે પહોંચ્યા ત્યારે ઘર બહાર રસ્તા પર તે ગંભીર રીતે દાઝેલી હાલતમાં પીડાથી કણસતો પડ્યો હતો. આસપાસ રડતી તેની માતા સિવાય કોઈ મદદ માટે આવ્યું નહોતું.

વૃદ્ધ ફરિયાદી દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સૌપ્રથમ આદિપુર રામબાગ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જો કે તેની હાલત અત્યંત ગંભીર હોઈ કરસનને ભુજ જી.કે. જનરલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યો હતો. અહીં શનિવારની મોડી રાત્રે મામલતદારની હાજરીમાં કરસનનું મરણોન્મુખ નિવેદન નોંધવામાં આવ્યું હતું અને રવિવારે સવારે દસ વાગ્યાની આસપાસ આધેડે દમ તોડી દેતાં ઘટના હત્યામાં પલટાઈ હતી.

આ સમગ્ર બનાવ અંગે ગાંધીધામ બી ડિવિઝન પી.આઈ એસ.વી. ગોજીયાએ હત્યા સહિતની કલમો તળે ગુનો દાખલ કરીને ત્રણે મહિલા સહિત ચારેય આરોપીઓની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

# બગદાણા પ્રકરણ: જયરાજ આહીરને ભાવનગર જેલમાં મોકલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: બગદાણાના કોળી આગેવાન નવનીત બાલધિયાને કથિત માર મારવાના ચકચારી કેસમાં એસઆઈટીની તપાસમાં જયરાજ આહીરની સંડોવણી સામે આવતા તેની શનિવારે ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે રવિવારે જયરાજ આહીરને ભાવનગર આઈજી ઓફિસથી પોલીસ કાફલા સાથે મહુવા કોર્ટમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં પોલીસ બંદોબસ્ત વચ્ચે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

તેણે મહુવા કોર્ટમાં જામીન અરજી કરી હતી, જેમાં કોર્ટે જયરાજની જામીન અરજી નામંજૂર કરી હતી. આથી માયાભાઈ આહીરનો પુત્ર જયરાજને જેલમાં મોકલાયો હતો. એસઆઈટી ટીમ જયરાજને લઈ ભાવનગર રવાના થઈ હતી. જયરાજ આહીરને ૨૫ જાન્યુઆરીએ સાંજે ૭ વાગ્યે ભાવનગર જેલમાં મોકલાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ભૂકંપના ૨૫ વર્ષ: કચ્છ સહિત ગુજરાત માટે ગોઝારી યાદોનો દિવસ





(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વર્ષ ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીની શિયાળાની સવારે ૮.૪૬ મિનિટે ગુજરાતની ધરા ધ્રૂજી હતી અને મહાવિનાશક ભૂકંપે ખાસ કરીને કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં લગભગ ૧૩,૦૦૦ માણસનો ભોગ લીધો હતો. બે લાખ કરતાં વધારે ઘર પડી ગયા હતા અને નવેક લાખ ઘરમાં નુકસાન થયું હોવાનો અંદાજ છે. ખાસ કરીને કચ્છવાસીઓ માટે આ દિવસ ક્યારેય ન ભૂલી શકાય તેવું એક દુઃસ્વપ્ન છે.

આ મહા ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉ તાલુકાના ચોબારી ખાતે નોંધાયું હતું. આ મહાવિનાશક ભૂકંપ લગભગ ૯૦ સેકન્ડ સુધી ચાલ્યો હતો અને તે જમીનથી માત્ર ૧૭.૪ કિલોમીટર જેટલો ઊંડો હોઈ,તેણે મચાવેલી તબાહીનાં દ્રશ્યો હજુ આજે પણ લોકોની નજર સમક્ષ તરવરી રહ્યાં છે.

બરાબર સવારે ૮ અને ૪૬ મિનિટે પૂર્વ દિશાએથી કોઈ સુપર ફાસ્ટ ટ્રેન ધસમસતી આવી રહી હોય તેવો ભયાનક અવાજ શરૂ થતાં લોકો અચંબામાં મુકાયા હતા અને આ ધરતીકંપ છે તેવું હજુ સમજમાં આવે તે પહેલાં ચોતરફ ધૂળના ગોટે ગોટા ઊડવા શરૂ થઇ ચૂક્યા હતા. આ વિનાશક ભૂકંપમાં અંદાજે ૧૩,૦૦૦ જેટલા લોકોનાં મોત નીપજ્યાં હતાં, હજારો ઘાયલ થયા હતા. ધરતીકંપ બાદ કચ્છમાં વ્યાપક વિકાસ થયો છે પણ નવી ફોલ્ટલાઈનો સક્રિય બન્યા બાદ, વધી ગયેલા ભૂકંપના આંચકાઓના કારણે નવાં-જૂનાં મકાનોમાં પડી રહેલી તિરાડોની અજીબોગરીબ ઘટનાથી લોકોમાં ભય હોવાનું સ્થાનિકો જણાવે છે.

એ દિવસે ભુજનું ન્યુનતમ તાપમાન ૭ ડિગ્રી સે. હતું અને લોકો પોત-પોતાના ખંડેર બની ચૂકેલા મકાનોની બહાર તંબુઓમાં રહેવા મજબૂર બન્યા હતા. દિવસો સુધી કાટમાળના ઢગલે ઢગલા, બેચેની અને અજંપાની લાગણી ઊભી કરી જતા હતા. આ ધરતીકંપમાં ભુજની રાજાશાહી જમાનાની જ્યુબિલી હોસ્પિટલનું હેરિટેજ મકાન પણ ધરાશાયી થયું હતું અને આ સ્થળની તત્કાલીન અમેરિકી પ્રમુખ બીલ ક્લિન્ટને પણ મુલાકાત લીધી હતી. દુઃખની વાત એ છે કે જ્યુબિલી હોસ્પિટલનું મકાન છેલ્લા અઢી દાયકાથી એ જ સ્થિતિમાં ઊભું છે.

આ ગોઝારા ભૂકંપની સૌથી કરુણ ઘટના કચ્છના અંજાર ખાતે બની હતી, જેમાં અંજારના ખત્રી ચોક ખાતે સાંકડી ગલીના બન્ને ભાગમાં આવેલી ઇમારતો ધ્વંસ થઇ જતાં તેમાં ૧૮૪ જેટલાં બાળકો અને ૧૮ શિક્ષકો અને બે પોલીસકર્મીઓનાં મોત થયાં હતાં. માત્ર અંજારમાં ૨૦૦૦ જેટલા લોકોનાં મોત નીપજ્યાં હતાં અને ૬૦૦૦ પરિવારો ઘર વિહોણાં બન્યાં હતાં, તેમ તે સમયના અહેવાલો પરથી કહી શકાય. સમયની ગતિ આગળ ધપી રહી છે અને આજે એ ગોઝારી ઘટનાને ૨૫ વર્ષના વ્હાણા પસાર થઇ ચુક્યા છે, પરંતુ આ કડવી સ્મૃતિઓ લોકોના મનમાંથી હજુ નીકળતી નથી. ભુજની સાંકડી શેરીમાં રહેતા નયનાબેન દર્શકભાઇ અંજારિયાએ સાથે જણાવ્યું હતું કે, ધરતીકંપ આવ્યો ત્યારે ડાંડા બજારમાં ખત્રી ચોકમાં આવેલું તેમનું વર્ષો જૂનું મકાન ધ્રુજવા લાગ્યું હતું આથી તેમનાં મમ્મી-પપ્પા મકાનની બહાર નીકળ્યા ત્યારે સામેના મકાનની છત પડતાં માતા જયાબેન લાલજીભાઈ ખત્રીનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું અને સદભાગ્યે પિતા લાલજીભાઈ બચી ગયા હતા.

# જૂનાગઢમાં છ વર્ષનાં બાળક પર શ્વાનના ટોળાએ કર્યો હુમલો, બાળકની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ જિલ્લાના બીલખા શહેરમાં શ્વાનનો આતંક સતત વધી રહ્યો છે. હવે રખડતા શ્વાન જીવલેણ હુમલો પણ કરી રહ્યાં છે. બીલખા શહેરમાં છ વર્ષના માસૂમ બાળક પર શ્વાનના ટોળાએ હુમલો કરીને તેને લોહીલુહાણ કરી દીધો હતો. બાળક ગંભીર રીતે ઘાયલ થયું હોવાથી તેને સત્વરે સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યું હતું. શ્વાન કરડ્યાં હોવાના કારણે બાળકને કમરની બંને બાજુ અને ગોઠણના ભાગે સાત ટાંકા આવ્યાં હતાં.

શહેરમાં શ્વાનનો આતંક વધી રહ્યો હોવાથી તંત્રની કામગીરી પર અનેક સવાલો થઈ રહ્યાં છે. બીલખાના મસ્જિદ નજીક રહેતા સોયેબભાઈ ભાદરકાના છ વર્ષના બાળક પર શ્વાનના ટોળાએ હુમલો કર્યો હતો. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે બાળક જ્યારે રમી રહ્યું હતું ત્યારે પાંચથી છ શ્વાને હુમલો કર્યો હતો, જ્યારે બાળકે ચીસો પાડી ત્યારે પરિવારજનો અને આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. લોકોએ શ્વાનના મોઢામાંથી બાળકને મહામહેનતે છોડાવ્યો હતો. અત્યારે બાળક હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે અને હાલત વધારે ગંભીર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ભાવનગરના વેળાવદર ગામે પરિવાર લગ્નમાં ગયો ને તસ્કરો મામેરું ભરી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર જિલ્લાના તળાજા નજીકના વેળાવદર ગામનો શ્રમિક પરિવાર સુરત ખાતે લગ્નમાં ગયો હતો.

આ પરિવાર ઘરે પરત ફર્યો ત્યારે બંધ કરીને ગયેલા મકાનના તાળાં તૂટેલા જોવા મળ્યા હતા. અંદર જોઈ તપાસ કરતા તસ્કરોએ રોકડ અને ઘરેણાં મળી કુલ રૂ.૧,૬૨,૦૦૦ની ચોરી કરી હોવાનું જણાતા પોલીસ ફરિયાદ કરી હતી.

મજૂરી કરીને પરિવારનો જીવનનિર્વાહ ચલાવતા ભોળાભાઈ ભાયાભાઈ જીંજાળા (૫૪)એ અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે અનુસાર પીપરલા રોડ પર પોતે રહે છે એ મકાનને બંધ કરી સુરત લગ્નમા ગયા હતા. રવિવારે વહેલી સવારે તેઓ પરત ફર્યા ત્યારે ઘરની અંદરનો સામાન વેરવિખેર હતો. ચોર ઈસમ દ્વારા દીકરીએ સાત વર્ષથી બચત કરેલા રોકડ રૂપિયા, ચાંદી અને સોનાના ઘરેણાં મળી કુલ રૂ.૧,૬૨,૦૦૦ ની ચોરી કરી ગયા હતા. વહેલી સવારે જ શ્રમિક પરિવારને પોતાના ઘરે ચોરી થયાનું ધ્યાને આવતા પરસેવો વળી ગયો હતો.

ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં ભૂતકાળમાં ચોરીના ગુનાઓમાં સંડોવાયેલા અનેક ઇસમો રહે છે, ત્યારે અહીં ચોરીને અંજામ આપનાર કોણ છે, તે બાબતે તળાજા પોલીસ તપાસ ચલાવી રહી છે.

# પદ્મશ્રી શહાબુદ્દીન રાઠોડનું નામ મતદાર યાદીમાંથી કમી કરવા ફોર્મ નં. ૭ ભરાતા વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં હાલ ચાલી રહેલા મતદાર યાદીના સુધારણા કાર્યક્રમ (સર) દરમિયાન એક ચોંકાવનારી વિગત સામે આવી હતી. જાણીતા હાસ્ય કલાકાર અને પદ્મશ્રી એવોર્ડ વિજેતા શહાબુદ્દીન રાઠોડનું નામ મતદાર યાદીમાંથી કમી કરવા માટે કોઈ અજાણ્યા શખસ દ્વારા ફોર્મ નંબર ૭ ભરી દેવામાં આવ્યું હોવાનો આક્ષેપ થયો હતો. આ ઘટના બહાર આવતા જ સ્થાનિક રાજકારણ અને સામાજિક ક્ષેત્રે ભારે ચકચાર વ્યાપી ગઈ હતી. ચોટીલાના પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ પુરાવા સાથે આ મામલે ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે જે વ્યક્તિ સમગ્ર શહેર, ગુજરાત અને દેશનું ગૌરવ છે, તેમનું નામ મતદાર યાદીમાંથી દૂર કરવા માટે જે રીતે ફોર્મ ભરાયું છે તે એક મોટા કાવતરાનો ભાગ છે. મકવાણાએ આક્ષેપ કર્યો હતો કે શાસક પક્ષને અનુકૂળ ન હોય તેવા અથવા વિરોધ પક્ષના સમર્થકોના નામ યાદીમાંથી વ્યવસ્થિત રીતે કાઢી નાખવાનું મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે. ચૂંટણી પંચના નિયમ મુજબ, ફોર્મ નંબર ૭ નો ઉપયોગ કોઈ પણ મતદારનું નામ યાદીમાંથી કમી કરવા અથવા તેની સામે વાંધો ઉઠાવવા માટે થાય છે. પૂર્વ ધારાસભ્યએ સવાલ ઉઠાવ્યો છે કે જો પદ્મશ્રી જેવી પ્રતિષ્ઠિત વ્યક્તિના નામ સાથે આવું થઈ શકતું હોય, તો સામાન્ય નાગરિકના મતાધિકારની સુરક્ષા શું? તેમણે આ મામલે તાત્કાલિક તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવાની માગ કરી હતી. આ મામલે કોંગ્રેસે ચૂંટણી પંચની ભૂમિકા સામે આંગળી ચીંધી હતી અને સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માગણી કરી હતી. ઉલ્લેખનીય છે કે, હાલમાં ગુજરાતમાં અંદાજે ૧.૭૨ કરોડ મતદારોને નોટિસ પાઠવવાની પ્રક્રિયા ચાલી રહી છે. કોંગ્રેસે ચીમકી આપી છે કે જો પાત્ર મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યાનું જાણમાં આવશે તો તેઓ રસ્તા પર ઊતરીને ઊગ્ર આંદોલન કરશે. આ અંગે શાહબુદ્દીનભાઈનો સંપર્ક સાધી શકાયો ન હતો. ચૂંટણી પંચના અધિકારીએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે કોઈપણ પાત્ર મતદારનું નામ મતદાર યાદીમાંથી કમી થશે નહીં. ફોર્મ ૭ ભરવાથી નામ કમી થતું નથી. મતદારને સુનાવણીની પૂરતી તક આપવામાં આવે છે. તેમણે ચૂંટણી પંચ નિયમાનુસાર કામ કરી રહી હોવાનું જણાવ્યું હતું.